Permitted to Post at PSO-AHD : On every Wednesday
Post Reg. No. GAMC-1438/2010-2012 Valid upto 31st December, 2012

છૂટક કિંમત : રૂપિયા ૧૦ ◆ પાના : ૦૮
Reg. under RNI No. GUJGUJ/2003/16248

# ધી ઇકોનોમિક રેવલ્યૂશન
## THE ECONOMIC REVOLUTION

સ્ટોક માર્કેટ અને આધુનિક આર્થિક પ્રવાહોની સચોટ માહિતી પ્રતિબિંબિત કરતું સફળ ગુજરાતી સાપ્તાહિક

Web site : www.theeconomicrevolution.com
Email : theeconomicrevolution@yahoo.co.in
Everythings that's on Money !!!

● વર્ષ : ૭ ● અંક : ૦૯ ● તા. ૨૩.૦૨.૨૦૧૦ થી ૦૧.૦૩.૨૦૧૦ ● ફાગણ સુદ ૦૯ થી ફાગણ વદ ૦૧ ● સં. ૨૦૬૬ ● તંત્રી : નરેન્દ્ર જોષી ●
● કાર્યાલય : ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, ટેલિફોન એક્સચેન્જ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મોબાઈલ : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

# અમેરિકન ફેડરલ બેંક દ્વારા વ્યાજ દરમાં વધારો : વૈશ્વિક અર્થતંત્ર માટે એક હકારાત્મક સંકેત

### શેરબજારની સમીક્ષા



**દિપક અમીન**
**મો. ૯૯૦૯૫૧૨૫૭૯**

નમસ્કાર મિત્રો,

ગયા સપ્તાહે શેર બજારોએ અમેરિકન ફેડરલ બેંકની જૂન ૨૦૦૬ બાદ સૌ પ્રથમ વાર ધીરાણના દરમાં ૦.૭૫ ટકાનો વધારો કરવાની જાહેરાત બાદ નરમ ગરમ બંધ રહ્યા. જો કે તેની સામે પ્રધાનમંત્રીની અર્થતંત્રની સલાહકાર સમિતિને હકારાત્મક નીવેદનનો અંદરખાને મોટા રોકાણકારો દ્વારા ટેકો મળતો ચોક્કસ જોવા મળતો જણાય હતો. આ સમિતિના અંદાજ મુજબ ચાલુ નાણાંકીય વર્ષમાં દેશનો જીડીપી વિકાસ દર ૭.૨ ટકા અને નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧ માં ૮ ટકા રહેશે. વધુમાં ભૂતપૂર્વ ગવર્નર અને આ સમિતિના ચેરમેન સી. રંગરાજન એ આશાવાદ વ્યક્ત કર્યો હતો કે ૨૦૧૦-૧૧માં ૮.૨ ટકા અને ૨૦૧૧-૧૨માં ૯ ટકા ના વિકાસદરનો અંદાજ રાખેલ છે. ચાલુ નાણાંકીય વર્ષ માટે સીએસઓ સંસ્થાનો ૭.૨ ટકાનો અંદાજ ઉપયુકત છે તેમ ઉમેર્યું હતું. શુક્રવારે બહાર પડેલા આ અંદાજના આંકડાઓ ઓક્ટોબરમાં બહાર પડેલા ૬.૫ ટકાન અંદાજ કરતા ઊંચા છે.

બજારોની વાત કરીએ તો સેન્સેક્સ અને નિફ્ટી સપ્તાહ દરમ્યાન અનુક્રમે ૦.૨૪ અને ૦.૩૭ ટકા જેવા સુધરીને બંધ રહ્યા હતા. ભારતી એરટેલનો શેર દક્ષિણ આફ્રીકાની ઝૈન ટેલિકોમ કંપની હસ્તગત કરવાની પ્રક્રિયાને પગલે ૧૧ ટકા ઘટ્યો હતો. અન્ય શેરોમાં રિલા. કોમ્યુ. ૫.૫ ટકા, યુનિટેક અને ડીએલએફમાં ૫ ટકાનો ઘટાડો નોંધાયો હતો. સ્મોલકેપ શેરોમાં અષ્ટવિનાયક ૨૧ ટકા, કેઆરબીએલ અને રામા ન્યુઝપ્રીન્ટ ૧૫ ટકા ઘટ્યા હતા. જ્યારે ફીરોસબ્જેક્ટ ટેક, જિંદાલ ફોટો અને હીન્દ રેકટીફાઈડ ૨૦થી ૨૫ ટકા વધ્યા હતા. વૈશ્વિક ખાંડના ભાવો તુટવાને પગલે સુગર સેક્ટરના શેરોમાં પણ કરેક્શન નોંધાયું હતું.

અત્યારે હાલમાં બજારો ૨૭ તારીખે પ્રસ્તુત થનારા બજેટની રાહ જોઈ રહ્યા છે. વિશેષજ્ઞો, અને બ્રોકરોના બે ભાગ પડી ગયા છે જેમાં એક વર્ગ બજેટ પહેલાં કે પછી એક મોટું કરેક્શન આવવાનું છે એમ ભારપૂર્વક જણાવે છે. જ્યારે બીજો વર્ગ ચાલુ ભાવે જે શેરોમાં વેલ્યુએશન શોધીને રોકાણની પેરવી કરે છે. આ બધાની વચ્ચે સામાન્ય રોકાણકારો માટે મુંજવણ ભર્યો પ્રશ્ન થઈ પડે છે.

વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં અગત્યની ઘટના બની તેમાં અમેરિકન ફેડરલ બેંક દ્વારા વ્યાજ દરમાં વધારો કરવામાં આવ્યો તેના બે અર્થ નિકળે છે. એક તો એ કે અમેરિકા માટે તેના અર્થતંત્રમાં હવે સુધારો થઈ રહ્યો છે અને સરકારી સહાય પાછી ખેંચી લેવી જોઈએ. જો કે આમાં ફેડરલ બેંકની મજબૂરી પણ છે. અમેરિકામાં બધુ સારું આવડે છે કે ક્યારે સલામ કરવું અને ક્યારે જુતું મારવું તે પોતાની વૈશ્વિક શકય રીતે ટકાવી રાખવી અને "હમ હમ હૈ" તેવા મતલબ નો સંકેત કઈ રીતે આપવો તેમાં ઉસ્તાદ છે. ચીનના ઉગ્ર વિરોધ છતાં પણ અમેરિકન પ્રમુખ ઓબામા દ્વારા શ્રી દલાઈલામા સાથેની મુલાકાતએ પ્રસંશનિય પગલું છે.

**માર્ક ફેબર અને જીમ રોજર આમનો સામનો :** વૈશ્વિક સ્તરે ફાઈનાન્સના આ બંને માંધાતાઓ ચીન પર જુદાજુદા વ્યૂહ ધરાવે છે. એ જગ જાહેર છે કે જીમ રોજર હમેશા ચીન પર સમરકંદ બુખારા તેજીમાં રહે છે જ્યારે તાજેતરમાં જ માર્ક ફેબર દ્વારા એક ઈન્ટર્વ્યુ માં એવો વ્યૂહ આપવામાં આવ્યો હતો કે ચીન ૩૦ વર્ષથી આર્થિક વિકાસ કરી રહ્યું છે અને તેનું અર્થતંત્ર બબલ તરીકે ભારત કરતા વધારે ભયજનક છે. આ વિશે અને આપને અગાઉ છેલ્લા ૩ મહિનામાં એફએમસીજી, એરલાઈન્સ અને ખાસ કરીને ડેબ્ટ ફ્રી કંપનીઓ એટલે કે દેવામુક્ત કંપનીઓની વારંવાર આપેલી ભલામણ કેવી રહી તેનું વિસ્તૃત અવલોકન આપીશું.

**ચીનનો ઉગ્ર વિરોધ હોવા છતાં શ્રી દલાઈલામા સાથે મુલાકાત કરીને અમેરિકન પ્રમુખ ઓબામાએ માથું ઊંચુ રાખ્યું છે. આ ઘટના બાદ ચીનની શાન થોડીક ઠેકાણે આવશે**

# બજેટ પછી મોટો ઉછાળો જોવા મળશે

### બજાર મારી દ્રષ્ટિએ



**યમલ વ્યાસ**
**મો. ૯૪૨૮૧૦૫૪૧૦**

બજારમાં હવે બજેટનો મૂડ આવી ગયો છે. અને ગયા સપ્તાહે જે પ્રકારે ઘટાડો જોવા મળ્યો તેની ઉપરથી એવું લાગે છે કે બજેટ પહેલાંના ચાર ટ્રેડીંગ સેશનમાં નિફ્ટી માટે ૪૭૫૦નું બોટમ મહત્ત્વનું બની રહેશે.

છેલ્લા કેટલાક સમયથી બજારમાં સુધારો ટકતો નથી અને ગયા સપ્તાહે પણ શરુઆતમાં નિફ્ટી ૫૦૦૦ના આંકની નજીક આવી ગયા બાદ પાછી પડી અને હવે નવા સપ્તાહે બજેટ પહેલાં એ ફરી ૫૦૦૦ની સપાટી નજીક આવે તેવી શક્યતા ખૂબ ઓછી લાગે છે.

બજારમાં હવે બજેટની અપેક્ષાઓ ડીસ્કાઉન્ટ થવા લાગી છે. અને જાણકારોના મત પ્રમાણે આ વર્ષે નાણાંમંત્રી કોઈ ખાસ મોટી છૂટછાટો આપે તેવી શક્યતા ખૂબ જ ઓછી છે. અત્યારે બજારના નિષ્ણાંતોના મત પ્રમાણે નાણાંમંત્રી બજેટમાં ગયા વર્ષે આર્થિક સ્ટીમ્યુલસના ભાગરૂપે જે કરવેરામાં છુટછાટો આપી હતી તે તબક્કાવાર પાછી ખેંચવાની જાહેરાતો કરે તેવી પુરી શક્યતા છે. જો નાણાંમંત્રી આવી કોઈ જાહેરાત કરશે તો તે બજાર માટે નેગેટિવ પુરવાર થશે. અત્યારે સરકાર સમક્ષ જે સળગતો પ્રશ્ન છે તે મોંઘવારીનો છે, અને તેને અંકુશમાં રાખવા આકરા પગલાં પણ અસરકારક નીવડે તેવું લાગતું નથી. માટે કદાચ કરદાતાઓ તથા પ્રજાનું ધ્યાન બીજે ફેરવવા નાણાંમંત્રી મોટી કરરાહતો આપે તેવી શક્યતાઓ માટે બજારનો એક વર્ગ આશા રાખી રહ્યો છે.

મારા માનવા પ્રમાણે નાણાંમંત્રીનું આ ટર્મનું બીજું બજેટ બજાર માટે આશ્ચર્યજનક પોઝીટીવ સમાચાર લાવશે અને બજેટ પછી બજાર એક મોટો ઉછાળો જોવા મળી શકે છે.

# બજેટ પહેલાંનું અઠવાડીયું થોભો અને રાહ જૂઓની નીતિ અપનાવવા જેવું છે

### ગોલ્ડ માઈન

**મોના વકીલ**

ઈન્વેસ્ટર મિત્રો,

મુંબઈ શેર બજારનો સુચકાંક શુક્રવારના રોજ ૧૦૦ પોઈન્ટ ઘટી ૧૬૧૦૦ ઉપર બંધ આવ્યો છે. અત્યારે પ્રોફીટ કરી કમાનારા વર્ગને શું કરવું એ સમજણ પડતી નથી. કારણ કે એક દિવસ બજાર વધે છે અને ત્યારબાદ બે દિવસ બજાર ઘટતું જાય છે. માટે ટ્રેડીંગ કરવાના દિવસો અત્યારે નથી લાગતા પણ લોંગ ટર્મ ઈન્વેસ્ટમેન્ટ અચુક માર્ચ મહિનામાં કરાય. કારણ કે માર્ચ મહિનામાં ભાવો ઘટેલા હોય છે. ત્યાર બાદ રોકડાની સ્ક્રીપોમાં મે જૂન મહિનામાં સારી એવી તેજી આવે છે.

અમારા અભ્યાસ પ્રમાણે યુએસ ફેડરલએ યુએસએ માં ડીસ્કાઉન્ટ રેટ ૦.૫ થી ૦.૭૫ કર્યા છે. એ વસ્તુ જે રાહત પેકેજ યુએસએમાં આપેલ તેના કાપની શરુઆત બતાવે છે. આ વસ્તુની શરુઆત ભારતીય બજેટમાં પણ થઈ શકે. જેના અનુસંધાનમાં અગાઉથી શેરોમાં ભાવ ઘટવા માંડ્યા છે. છતાં બે ત્રણ મહિના પછીથી તેજી તો સંભવ છે કારણ કે આ વર્ષે એગ્રીકલ્ચર ક્ષેત્રનું પર્ફોર્મન્સ ખૂબ સુંદર આવશે. જેથી જીડીપી રેટ વધી શકે છે.

છેલ્લા બે વર્ષથી મોટા પ્રમાણમાં ડેફીસીટ ફાઈનાન્સ ઈકોનોમી છે. આવું જો ચાલુ રહે તો વ્યાજના દર વધારવા પડે અને જે ઈકોનોમી ને નુકસાન કરે. આનો અર્થ એવો છે કે સરકારે જીડીપીના ૧ ટકા જેટલો ખર્ચમાં કાપ ઈકોનોમીમાં કરવો પડે. કેપીટલ એક્સપેન્સીસ ઘટાડી ના શકાય પણ અન્ય પ્રોડક્ટીવ ખર્ચા ચોક્કસ ઘટાડી શકાય.

ફોરેનથી આપણી ઈકોનોમીમાં પ્રવાહ ચાલુ રહે તો શેર બજાર માટે બુલિશ ફેક્ટર છે. આવનાર અઠવાડીયામાં નીચે પ્રમાણે વિચારી શકાય.

ગયા અઠવાડીયે જણાવેલ વામસી રબર અને સનફલેગ આયર્ન વધીને આવ્યા છે. જો કે આવી પરિસ્થિતિમાં ઝડપી તેજી ના આવી શકે છતાં આવા સુંદર ફન્ડમેન્ટલવાળા શેર ૬ મહિના રાખનારને સુંદર વળતર મળશે.

આ અઠવાડીયે નીચે પ્રમાણે વિચારી શકાય.

**૧. એપીએમ ઈન્ડસ્ટ્રીઝ**

**બીએસઈ કોડ. ૫૨૩૫૩૭** થી બીએસઈ ખાતે લીસ્ટેડ રૂ. ૪૨ માં મળતો ટેક્ષટાઈલ ક્ષેત્રનો સ્પીનીંગ ક્ષેત્રનો આ શેર અચુક લેવા જેવો છે. જેના કારણો નીચે મુજબ છે.

(૧) ટેક્ષટાઈલ ક્ષેત્રનું ભાવી ૨૦૧૦ના વર્ષમાં ખૂબ ઉજ્જવળછે.

(૨) આ કંપની ૪ કરોડ ૩૨ લાખની નાની કેપીટલ જેમાં પ્રમોટરનું હોલ્ડીંગ ૬૩ ટકા છે. એ કેપીટલ ઉપર વર્ષે ૨૦૦ કરોડનું ટર્નઓવર કરે છે. જે ખૂબ સુંદર કહેવાય.

(૩) ૩૦-૧૨-૦૯ના કવાર્ટરમાટે કંપનીએ ખૂબ સુંદર પરિણામો બતાવ્યા છે. ૫૪ કરોડના વેચાણ ઉપર બે કરોડ ૧૪ લાખનો નફો બતાવ્યો છે. જે આગલા વર્ષના આ કવાર્ટરના વાર્ષિક ઈપીએસ ભવિષ્યમાં ૨૦ રૂ.થઈ શકે છે. નફા કરતા ૮૭૨ ટકા વધારે છે. જે અતિ આકર્ષક છે.

(૪) કંપનીની બુક વેલ્યુ ૮૭ છે.

(૫) નાની કેપીટલ, તથા ભવિષ્યની ૨૦ રૂ.ની ઈપીએસ જોતા આ શેર ખૂબ નીચા પીઈથી મલે છે. ૪૨ રૂ. માં મળતો આ શેર અચુક લેવાય. અચુક લેવાય. બેથી ત્રણ મહિના પહેલા આ લેખમાં ૬૫ રૂ.માં લેવા જણાવેલ જે ત્રણ મહિનામાં હાલ ૧૦૫ રૂ. છે. આનું પુનરાવર્તનઆ શેર માં થઈ શકે.

**૨. મોદીસન મેટલ**

**બીએસઈ કોડ. ૫૪૬૨૬૧** થી બીએસઈ ખાતે લીસ્ટેડ રૂ. ૧નો ૨૨ માં મળતો આ શેર તેના તાજેતરના ફન્ડામેન્ટલને જોતા અચુક લેવા જેવો છે.

(૧) કંપનીની શેર મૂડી ખૂબ નાની એટલે કે ૩ કરોડ ૨૫ લાખની છે. જેમાં પ્રમોટરો, મ્યુચ્યુઅલ ફંડો, તથા ફોરેન સંસ્થાઓ સાથે ૭૦ થી ૭૨ ટકા શેર હોલ્ડીંગ મજબૂત હાથોમાં છે. ફલોટીંગ સ્ટોક ખૂબ ઓછો છે.

(૨) કંપનીએ ૩ કરોડ ૨૫ લાખની કેપીટલ ઉપર નફામાં ૪૬૭ ટકા નો ઉછાળો બતાવી ૩ કરોડ ૧૮ લાખનો નફો બતાવ્યો છે. આમ વાર્ષિક ઈપીએસ ૧૦ના શેર ઉપર ૪૦ આવી

**અનુસંધાન ૪ પાને**

# એમ એ સી ડી હિસ્ટોગ્રામ

### ટ્રેડર્સ માટે ટેકનીકલ એનાલીસીસ



**સંજય લાડ**
**મો. ૯૮૨૦૯૨૦૫૩૦**

**એમ એ સી ડી હીસ્ટોગ્રામ**

એમ એ સી ડી હીસ્ટોગ્રામ એ રુખ માટેનો સંકેત છે અને રુખનો બદલાવ જાણવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

**સર્વ સામાન્ય નિરિક્ષણ**

એમ એ સી ડી હીસ્ટોગ્રામ (એમ એ સી ડી - એચ) લંબરૂપ લીટીના બને છે અને એમ એ સી ડી લાઈન અને તેના સંકેતો વચ્ચેનો તફાવત દર્શાવે છે. એમ એ સી ડી હીસ્ટોગ્રામમાં બદલાવ એમ એ સી ડીના બદલાવનો સંકેત આપે છે.

આ સંકેતો દીશા, ઝીરો લાઈન ક્રોસઓવર અથવા તો એમ એ સી ડીના ડાયવર્જનથી ઉદ્ભવે છે.

એમ એ સી ડી - એચ બજારમાં ચાલી રહેલ ભાવને પ્રવૃત્તિને બદલે એમ એ સી ડી સાથે જ સરખાવવામાં આવે છે.

એમ એ સી ડી - એચ એમ એ સી ડી સાથે પૂરક સંકેતક તરીકે વપરાય છે.

**અર્થઘટન**

એમ એ સી ડી હીસ્ટોગ્રામ, એમ એ સી ડી અને તેના સંકેતો વચ્ચેનો તફાવત દર્શાવે છે. જયારે પણ એમ એ સી ડી સંકેતોની લાઈન પસાર કરશે, એમ એ સી ડી - એચ ઝીરો લાઈન પસાર કરશે.

જો એમ એ સી ડી લાઈન સીગ્નલ લાઈનના ઉપર હોય, તો હીસ્ટોગ્રામ હકારાત્મક અને અને બાર ઝીરો લાઈન ઉપર દોરાશે.

જો એમ એ સી ડી લાઈન સીગ્નલ લાઈનની નીચે હોય તો હીસ્ટોગ્રામ નકારાત્મક અને બાર લાઈન ઝીરો લાઈનની નીચે દોરાશે.

તેજી હોય કે મંદી,સોનાની ખાણ જેવા ફંડામેન્ટલ મજબૂત શેરોની એટલે કે
MIDCAP - MULTI BAGGER ટીપ્સ
માટે સાચા અને શાણા રોકાણકારો તાત્કાલિક ૦૯૯૨૫૦૦૨૬૧૯ પર સંપર્ક કરો અથવા તો log on
www.theeagleinvestor.co.in

બજારના સમયે લાઈવ મેસેજ આપના મોબાઈલ પર
ફક્ત માસિક રૂ. ૧૦૦૦
એસએમએસ દ્વારા બજારની સલાહ મેળવો એક સાથે ત્રિમાસિક ફી ભરનારને ૧૦ ટકા ડીસ્કાઉન્ટ વધુ વિગત માટે : નરેન્દ્ર જોષી, મો.૯૮૨૫૦૬૫૩૮૭



# ખટ્ટા-મીઠ્ઠા સટ્ટા

- નિશેષ જાની (મો) ૦૯૩૭૬૮૫૮૨૮૪, ૦૯૩૭૭૦૦૮૭૦૮

**નમસ્કાર મિત્રો,**

**વિતેલા સપ્તાહ દરમ્યાન આપણે જોયું કે અમેરિકન ફેડરલ બેંક દ્વારા વ્યાજદરમાં વધારો કરવાની ખબર બાદ વૈશ્વિક બજારોમાં ધ્રુજારી વ્યાપી હતી. જેમાં ભારતીય બજારો પણ બાકાત નથી રહી શક્યા. જો કે અમેરિકન બજારો અને યુરોપિયન બજારો ત્યાં આગળ પ્રવર્તી રહેલી આ બધી પરિસ્થિતિઓ છતાંય સારી સપાટીએ ટકી શક્યા છે તે એક અત્યંત હકારાત્મક પરિબળ છે. ખેર આગામી સપ્તાહે નીચેનાં શેરોમાં ધ્યાન રાખી શકાય. જો કે બજેટ જાય ત્યાં સુધી સાવચેતી પૂર્વક કામ કરવાની હિમાયત કરવામાં આવે છે અને બને તો ટ્રેડીંગથી દૂર પણ રહી શકાય તો સારું.**

**આગામી સપ્તાહે નીચેના શેરોમાં ધ્યાન રાખી શકાય.**

**ફાઈનાન્સિયલ ટેકનોલોજી :-** એમસીએક્સ અને એમસીએક્સ એસસી એક્ષચેન્જ ધરાવતી આ કંપનીનો શેર ૧૪૯૭ ની સપાટીએ બંધ રહ્યો છે. નચેમાં ૧૪૬૦ આજુબાજુ લેણ કરીને ૧૫૯૦ ઉપર નફો બુક કરવાનું વલણ રાખવું. ૧૪૪૫ સ્ટોપલોસ રાખવો.

**અલ્ટ્રાટેક સીમેન્ટ :-** ૧૦૨૭ ની સપાટીએ બંધ રહ્યો હતો. આપણે સીમેન્ટ શેરોમાં બાઈંગ ઈન્ટરેસ્ટ જોઈ રહ્યા છીએ. એફઆઈઆઈથી એફઆઈઆઈના સોદાઓમાં ગ્રાસીમના શેરમાં પીએનબી બાદ સારુ પ્રિમિયમ રહ્યું છે. અલ્ટ્રાટેકમાં ૯૯૫ આજબાજુ લેણ કરીને ૯૬૫નો સ્ટોપલોસ રાખવો અને ૧૦૪૫ અને ૧૦૬૫ નો ટાર્ગેટ રાખવો.

**મેક્ષ ઈન્ડિયા :-** ઈન્સ્યુરન્સ સેક્ટરની આ કંપની ૧૯૭ બંધ ભાવ રહ્યો હતો. જેમાં ટ્રેડર નીચેમાં ૧૯૬નીચે વેચીને ૧૮૬નો ટાર્ગેટ રાખી શકાય છે. સ્ટોપલોસ ૧૯૯નો રાખવો.

**ઈન્ડિયા ઈન્ફોલાઈન :-** બ્રોકરેજ સેક્ટરના આ શેરમાં ૧૧૧ બંધ ભાવ રહ્યો છે નીચેમાં ૯૮ નીચે લેણ કરીને ૯૪નો સ્ટોપલોસ રાખવો. અને ઉપરમાં ૧૦૮ અને ૧૧૬ અને વધુનો ટાર્ગેટ રાખવો.

**જીએમડીસી :-** ગુજરાત સરકાર હસ્તકની આ ખનીજ કંપનીનો બંધ ભાવ ૧૪૬ રહ્યો હતો. અહીંથી ૧૩૬ સુધી જાય તો લેણ કરીને ૧૩૧નો સ્ટોપલોસ રાખીને ૧૫૬, ૧૬૨ નો ટાર્ગેટ ધ્યાનમાં રાખવો.

# બજેટ સુધી સાવચેતીના સૂર નિફ્ટીમાં છેલ્લો સપોર્ટ ૪૭૫૦

**શરદ કોટક**

# બજેટ પહેલાં અને બજેટ પછી ૧૫૩૦૦ની સપાટી નિર્ણાયક બની રહેશે

**ફન્ડામેન્ટલ સ્ટોક ભલામણ :**
**સુઝલોન એનર્જી**
**ચાલુ ભાવ : ૭૦**
**ટાર્ગેટ ભાવ : ૧૫૦**

સુઝલોન એ વિશ્વની ત્રીજી સૌથી મોટી પવન ઉર્જા આધારિત કંપની છે. આ કંપની પોતાની પ્રોડક્ટ અને સર્વિસ વિશ્વના ૨૧ દેશોમાં પુરી પાડે છે. કે જેમાં ભારત અને ચીન જેવા ઝડપથી વિકસી રહેલા દેશોનો પણ સમાવેશ થાય છે.

"ગ્લોબલ વીન્ડ એનર્જી કાઉન્સિલ" નામની વૈશ્વિક કમિટીના આંકડાઓ મુજબ ૨૦૧૩ સુધીમાં હાલની ૧૨૦ ગીગા વેટ વીન્ડ પાવરની સરખામણીએ ૩૩૨ ગીગા વોટ વીન્ડ પાવર (પવન આધારિત ઉર્જા) નું ઉત્પાદન હશે. (૧ ગીગા વોટ = ૧૦૦૦ મેગા વોટ). એટલે કે વર્તમાન કેપેસીટીમાં ૨૧૨૦૦ મેગા વોટ નો ઉમેરો. અમેરિકા, ચાઈના અને ભારત તથા વૈશ્વિક સંગઠનો તરફથી વીન્ડ પાવર જેવી વૈકલ્પિક ઉર્જાના સ્ત્રોતોને મળી રહેલો પ્રતિસાદ અને ટેકાએ પણ આ કંપની માટે અને સેક્ટર માટે હકારાત્મક છે.

ભારતમાં પણ ઉર્જાની માંગ અને પુરવઠા વચ્ચે અત્યંત ખેંચતાણ છે. આ શોર્ટેજ વીન્ડ પાવર જેવા વૈકલ્પિક ઉર્જાના સ્ત્રોતોનું ઉત્પાદન અને વપરાશ વધારવા માટે દબાણ ઉભુ કરશે. અન્ય કારણોમાં વીન્ડ પાવર જેવા ઉર્જા વૈકલ્પિક સ્ત્રોતો પર્યાવરણ માટે બીન નુકસાનકારક હોયછે તેમજ તેના પ્રોજેક્ટ ઝડપથી હાથ ધરીને પુરા કરી શકાય છે.

હેંનસન કંપની અને "રી-પાવર" કંપનીને હસ્તગત કર્યા બાદ સુઝલોન કંપનીનું વેચાણ/ટર્નઓવર અને નફાકારકતા વધશે તેમજ તેના વેપાર વૈશ્વિક ફલક પર વિસ્તરણ પામી સ્થળલક્ષી જોખમ પણ ઘટશે.

ઉપરોક્ત ૨૧૨૦૦ મેગાવોટની કેપેસીટીની તકને ઝડપી લેવા માટે કંપનીએ મુડી ખર્ચનું આયોજન કરેલું છે કે જે આવનારા ૨ વર્ષ દરમ્યાન અમલીકરણ પામશે જેમાં ઈન્ટીગ્રેટેડ વીન્ડ ટર્બાઈન ઉત્પાદન માટે ૧૫ અબજ રુપિયા તેમજ ફોર્જીંગ ફાઉન્ડ્રીને મશીનીંગ સંશાધનો માટે ૧૧ અબજ રુપિયાનું મૂડી રોકાણનો સમાવેશ થાય છે.

**મ્યુચ્યુઅલ ફંડ ભલામણ :**
**જે.એમ. મીડ કેપ ફંડ**
**ભલામણ : રોકાણ તોડો**

**કારણ :** આ ફંડ દ્વારા રોકાણકારોને સારું વળતર આપવામાં નિષ્ફળ રહ્યું છે તેમજ એ બેંચમાર્ક ઈન્ડેક્ષને આઉટપર્ફોર્મ કરવામાં પણ નિષ્ફળ રહ્યું છે.

**બજારો માટેનો સાપ્તાહિક વ્યૂહ :**
ટેકો : ૪૭૦૦/૪૬૦૦/૪૫૫૦
પ્રતિકારક સપાટી : ૪૯૦૭/૪૯૭૦/૫૦૫૦

**૧. ટેકનીકલ એનાલિસીસની દ્રષ્ટિથી :** ફરી વાર ટ્રેન્ડ રિવર્સલ પછી વધુ કરેક્શન? એક યક્ષ પ્રશ્ન. ૪૭૦૦ થી ૫૩૦૦ સુધી બજારોમાં ૧૧ ટકા નોંધાઈ ચુક્યું છે.

પ્રિય ટ્રેડર અને ઈન્વેસ્ટર મિત્રો, ચાલો ફરી વાર આપણે બજારોને ટેકનીકલ અને ફંડામેન્ટલ એનાલીસીસ બંને ની એરણ પર વિવિધ થિયરી દ્વારા ચકાસીએ.

ગયા સપ્તાહે આપણે બજારોને ૫ થિયરી દ્વારા પૃથક્કરણ કરીને ચકાસ્યા અને ૧૫૩૦૦ નું લેવલ તેમાં અગત્યનું ઉપસીને આવ્યું હતું. તે મુજબ જ્યાં સુધી આપણે આ સપાટી ટકાવી રાખવામાં સફળ થઈએ છીએ ત્યાં સુધી બજારો માટે વધારે ભયજનક સ્થિતિ નથી.

અત્રે આપણે સેન્સેક્સનો નવીન ચાર્ટ આપ્યો છે જેમાં ઈલીયોટ વેવ પર, ટેકનીકલ "એ,બી,સી કોમન ફ્લેટ" / ટ્રાયેંગલ ફોર્મેશન બનવા પામી છે. તે મુજબ જો સેન્સેક્સ બજેટના ઉહાપોહ બાદ ૧૫૩૦૦નું લેવલ જાળવી રાખે છેતો આ થિયરી મુજબ ત્રીજો તબક્કો ચાલુ થશે એ જે અત્યંત સ્ફોટક હશે અને ૧૯૩૦૦ થી ૧૯૬૦૦ સુધી લઈ જશે.

વેવ થિયરી મુજબ પ્રથમ વેવ તબક્કો શરુઆતમાં ટ્રેડરો અને કન્ટ્રેરિયન રોકાણ વ્યૂહ ધરાવતા રોકાણકારો દ્વારા બને છે.

જ્યારે કરેક્શન વાળો બીજો વેવ પુરો થયો છે અને ત્રીજો વેવ શરુ થયો છે કે જે પ્રથમ વેવને ક્રોસ કરે છે. ત્યારે આ તબક્કો ઉપરોક્ત સમજ્યા મુજબ પ્રથમ વેવમાં

**પેનિક એન્ડ પ્રોફીટ**



**નિશેષ એમ. જાની**
**મો.**
**૯૩૭૬૮૫૮૨૮૪**
**૯૩૭૭૦૦૮૭૦૮**

પ્રવેશીને નિકળી ગયેલા શરુઆતન ટ્રેડરો અને કન્ટ્રેરિયન ઈન્વેસ્ટર્સનું ધ્યાન ખેંચે છે. કે જેઓ બીજા વેવના કરેક્શનમાં નિકળી શક્યા નહીં. હવે આ વેવના ત્રીજા વેવમાં બજારો વધવાને લીધે બજારની તેજી પર વધારે વિશ્વાસ આવવાથી આ સમયે ભાવો અને વોલ્યુમ બંને વધારે ઝડપે વધવા લાગે છે. આમ જેઓ બીજા વેવમાં એન્ટર થવાનું ચુકી ગયા હતા અને જો પ્રથમ વેવમાં એન્ટર થતા હતા તેઓ વધારે એગ્રેસીવ બનવાથી થિયરીની ધારણા પ્રમાણે આ વેવ સ્ફોટક બની રહે છે.

આમ ટેકનીકલી આપણે ધારી શકીએ કે જો ઈન્ડેક્ષ બજેટ બાદ કોઈ ખરાબ સમાચાર વગર ૧૫૩૦૦ની સપાટી જાળવી રાખે છે તો ટૂંક સમયમાં ત્યાંથી ત્રીજો સ્ફોટક વેવ શરુ થઈ શકે છે. જેમાં ૧૯૩૦૦ અને ૧૯૬૦૦ ના ટાર્ગેટ મળી શકે છે.

સામાન્ય ઈલીયોટ વેવ અથવા ડાઉ થિયરી ને અનુસરવા ૧૫૩૦૦નો સ્ટોપલોસ રાખીને ૧૭૫૦૦ અને ૧૭૮૦૦ ના લેવલ પર એન્ટ્રી કરશે તેથી તેવો ૧૯૩૦૦ અને ૧૯૬૦૦ જેવા ટાર્ગેટનો ભાવ લાવી શકે.

**(૨) ફંડામેન્ટલ એનાલિસીસ પ્રમાણે :** ઔદ્યોગિક ઉત્પાદન, નિકાસના આંકડાઓ, ત્રિમાસિક પરિણામો વગેરે જેવા અર્થતંત્રના સુચિતાર્થોમાં હકારાત્મક સુધારો આવી રહ્યો છે. ભારતીય બજારોમાં પ્રવેશવા માટે ઘણુ બધુ નાનું સાઈડ લાઈન પર રાહ જોઈ રહ્યું છે.

જેમાંથી લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન માર્ચના અંત સુધીમાં ૧૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ લાવવાની છે. જો આપણે ઈન્શ્યોરન્સ કંપનીઓનો ત્રિમાસિક ડેટા તપાસીએ તો બધી કંપનીઓએ થઈને ૩૦,૦૦૦ કરોડ જેવું કલેક્શન કર્યું છે. જો આપણે આ વીમા કંપનીઓના બધા જ પોલીસી હોલ્ડરે ભરેલા પ્રિમિયમની ગણતરી કરીએ તો શેર બજારોમાં આ વીમા કંપનીઓ દ્વારા ઘણા પૈસા ઠાલવવાની ગણત્રી કરી શકાય.

આ સિવાય આપણે મ્યુચ્યુઅલ ફંડની વાત કરીએ તો મોટા મ્યુચ્યુઅલ ફંડ ગૃહોએ ચાલુ વર્ષ દરમ્યાન પણ ચોખ્ખા રોકાણકારોનો ઈન્ફ્લો રહ્યો છે તે પૈસા પણ બજારોમાં આવવા માટે બજેટની રાહ જોઈ રહ્યા છે.

આમ પ્રાદેશિક સ્તરે જોઈએ તો નાના પ્રવાહીતા મોર્ચે કોઈ પ્રશ્ન કે સમસ્યા જણાતી નથી. જો કે આ તબક્કે મોટી સમસ્યા એ દેશની નાણાંકીય ખાધ અને ફુગાવાનો દર છે. જોકે સરકારના કહેવા મુજબ આ નાણાંકીય ખાધએ મોટો પ્રશ્ન નથી કારણ કે સરકારની ડીસઈન્વેસ્ટમેન્ટ પ્રક્રિયા દ્વારા વાર્ષિક ૫૦૦૦૦ કરોડ ઉભા કરવાનું આયોજન છે.

ઉપરાંત ટેલીકોમ સેક્ટરની ત્રીજી નિલામી પ્રક્રિયા પણ સરકારને લગભગ ૩૫૦૦૦ કરોડ જેવું ભંડોળ અપાવશે. ઉપરાંત પેટ્રોલિયમ પેદાશોનો ભાવમાં વધારો કરવાથી પણ સરકારની આવક વધશે.

હવે બીજો મોટો પ્રશ્ન રહ્યો ફુગાવાના દરનો. જો ફુગાવાનો દર અર્થતંત્રના વિકાસ સાથે વધી રહ્યો છે ત્યાં સુધી કોઈ ભય નથી કારણકે તેનાથી સાથે સાથે ઉત્પાદન અને લોકોની આવક સપાટી પણ વધશે.

ભાવ વધારો એ જેન્યુઈન માંગ આધારિત હોવો જોઈએ અને નીચે ઉત્પાદન એટલે કે ઓછો સપ્લાય ને કારણે નહીં. આમ વધુ ઉત્પાદન એ જીડીપી અને વધતી આવકોમાં રુપાંતરિત થશે જે એક ઉત્તમ પ્રક્રિયા છે વિકાસ માટેની.

ટૂંકાગાળા માટે બજારો ટેકનીકલી લેવલ પ્રમાણે ચાલશે પરંતુ લાંબાગાળે બજારો અર્થતંત્રના મજબૂત ફન્ડામેન્ટલને આધારે જીડીપી વિકાસ અને કંપનીઓની નફાશક્તિને આધારે વધશે.

વિશ્વના ઈન્વેસ્ટમેન્ટ ગુરુ વોરેન બફેટના ગુરુ બેન્જામીન ગ્રેહામનું પ્રખ્યાત સુત્ર ચે કે ટૂંકાગાળા માટે બજારો એક વોટિંગ મશીન છે જ્યારે લાંબાગાળે તે એક વજન કરવાનું મશીન છે.

અમે દ્રઢ પણે માનીએ છીએ કે અત્યારે બજારોમાં ઊંચુ વળતર અપાવે તેવી ઘણી તકો મોજૂદ છે કે જેને વિશિષ્ટ અને નિડર રિસર્ચ અને એનાલિસીસ દ્વારા ઉઘાડી પાડવાની જરુર છે.

આવા સમયે સક્રિય પોર્ટફોલિયો મેનેજમેન્ટ એ બિનસક્રિય જેવા કે ઈન્ડેક્ષ ફંડમાં રોકાણ વિગેરે માધ્યમો ને આઉટપર્ફોર્મ કરી શકે છે.

ઉપરાંત ભારતમાં વીમા કંપનીઓ ની યુલિપ પ્રોડક્ટનો પણ સારો વિકાસ છે કે જેના પૈસા પણ બજારોમાં ઠલવાતા રહે છે.

આ સિવાય મ્યુચ્યુઅલ ફંડ ઈન્ડસ્ટ્રીમાં ઓનલાઈન ઈન્ટરનેટ માધ્યમ દ્વારા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવાની સરળતા અને ટેકનોલોજી સીસ્ટમ લાગુ પડતાં શહેરી અને બિનશહેરી પ્રદેશોમાંથી અતિ ઝડપે લોકો ની બચત રોકાણ માટે બજારોમાં આવશે.

**સારાંશ :-** આમ ઉપરોક્ત રીતે ફંડામેન્ટલ અને ટેકનીકલ પ્રમાણે પૃથક્કરણ કરતા જણાય છે કે બજારોમાં ટ્રેન્ડ રિવર્સલ થવાના ચાન્સીસ છે અને કરેક્શનના સમયમાં વેલ્યુ બાઈંગની તક ઝડપી લેવી જોઈએ. આ માટે તમારે ફુલટાઈમ પોર્ટફોલિયો મેનેજરનો સંપર્ક સાધવો જોઈએ.

**બજેટમાંથી અપેક્ષાઓ :-**
એક્સાઈઝ ડ્યુટીમાં વધારો - નકારાત્મક

સર્વિસ ટેક્ષ દરમાં ૧૦ ટકામાંથી વધારીને ૧૨ ટકા સુધી વધારો નકારાત્મક.

કેન્વર્ટ એટલે કે સેન્ટ્રલ વેલ્યુ એડેડ ટેક્ષમાં વધારો - નકારાત્મક

પ્રત્યક્ષ અને પરોક્ષ વેરાને માળખામાં ફેરફારો.,
(૧) ડાયરેક્ટ ટેક્ષ કોડ (ડીટીસી)
(૨) ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્ષ (જીએસટી)

ત્રણ અગત્યના નાણાંકીય ખરડાઓ :

૧. પેન્શન ફંડ રેગ્યુલેટરી અને ડેવલપમેન્ટ ઓથોરિટી
૨. ઈન્સ્યુરન્સ બિલ
૩. બેંકિંગ રેગ્યુલેશન (એમેન્ડમેન્ટ) બિલ

**અગાઉ આપણે લગાતાર અમારી વિશિષ્ટ ટેકનીકલ થિયરી પ્રમાણે બજારો, કોમોડિટીઓ અને શેરોના અદ્દભૂત ઉપરના અને નીચેના ટાર્ગેટ આપેલા અને બધા એચિવ થયેલા. આ વખતે વિશિષ્ટ ટેકનીકલ થિયરી પ્રમાણે નીચેના ટાર્ગેટ બેસે છે.**

**શ્રી રામ ફાઈનાન્સ : વેચો, ટાર્ગેટ ૨૫૦**
**એક્સાઈડ ઈન્ડ. : વેચો, ટાર્ગેટ ૫૦**

# યુરોપિયન કરન્સી યુરોના ઘટાડાથી સોનામાં સલામત માંગથી સપોર્ટ જોવા મળ્યો

ગયા સપ્તાહમાં વિવિધ કોમોડિટીમાં ઉતાર ચઢાવનો માહોલ જોવા મળ્યો. યુરોપિયન કરન્સી યુરો ડોલર સામે ઘટતાં યુરોમાં ગોલ્ડમાં નવો હિર જોવા મળ્યો છે તેમજ કરન્સીમાં વોલેટીલિટીનું પ્રમાણ વધવાની સાથે ફરી એક વાર સોનામાં એક સલામતી રોકાણનો ધસારો જોવા મળ્યો હતો.જ્યાં ફેડ તેના લેન્ડીંગ રેટમાં વધારો કરતા એક ફરીથી સોનામાં ઘટાડા તરફી વલણ જોવા મળ્યું હતું. પણ કરન્સીમાં વધઘટથી એક વૈકલ્પિક લેવાની જોવા મલી. બેઝ મેટલમાં પણ સુધારો જોવા મળ્યો હતો. ક્રૂડ ઓઈલમાં વધારો જોવા મળ્યો. આગામી સપ્તાહમાં વિવિધ કોમોડિટીઝમાં વોલેટાઈલ મુવમેન્ટ જોવા મળે. ચીનનાં માર્કેટ બંધ હતા જેથી એકદમ કોઈ પરફેક્શન તેજીનું પિક્ચર જોવા મળ્યું નથી. સાથે આઈએમએફના ગોલ્ડ વેચાની જાહેરાતથી ફરી પેનીકનો માહોલ જોવા મળ્યો હતો. પણ વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલે જણાવ્યું હતું કે ગોલ્ડ વેચવું છે તેનાથી ગોલ્ડ માર્કેટમાં કોઈ મોટી અસર નહીં પડે.

**એનર્જી :**

**ક્રૂડનો ક્યાસ :** આંતરરાષ્ટ્રીય ક્રુડે સાપ્તાહિક બંધ ૮૦ ડોલરની ઉપર જોવા મળ્યું છે. ફેડના લેન્ડીંગ રેટમાં વધારા થી અર્થતંત્રના સેન્ટીમેન્ટમાં સુધારાથી માંગ વધવાના આશાવાદથી લેવાલી જોવા મળી હતી. ક્રૂડમાં રેન્જ ૭૬ થી ૮૪ ડોલરની થઈ છે. ટૂંકાગાળામાં રેન્જ બાઉન્ડ ટ્રેડીંગ જોવા મળે. નીચેમાં ૭૬ ડોલર પર સપોર્ટ લેવલ છે. ઉછાળે ઘટાડો આવતો રહેશે. એમસીએક્સમાં ઉપરથી ૩૭૫૮-૩૮૧૨ રેસીસ્ટન્સ લેવલ છે. જ્યાં નીચે ઘટતા ૩૬૮૦ થી ૩૬૪૨ લેવલ ધ્યાનમાં લેવા. નીચેમાં સપોર્ટ ૩૫૧૨ છે પર છે. રેન્જ મોટી જોવા મળે. ઉપરથી ઘટાડો જોવા મળી શકે.

**હોટ કોમોડીટીઝ**



**પ્રતિક સોની**
**મો.**
**૯૫૩૭૨૦૧૯૭૭**

**નેચરલ ગેસ :** નેચરલ ગેસમાં ઘટાડા તરફી રુખ જારી છે. નીચેમાં ૨૩૦ થી ૨૨૫ નું લેવલ જોવા મળે. વીકલી ચાર્ટ બેરીશ છે જેની ઉપર બંધ આપે તો જ ઉપર ૨૪૮ થી ૨૫૩નું લેવલ આવે.

**બેઝ મેટલ :** કોપરમાં ઉપરના ૩૪૦ ઉપરનુ લેવલ જોવા મળ્યું. ચીનનું માર્કેટ બંધ હતું ત્યાંથી કોઈ ક્લીયર ટ્રેન્ડ જોવા મળ્યો નથી. આવતા સપ્તાહમાં ૩૪૮-૩૫૩નું રેસીસ્ટન્સ લેવલ છે. ઉપરમાં નફારુપી વેચવાલી જોવા મળે. નીચેમાં ૨૩૫-૨૨૮ સપોર્ટ લેવલ છે. નિકલમાં ઉપર તરફની રુખ છે. ૯૭૦ થી ૯૯૨ અતિ મહત્વના લેવલ છે. નીચેમાં ૯૨૨ થી ઘટતા ૮૮૨નું લેવલ જોવા મળે. સપોર્ટ ૮૭૦ પર છે. માર્ચ લીડમાં ૧૧૧-૧૧૪ રેજીસ્ટન્સ લેવલ છે. નીચે૧૦૮ની નીચે જતા ૧૦૪ નું લેવલ જોવા મળે. સપોર્ટ લેવલ ૧૦૧ પર છે. ટૂંકાગાળામાં ૧૦૧ તી ૧૧૨ ની રેન્જ જોવા મળે.

**સોનાની સ્ટ્રેટેજી :** આંતર રાષ્ટ્રીય સોનામાં ૧૧૨૭ ડોલરનું મહત્ત્વું લેવલ છે. તેની ઉપર બંધ આપે તો ૧૧૪૦ ડોલર જોવા મળે. નીચેમાં ૧૦૯૨ ડોલર પર સપોર્ટ લેવલ છે. જે તૂટતાં ઘટાડો જોવા મળે. બંને તરફી રુખ જોવા મળે. એમસીએક્સ સોનામાં ૧૬૯૧૦ ઉપર જતા ૧૭૦૦૦ થી ૧૭૦૮૦ નું લેવલ જોવા મળે. ઉપરમાં ૧૭૨૦૦ની સપાટી પ્રતિકારક બની રહેશે. નીચેમાં ૧૬૫૮૦ નું લેવલ ધ્યાનમાં લેવું. જો તેની નીચે બંધ આપે તો ફરીથી ઘટાડાનો દોર જોવા મળી શકે. ત્યાંથી ૧૬૪૨૦ જોવા મળી શકે. પોઝીશનલ સપોર્ટ ૧૬૨૦૦ પર છે.રેન્જ બંને તરફી મોટી છે. સ્ટોપલોસ રાખી વેપાર કરવો. ડોલર ઈન્ડેક્ષ મહત્ત્વ ભાગ ભજવશે. કરન્સી વોલેટાલીટીથી એક સપોર્ટ જોવા મળે.

**ચાંદીની ચાલ :** આંતરરાષ્ટ્રીય ચાંદીમાં ૧૬.૫૦ ડોલરનું મહત્ત્વનું લેવલ છે. તેની ઉપર બંધ આપતા તેજી તરફી રુખ જોવા મળે. તો ઉપરમાં ૧૭-૧૭.૫૦ ડોલર જોવા મળે. નીચેમાં ૧૫.૫૦ ડોલર ધ્યાનમાં લેવું. જો તેની નીચે બંધ આપે તો ઘટાડો જણાય. એમસીએક્સમાં ૨૪૫૦૦ થી ૨૬૦૦૦ ની રેન્જ છે. જ્યાં ૨૬૦૦૦ થી ઉપર જતાં ૨૬૪૦૦ થી ૨૬૮૦૦નું લેવલ જોવા મળે. નીચે ૨૪૫૦૦ પર સપોર્ટ છે જે ધ્યાનમાં લેવો. તેનીનીચે બંધ આપતા લેણના સોદા કાપી નાખવા. બંને તરફી મોટી રેન્જમાં ટ્રેડીંગ જોવા મળે.

# શેર બજારમાં મિશ્ર રુખની સંભાવના

ભારતીય શેર બજાર માટે વર્ષ ૨૦૧૦ નું ફેબ્રુઆરી માસનું અંતિમ સપ્તાહ જેની શરુઆત ૨૨ ફેબ્રુઆરીથી થશે અને ૨૬ ફેબ્રુઆરી સુધી ચાલશે. જેમાં અવકાશીય ગ્રહ સ્થિતિ અનુસાર મિશ્ર રુખની સંભાવના દર્શાવે છે.

આ સપ્તાહ દરમ્યાન અવકાશીય ગ્રહ સ્થિતિ જોઈએ તો આ સપ્તાહની શરુઆતમાં સુર્ય, ગુરુ અને શુક્ર ગ્રહ કુંભ રાશીમાં, મંગળ કર્ક રાશીમાં, બુધ મકર રાશીમાં, શનિ કન્યા રાશીમાં તથા રાહુ અને કેતુ ધન રાશીમાં અને મિથુન રાશીમાં વિચરણ કરી રહ્યા છે. આ બધા ગ્રહ સંયોગ ભારતીય શેર બજાર માટે મોટા ઉતાર ચઢાવની સંભાવના વ્યક્ત કરે છે.

આ સપ્તાહની શરુઆતમાં શેર બજારમાં થોડી ખરીદારીનો મહોલ જોવા મળી શકે છે. પરંતુ સ્થિરતા રહેવાની સંભાવના નહીંવત છે. એટલે રોકાણકારોએ થોડો લાભ મળતો હોય

**દિવ્ય દ્રષ્ટિ**



**કરુણા જૈન**
**મો.**
**૦૯૯૨૯૧૧૮૭૦૦**
**www.majormoney.in**

તો તે ઘેર લઈ જવો હિતાવહ રહેશે. આ સપ્તાહે વક્રી મંગળનો બુધ સાથે દ્રષ્ટિ સંબંધ છે. સાથે સાથે સૂર્ય, ગુરુ અને શુક્ર સાથે દ્રષ્ટિ સંબંધ સ્થાપિત કરે છે. એટલે આ સપ્તાહે પાંચ ગ્રહોનો પરસ્પર દ્રષ્ટિ સંબંધ ભારતીય શે બજારમાં અસ્થિરતા લાવી શકે છે. અંતમાં બુધ ગ્રહપણ પોતાની રાશી પરિવર્તન કરીને કર્ક રાશીમાં પ્રવેશ કરશે. આ ગ્રહ સંયોગ ઉતાર ચઢાવની સંભાવના વ્યક્ત કરે છે.

આ સપ્તાહે રોકરાણકારોએ બેંકિંગ, રેલવે, હાઉસિંગ, ફાર્મા, ટેક્ષટાઈલ, આઈટી વગેરે ક્ષેત્રોની કંપનીઓ પર નજર રાખી શકે છે.

આ સપ્તાહે કર્ક રાશીવાળા શરુમાં આર્થિક લાભ પ્રાપ્ત કરી શકે છે. પરંતુ સપ્તાહના અંતમાં સાવધાની રાખવી હિતાવહ રહેશે.

ઉપરોક્ત બધી ભવિષ્યવાણી આકાશીય ગ્રહ સ્થિતિને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલ છે. લેખકનો આમાં કોઈ અંતરંગ સ્વાર્થ નથી.

# નિફ્ટી ૪૯૨૦-૪૯૫૦ની પ્રતિકારક સપાટી રહેશે

**નિફ્ટી (૪૮૪૪.૯૦) :**

ગત સપ્તાહમાં અમોએ જણાવેલ હતું કે ૪૮૫૦ની પ્રતિકારક સપાટી પાર કરતા નિફ્ટી ૪૯૨૦ તેમજ ૪૯૫૦ નિફ્ટી માટે પ્રતિકારક સપાટી બની રહેશે. તે જ પ્રમાણે નિફ્ટી અમોએ જણાવેલ પ્રતિકારક સપાટી ૪૯૨૦ ઉપ બંધ આપવામાં નિષ્ફળ ગઈ હતી. ગુરુવારે ફેડરલ રિઝર્વે લેન્ડિંગ રેટમાં ૦.૦૨૫ ટકાનો વધારો જાહેર કર્યો હતો. જે લેન્ડીંગ રેટ ૦.૫૦ ટકા હતો તે શુક્રવારથી ૦.૭૫ ટકા અમલમાં લેવાશે. આ જોતાં એશિયાના બજારો નરમાઈ સાથે બંધ રહ્યા હતા. તેમજ વૈશ્વિક બજારોને સાથ આપતા શુક્રવારે ભારતીય બજારોમાં પણ વેચવાલી જોવા મળી હતી. આમ નિફ્ટી સાપ્તાહિક ૦.૪૦ ટકાનો સુધારો દર્શાવવામાં સફળ રહી હતી.

**આવતા સપ્તાહમાં નિફ્ટી :**

આવતા સપ્તાહ માટે અમારો નિફ્ટીનો વ્યૂહ રેન્જ બાઉન્ડ રહેશે,

**ડ્રીમ સ્ટોક**



**દિગેશ શાહ**
**(CFA)**
**મો.**
**૯૮૯૮૪૦૩૦૯૦**
**E-mail digesh_life@yahoo.com**

જ્યાં સુધી નિફ્ટી ૪૯૨૦-૪૯૫૦ની પ્રતિકારક સપાટી ભારે કામકાજ સાથે પાર ન કરે તેમજ ૪૭૩૦-૪૭૫૦ એક મહત્ત્વની ટેકાની સપાટી બની રહેશે. આવતા સપ્તાહમાં બજેટની તારીખ છે. જે શુક્રવારે તા. ૨૬ ફેબ્રુઆરીના રોજ છે. આ જોતા નિફ્ટી ૪૮૦૦-૪૯૫૦ ની રેન્જમાં રહેશે. ૪૭૩૦-૪૭૫૦ સાપ્તાહિક ધોરણે બંધ આવતા નિફ્ટી ૪૬૦૦ સુધી જઈ શકે છે.

**ટૂંક સમયમાં રોકાણ માટે :**

**સાસુન કેમિકલ (૩૯.૧૦) :** આ શેર ૪૦ ની ઉપર બંધ આવતા ૪૪-૪૫ સુધીનો સુધારો દર્શાવી શકે છે. ૩૭.૩૦ એ મહત્ત્વની ટેકારુપી સપાટી ગણાય.

**બીઓસી (૨૧૯.૩૦) :** આ શેર વર્તમાન ભાવથી ૨૫૫-૨૬ ના ભાવને ધ્યાનમાં રાખી ૨૦૨.૩૦ના સ્ટોપલોસ સાથે ખરીદી શકાય.

**એચપીસીએલ (૩૫૫.૩૦) :** આ શેર ૩૫૯ ઉપર બંધ આવતાં ૩૭૦ અને ત્યાર બાદ ૩૮૬ની સપાટી દર્શાવવા સક્ષમ છે. ૩૪૪.૪૫ મહત્ત્વની ટેકારુપી સપાટી ગણવી.

# આગામી સપ્તાહે પરિસ્થિતિ સાનુકુળ નહીં હોય તેથી સાવચેતી રાખો અને લાંબી પોઝીશન લેવાનું ટાળો

**તા. ૨૨.૨.૨૦૧૦ થી તા. ૨૬.૨.૨૦૧૦**

**સાપ્તાહિક ગ્રહોની સ્થિતિ :**

ચંદ્ર વૃષભ, કર્ક અને મીથુનમાં ભ્રમણ કરશે, દુર્બળ અને પ્રતિગામી મંગળ કર્કમાં, કેતુ મિથુન રાશીમાં, નબળો શનિ કન્યા રાશીમાં, રાહુ અને પ્લુટો ધન રાશીમાં, બુધ કુંભ રાશીમાં, સૂર્ય, ગુરુ શુક્ર અને નેપ્ચ્યુન કુંભ રાશીમાં, યુરેનસ મીન રાશીમાં, બુધનો ગ્રહ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૦ ના રોજ કુંભ રાશીમાં પ્રવેશ કરશે.

ગુરુનો ગ્રહ કુંભ રાશીમાં તા. ૨૦મી ડીસેમ્બર ૨૦૦૯ ના રોજ પ્રવેશેલ છે. સામાન્ય રીતે આ ગ્રહ એક ગૃહમાં ૩૬૫ દિવસ રહેતો હોય છે. આ વખતે એ ખૂબ ઝડપથી પરિભ્રમણ કરી રહેલ છે અને આ ગૃહમાં માત્ર ૧૩૨ દિવસ જ રહેનાર છે. તેનો અર્થ એ કે ગુરુ ગ્રહ જે સેકટરનું પ્રતિનિધિત્વ કરે છે તે પણ ઝડપી ગતિ દર્શાવી શકે. આ ઉપરાંત વર્ષ ૨૦૧૦ માં ૨ + ૦ + ૧ + ૦ = ૩ અનો નં. ૩ પણ ગુરુના ગ્રહનું પ્રતિનિધિત્વ કરે છે.

**ચેતવણી :**

મંગળનો ગ્રહ સામાન્ય રીતે એક ગૃહમાં આશરે ૪૫ દિવસ રહે છે. હાલમાં તે કર્કમાં (કર્ક એક રાશી છે) ૨૩૨ દિવસ રહેશે જે ખૂબ જ અસામાન્ય બાબત છે.

**એસ્ટ્રોલોજી અને સ્ટોક માર્કેટ**



**સતીષ ગુપ્તા**
**મો.**
**૦૯૮૧૧૭૩૮૩૬૬**
**૦૯૮૧૦૦૧૮૪૩૮**
**http://www.astrostocktips.in**
**astrostocktips@rediffmail.com**

આ સમય દરમ્યાન ૨૦મી ડીસેમ્બર ૨૦૦૯ થી ૧૦ માર્ચ ૨૦૧૦ સુધી તે નબળાઈભર્યો રહેશે. મંગળ એ ખૂબ જ આક્રમક ગ્રહ ગણાય છે અને કોઈ પણ કાર્ય માટે જવાબદાર ગણાય છે. અલગ અલગ જન્મકુંડળીમાં તે જે પોઝીશન રાખી રહેલ તે આધારે સારી અથવા તો નરસી અસરો દર્શાવી શકે તેથી આ ગ્રહદશાને ધ્યાનમાં રાખી પોતાની કુંડળીમાં આ ગ્રહના સ્થાન મુજબ ખાસ સાવધાની રાખવી જરુરી છે.

**નીચે જણાવેલ ક્ષેત્રો જ્યોતિષીય ટેકો મેળવી રહેલ છે. ઘટાડના સમયે આ ક્ષેત્રના શેર ખરીદો**

**નાણાકીય ક્ષેત્ર :**
**એચ ડી એફ સી, એક્ષાઈઝ બેંક , ઈન્ડસીન્ડ બેંક વગેરેઃ**
**કેપિટલ ગુડઝ ક્ષેત્ર :**
**સીમેન્સ, એબીબી વગેરે**

**સંરક્ષણ શેરમાં મોટી તેથી :**
**ભેલ, બીઈએમએલ, નેલ્કો ઘટાડે તબક્કાવાર ભેગા કરો.**

**ગત સપ્તાહની આગાહી :** ગત સપ્તાહ ખૂબ જ ચંચળતાભર્યું રહ્યું. અમોએ આગાહી કર્યા મુજબ સિમેન્ટ શેરોમાં સારી માંગ રહી જેમાં એસીસી, અલ્ટ્રાટેક, શ્રી સિમેન્ટ, દાલમીયા સિમેન્ટ, જેકે સિમેન્ટ વગેરે ૪ થી ૨૦ ટકા .પર ગયા. આ બધા જ સ્ટોક ૧.૨૫ થી ૧૩ ટકા જેટલા હકારાત્મક બંધ રહ્યા. લીકરમાં મેકડોવેલ ૪ સટકા ઉપર રહ્યો, બજાજ ઓટો પણ ૪ ટકા ઉપર રહ્યો, સુરક્ષામાં બેલ અને નેલ્કો પણ ૬ થી૧૦ ટકા ઉપર રહ્યા.

**જે શેર એસ્ટ્રો સપોર્ટ મેળવેછે તે સામાન્યરીતે બજારની નિમ્નગતિમાં અસરકૃત થતાં નથી.**

# ઈલેક્શન ૦૯ અને બજેટ ૧૦,સરખી અને વિરૂધ્ધ ઈમેજ




**નિફ્ટી સાપ્તાહિક બંધ : ૪૮૪૫ (ગત સપ્તાહે ૪૮૨૭)**

સોમવારે બજાર અમારા નિમ્નગતિના સાપ્તાહિક સ્ટોપલોસને સ્પર્શ કર્યો પરંતુ રોજીંદા ઉર્ધ્વગતિ સ્ટોપલોસ ૪૮૧૦ ઉપર બંધ આપ્યો. આ પછીના દિવસે આ રેલીએ સાપ્તાહિક ટ્રેન્ડ પોઈન્ટ ૪૮૨૦ અને રોજીંદો સ્ટોપલોસ ૪૮૧૦ સફળતાપૂર્વક પસાર કર્યો અને ઉર્ધ્વગતિ તરફ બજારને વળાંક આપ્યો.

બુધવારે પણ આ રેલીએ દ્વિસાપ્તાહીક સ્ટોપલોસ ૪૯૦૦ ઉપર બંધ આપ્યો અને માસિક સ્ટોપલોસ ૪૯૨૦ હીટ કર્યો. ગુરુવારે બજારમાં કેટલુંક પ્રોફીટ બુકીંગ જોવા મળ્યું અને બજાર ફરી એક વાર સાપ્તાહિક, દ્વિસાપ્તાહિક સ્ટોપલોસ નીચે બંધ રહ્યું. અમોએ ગત સપ્તાહે જણાવેલ તેમ બજાર ૪૮૦૦ થી ૪૯૦૦ ની રેન્જમાં રહ્યું અને સાપ્તાહિક બંધ પણ ૨૦ પોઈન્ટની વૃધ્ધિ સાથે બેન્ડની નીચેના છેડા તરફ આપ્યો.

**આગામી સપ્તાહ :** આ સપ્તાહે માર્કેટ ટ્રેડીંગ રેન્જ (રોજીંદા બંધના ધોરણે) ૪૫૪૦ થી ૫૧૪૦ વચ્ચે રહેશે.એટલે કે ટ્રેન્ડ પોઈન્ટ ૪૮૪૦ અને સાપ્તાહિક રેન્જ +/- ૩૦૦ રહેશે. ઉપર તરફ બજાર ૪૮૪૦નો સાપ્તાહિક ટ્રેડીંગ પોઈન્ટ તોડે તો એક તરફી રિવર્સલ જોવા મળે અને ૪૯૧૦, ૪૯૨૦ ઉપર બંધ આપે એટલે કે દૈનિક, સાપ્તાહિક, સ્ટોપલોસ તેને

## નિફ્ટી સૂત્ર



**દિનેશ એ. ઠાકુર**
**મો. ૯૮૨૨૦૫૦૯૪૯**
dinuthakur@gmail.com
blog site –
http://profiles.yahoo.com/dinu_pawar

અનુમોદન આપે.અને આમાંની એક સપાટી ઉર્ધ્વગતિમાં પ્રતિકારક સપાટી તરીકે કાર્ય કરે. નીચે તરફ, જો બજાર સાપ્તાહિક ટ્રેડીગ પોઈન્ટ ૪૮૪૦ નીચે ટ્રેડ થાય, તો તે ૪૫૨૦, ૪૭૮૦, ની સપાટીએ ટેકો દર્શાવે. એટલે કે આપણી સાપ્તાહિક નીચી રેન્જ તેમ જ ત્રિમાસિક અને વાર્ષિક સ્ટોપલોસ.

નિફ્ટી માટે ૨૦ અને ૫૦ દિવસના ઈ એમ રેજીસ્ટન્સ નિફ્ટી માટે ૪૮૯૦ અને ૫૯૬૦ છે. વાર્ષિક ટ્રેન્ડ ટ્રેડર્સ કે જેઓ અગાઉ ૫૨૪૦ ની ટ્રીગર સપાટીએ નિકળી ગયા હતા તેઓ ફરી ઉર્ધ્વગતિમાં ૫૦૦૦ ઉપર દાખલ થઈ શકે અથવા તો ૪૫૦૦ - ૨૦ ના વાર્ષિક સ્ટોપલોસ નીચે ફરી પોઝીશન ધારણ કરે. ટ્રીગર એ રક્ષણાત્મક છે, વધારેમાં વધારે નફો કરો અને પોઝીશન જાળવી રાખો.

નિફ્ટી જુદા જુદા ચાર્ટ પર ૨૦ એસ એમ એ લાઈન મુજબ નિફ્ટીની શરુઆત અને રૂખ નીચે મુજબ છે. ૩૦ મીનીટ - નીચે તરફ, ૪૯૦૦, ૯૦ મીનીટ - ઉપર, ૪૮૦૦, દૈનિક - નીચેતરફ, ૫૦૦૦, સાપ્તાહિક - નીચે તરફ ૪૯૦૦,

ઈન્ડેક્ષોના ૩૦ મિનિટના ચાર્ટ પર ૨૦ મુવીંગ એવરેજ લાઈન નીચે મુજબ દીશા સૂચન કરે છે.

**સીએનએક્ષ આઈટી- નીચે તરફ, નિફ્ટી મીડકેપ - નીચે તરફ, બેંક નિફ્ટી - નીચે તરફ, ડેફ્ટી - નીચે તરફ અને નિફ્ટી જુનિયર - નીચે તરફ (ઈન્ડેક્ષ અને સ્ટોક ઈન્ટ્રાડે ૩૦ મીનીટના ચાર્ટ પર** http://www.google.com/finance?q=NSE:.NSEBANK **જોઈ શકાય છે.**

**નિફ્ટી માટે (રોજીંદો સ્ટોપલોસ + બંધ )/ ૨** ટ્રેડર્સને નિફ્ટી માટેની પછીના દિવસની રૂખ તેમ જ સ્ટોપલોસ દર્શાવશે.ટ્રીગર અથવા તો નીચેની સપાટીએ બજારને છોડો અથવા તો દાખલ થાઓ.

## દિનુનું સપોર્ટ એન્ડ રેજીસ્ટન્સ, નિફ્ટી ટ્રેન્ડ અને સ્ટોપલોસ પત્રક

| Investor type | Chart type | Holding % | beta Trend | From | Stop-loss | Gain |
|---|---|---|---|---|---|---|
| Derivative | Daily | 20 (+1.2) | DOWN | 4880 | 4860 | +30 |
| Swing trade | Weekly | 20 (1-1.2) | DOWN | 4850 | 4850 | +10 |
| Short term | Bi-weekly | 20 (1) | DOWN | 4910 | 4910 | +60 |
| Medium term | Monthly | 20 (1-0.8) | DOWN | 5070 | 4920 | +240 |
| Mutual Fund | Quarterly | 10 (-0.8) | UP | 4770 | 4780 | +60 |
| Long Term | Yearly | 10 (-0.8) | UP | 3670 | 4520/5000** | +1160 |

# બજેટ રુખ નિર્ણાયક બનશે

**તા. ૨૨મી ફેબ્રુઆરી ૨૦૧૦ થી ૨૭મી ફેબ્રુઆરી ૨૦૧૦**

**બજારનું સાપ્તાહિક વિહંગાવલોકન**

અમો લોકલુભાવન રેલવે બજેટની અપેક્ષા રાખી રહેલ છીએ જે સિમેન્ટ, કોલસો અને સ્ટીલના શેરોને સારી અસર કરી શકે.

ઉંચા ફૂગાવાના આંકડા અને જીડીપી અને આઈ આઈ પી નંબરને નજર સમક્ષ રાખીને દરેક અર્થશાસ્ત્રીઓ ખૂબ જ ઉત્સુકતાણી બજેટની રાહ જોઈ રહેલ છે. જેના પરિણામે રાહત પેકેજનો અમુક અંશ પાછો ખેંચવામાં આવે, વેરાના દરમાં ફેરફાર થાય તેમ જ પેન્શન તથા વીમા બીલ એવાં બીજાં પરિબળો છે કે જે બજેટમાં મોટી ભૂમિકા ભજવી શકે.

આ કારણે અમે આવનાર સપ્તાહમાં રેલવે બજેટ, યુનિયન બજેટ અને એફ એન્ડ ઓ એક્ષપાયરી એક જ સપ્તાહમાં આવનાર હોવાથી ઉચ્ચતમ ચંચળતાની અપેક્ષા રાખી રહેલ છીએ.

**સેન્સેક્ષ ૧૬૩૫૮**

**ટેકનીકલ દ્રષ્ટિકોણ (તા. ૨૨.૦૨.૨૦૧૦ થી તા. ૨૭.૦૨.૨૦૧૦)**

આ સપ્તાહે ૧૬૩૧૧ અને ૧૬૧૨૯ અગત્યની સપાટીઓ છે, આગામી સપ્તાહે જો સેન્સેક્ષ ૧૬૩૧૧ ઉપર ટકી રહે અથવા તો ૧૬૧૨૯ નીચે ટકી રહે તો તે મુજબ બજારની આગામી રુખ નક્કી થશે.

**ટેકાની સપાટી**

૧૬૧૨૯, ૧૫૯૨૬, ૧૫૮૦૮ અને ૧૫૬૫૧

**પ્રતિકારક સપાટી** ૧૬૩૧૧, ૧૬૪૪૬, ૧૬૫૫૮ અને ૧૬૭૦૯

## બાય એન્ડ સેલ

**રમેશચંદ્ર**
**મો. ૯૮૯૪૦૪૩૦૯૦**
E-Mail:
buysell_india@yahoo.com,
buysell_stocktips@yahoo.com

**૨૨.૦૨.૧૦ના રોજ સેન્સેક્ષની પરિસ્થિતિ**

આજે, જો સેન્સેક્ષ ૧૬૧૨૯થી ઉપરની સ્થિતિ જાળવી રાખશે તો ઉપર તરફનો લક્ષાંક ૧૬૩૯૫-૧૬૪૪૬ રહેશે. નહીંતર તે ૧૬૦૦૮-૧૫૯૨૬ની સપાટી સુધી નીચે તરફ સરકી શકે.

**ટેકાની સપાટી** ૧૬૧૨૯, ૧૬૦૯૬, ૧૬૦૦૮ અને ૧૫૯૨૬

**પ્રતિકારક સપાટ** ૧૬૨૨૮, ૧૬૩૧૧, ૧૬૩૯૫ અને ૧૬૪૪૬

**નિફ્ટી ૪૮૪૫**

**આગામી સપ્તાહે નિફ્ટી પર ટેકનીકલ દ્રષ્ટિકોણ (તા. ૨૨.૦૨.૨૦૧૦ થી તા. ૨૭.૦૨.૨૦૧૦)**

આ સપ્તાહે ૪૮૮૨ અને ૪૮૨૬ ની સપાટી અગત્યની રહેશે. જો નિફ્ટી ૪૮૮૨ ઉપર અથવા તો ૪૮૨૬ નીચે ટકી રહે તો તે અગામી બજાર માટેની રુખ નક્કી કરશે.

**ટેકાની સપાટી** ૪૮૨૬, ૪૭૬૫, ૪૭૦૩ અને ૪૬૬૮

**પ્રતિકારક સપાટી** ૪૮૮૨, ૪૯૪૪, ૫૦૩૧ અને ૫૦૫૯

**૨૭.૦૨.૧૦ના રોજ નિફ્ટીની પરિસ્થિતિ**

આજે, જો નિફ્ટી ૪૮૨૬ની સપાટી જાળવી શકે તો પછી તેનો ઉપર તરફનો લક્ષાંક ૪૯૦૭-૪૯૪૪ રહેશે. નહીંતર નિફ્ટી ૪૭૮૬-૪૭૬૫ સુધી નીચે તરફ સરકી શકે.

**ટેકાની સપાટી** ૪૮૨૬, ૪૮૦૩, ૪૭૮૬ અને ૪૭૬૫

**પ્રતિકારક સપાટી**

૪૮૬૧, ૪૮૮૨, ૪૯૦૭ અને ૪૯૪૪

**ટૂંકા ગાળા માટેની ખરીદી**

**દાવત હાલનો ભાવ રૂ.૬૦**

**દાવત ખરીદો** - એલટી ફૂડસ ઘટાડે ખરીદો નજીકનો ટેકો ૫૨ રાખો અને ૭૩ થી ૭૮ ના લક્ષાંક રાખો. ખરીદો અને આનંદિત રહો.

# કાલ્પનિક મુક્કાબાજીનો સમય

ગત અઠવાડીયું તેજી અને મંદીવાળા વચ્ચેની કાલ્પનિક મુક્કાબાજી સાથે પસાર થયું. આ બંને યુનિયન બજેટની રાહ જોઈને તેમનો સમય પસાર કરી રહેલ હોય તેમ જણાય છે. સપ્તાહ દરમ્યાન ચંચળતા સિવાય બીજું કશું જોવા મળેલ નહીં અને નિફ્ટી પણ લગભગ બદલાયા વગરનો જ રહ્યો. નિફ્ટી ૪૯૦૦ ઉપર ટ્રેડ થયો પરંતુ ઊંચા મથાળા તરફ ગતિ કરવાને બદલે વિશ્વનાં કેટલાંક વૈશ્વિક નકારાત્મક કારણોને કારણોએ સપ્તાહના અંતે નિફ્ટીની વૃધ્ધિને ધોઈ નાખી. ગત સપ્તાહ કરતાં આગામી સપ્તાહ વધુ ચંચળતાભર્યું અને વધુ ઉત્તેજનાપૂર્ણ રહેશે.

ચીનનાં બજારો એક સપ્તાહની રજાઓ પછી ખુલ્યાં અને ગત શુક્રવારે યુ. એસ.એ. દ્વારા સીઆરઆર વૃધ્ધિની જાહેરાતને પગલે તેમ જ ડીસ્કાઉન્ટ રેટ વૃધ્ધિના કારણે સંઘર્ષમય રહ્યાં. આવતા

## ઈક્વિટી સ્ટાર્સ



**જતીન્દ્ર શર્મા**
**મો. ૯૮૯૯૨૫૨૦૩૪**
Website: www.equitystrategists.com

ગુરુવારે ફેબ્રુઆરી સીરીજની એક્ષપાયરી છે અને શુક્રવારે બજેટ રજૂ થનાર છે. અમે માનીએ છીએ કે બજેટ રજૂ ન થાય ત્યાં સુધી નિફ્ટી ૪૭૫૦ થી ૪૯૫૦ વચ્ચે રહેશે. નિમ્નગતિ માટે ખાસ ૪૭૭૦-૪૭૮૦ની સપાટી અને ઉર્ધ્વગતિ માટે ૪૮૮૦-૪૮૯૦ની સપાટી ધ્યાનમાં રાખવી જોઈએ. જો ઈન્ટ્રાડેમાં ૪૭૫૦ નીચે આવે તે બાબત નકારી શકાય નહી પરંતુ જો ૪૭૫૦ની સપાટી તૂટે અને તે પર બંધ આવે તો તે નકારાત્મક રહેશે. આગામી સપ્તાહે બેંકીંગ અને મેટલ શેર પર ધ્યાન કેન્દ્રીત કરી શકાય અને અમો માનીએ છીએ કે આ બંને ક્ષેત્રો આગામી સપ્તાહે ઉપર તરફનો સારો દેખાવ કરશે. શેર, જેવા કે ઈન્ડસીન્ડ બેંક, બેંક ઓફ બરોડા, એક્ષીસ, ટાટા સ્ટીલ, હિન્દાલ્કો અને જે એસ ડબલ્યુ સ્ટીલ ઉંચી સપાટી તરફ ગતિ કરશે. આ ઉપરાંત આઈટી, ફાર્મા અને કેપિટલ ગુડઝનો સ્ટોક સ્પેસિફિક

**અનુસંધાન ૫ પાને**

# નિફ્ટી ૪૯૫૦ આવે એટલે વેચો અને ૪૭૫૦ આવે એટલે ખરીદો

વાંચક મિત્રો,

નિફ્ટી નમસ્કાર,

મિત્રો આપને જણાવેલ રેન્જ બદલાઈ ગઈ છે. અને નિફ્ટી ૪૭૫૦--૪૯૫૦ની વચ્ચે જ રહેશે. તો કેવી રહી ૨૦૦ પોઈન્ટ રેન્જની ધમાલ ? ખાસ કરીને બુધવારે અને શુક્રવારે ખેલંદાઓને બંને બાજુ રમતા કરી દીધા પણ મિત્રો, હજુ માર્કેટમાં ક્લીયર ટ્રેન્ડ નથી. ત્યાં સુધી બજાર આ રેન્ડ બાઉન્ડની બહાર નહીં આવે. ત્યાં સુધી તમને બંને બાજુ રમાડશે. જો ૪૯૫૦ આવે એટલે વેચો અને ૪૭૫૦ આવે એટલે ખરીદો જો બજાર આટલું જ સહેલું હોય તો પછી બજારમાં જીત કોની થાય અને હાર કોની થાય ? તો હવે આવનાર સપ્તાહમાં ફરીથી બંને બાજુની ધમાલ માટે તૈયાર થઈ જાવ. જોઈલો હવે બજેટના નામ પર કેવી ધમાલ થાય છે.

**આવનાર સપ્તાહ માટેના ટ્રેડીંગ લેવલ :**

**નિફ્ટી સ્પોટ બંધ ભાવ (૪૮૪૪)** : ખરીદો ૪૮૬૦ ઉપર ટાર્ગેટ ૪૯૨૦, ૪૯૫૦ સ્ટોપલોસ ૪૮૨૫, વેચો ૪૯૬૦-૪૯૮૦ ટાર્ગેટ ૪૮૬૦-૪૮૩૦-સ્ટોપલોસ ૫૦૨૦.

**એપોલો ટાયર્સ (૫૮.૩૦) :** વેચો ૫૮-૬૦ ટાર્ગેટ ૫૫ થી ૫૨ સ્ટોપલોસ ૬૧.૫૦ ની ઉપર

**એશિયન પેઈન્ટ્સ (૧૮૫૯) :** ખરીદો ૧૮૪૦-૧૮૬૫ ટાર્ગેટ ૧૯૩૫-૧૯૬૫ સ્ટોપલોસ ૧૮૨૦

**બેંક ઓફ બરોડા (૫૭૦) :** વેચો ૫૭૫-૫૮૨ ટાર્ગેટ ૫૬૫ -૫૫૨ સ્ટોપલોસ ૫૯૨ ઉપર.

## DHAN WIN- "WINNER'S CHOICE"



**હિમાંશુ જાની**
**મો. ૯૩૭૬૯૨૫૯૩૨**
email: dhanwinvestnents@gmail.com
WWW.DHANWIN.COM

**મિત્રો આવતા સપ્તાહમાં ફરી બંને બાજુની ધમાલ માટે તૈયાર થઈ જાઓ**

**બેંક ઓફ ઈન્ડિયા (૩૩૧) :** ખરીદો ૩૩૧-૩૩૩ ટાર્ગેટ ૩૪૦-૩૫૦ સ્ટોપલોસ ૩૨૭ નીચે.

**ભારત ઈલેક્ટ્રોનિક્સ (૨૦૫૩) :** ખરીદો ૨૦૨૦-૨૦૪૦ ટાર્ગેટ ૨૦૬૫ -૨૧૨૦ સ્ટોપલોસ ૧૯૯૫ નીચે.

**કેડીલા હેલ્થકેર (૭૦૧) :** ખરીદો ૬૯૫-૭૦૫ ટાર્ગેટ ૭૨૦-૭૫૦ સ્ટોપલોસ ૬૮૬ નીચે.

**ગેઈલ (૪૦૪) :** ખરીદો ૪૦૩-૪૦૮ ટાર્ગેટ ૪૧૫ -૪૨૦ સ્ટોપલોસ ૩૯૭ નીચે.

**આઈસીઆઈસીઆઈ બેંક (૮૩૩)** : ઘટાડે ખરીદો ૮૧૦-૮૧૫ સ્ટોપલોસ ૭૯૦ ટાર્ગેટ ૮૩૦-૮૫૦

**એમ એન્ડ એમ (૧૦૦૧) :** ઘટાડે ખરીદો ૯૮૦-૯૯૦ ટાર્ગેટ ૧૦૨૫-૧૦૫૦ સ્ટોપલોસ ૯૬૦ નો રાખવો.

**મારુતિ સુઝુકી (૧૩૭૧) :** ઘટાડે ખરીદો ૧૩૪૦ - ૧૩૬૫ ટાર્ગેટ ૧૩૯૦-૧૪૩૦- ૧૪૫૦ સ્ટોપલોસ ૧૩૨૦ નીચે રાખવો.

**Disclosures :**

ઉપર જણાવેલ સ્ટોકની પસંદગી ટેકનીકલ એનાલિસીસને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલ છે. સ્ટોક્સમાં અમારું કોઈ પણ

**નિફ્ટી નીચામાં ૪૭૮૦ અને ઉપરમાં ૪૯૨૦ કેવી રહી ૨૦૦ પોઈન્ટની રેન્જની ધમાલ, હજુ પણ નિફ્ટી રેન્જ ૪૭૫૦-૪૯૫૦**

પ્રકારની હોલ્ડીંગ નથી. ટ્રેડર્સ અને ઈન્વેસ્ટર્સ ટ્રેડ કરતા પહેલાં પોતાના પર્સનલ એડવાઈજરની સલાહ જરુરથી લેવી.

# શેર બજારમાં ઉતાર- ચઢાવની સંભાવના

સન ૨૦૧૦ નું આઠમું સપ્તાહ કે જે ૨૧ ફેબ્રુઆરી ૨૦૧૦ થી શરુ થાય છે. જેનું પ્રતિનિધિત્વ શનિ ગ્રહ કરે છે. આ સમયે કન્યા રાશીમાં શનિ વિચરણ કરી રહ્યો છે. કુંભ રાશીમાં સૂર્ય, ગુરુ અને શુક્ર છે. બુધ મકર રાશીમાં મંગળ સાથે વિચરણ કરી રહ્યા છે. સંભવતઃ આ સપ્તાહને ભારતીય શેર બજાર માટે અને અર્થવ્યવસ્થા માટે નિર્ણાયક સપ્તાહ માનવામાં આવે છે. ફાઈનાન્શિયલ જ્યોતિષના અનુસાર આ સપ્તાહે જબરદસ્ત ઉતાર ચઢાવની સંભાવના છે. અને સ્ટોક સંબંધિત વ્યાપાર કરવો શેર બજારમાં માટે સારું રહેશે. આ સપ્તાહે હેવી એન્જિનિયરિંગ, બેંકિંગ, પાવર સેક્ટર, ઈન્શ્યોરન્સ, પબ્લિક સેક્ટર વગેરે સેક્ટર પર નજર રાખવી હિતાવહ રહેશે. મળતો નફો ઘર ભેગો કરવો પણ

## એસ્ટ્રોમની ગુરૂ



**કર્નલ અજય**
**મો. ૯૪૧૪૦૫૬૭૦૫**
www.astromoneyguru.com

આ સપ્તાહે હિતાવહ રહેશે.

આ સપ્તાહે કાલિન્દી રેલ, એચએમટી, એસબીઆઈ, તીથાગઢ વેગન, નેશનલ ફર્ટીલાઈઝર્સ વગેરે પણ ટૂંકાગાળા માટે ધ્યાન રાખી શકાય.

બુલિયનમાં સોના ચાંદીમાં સપ્તાહના બીજા સત્રમાં પ્રોફીટ બુકિંગની શક્યતા રહેલી છે. સપ્તાહના પ્રથમ સત્રમાં મેટલ અને ક્રૂડ ઓઈલમાં તેજીની સંભાવના બની શકે છે. એટલે રોકાણકારોએ મળતો નફો બુક કરી ચિંતામુકત રહેવું હિતાવહ છે.

આ સપ્તાહે ધન રાશી વાળાએ સાવધાની રાખવાની રહેશે.

ઉપરોક્ત બધી ભવિષ્યવાણી જેમીની જ્યોતિષ અને અંક જ્યોતિષના માધ્યમથી આપવામાં આવે છે. લેખકનો આમાં કોઈ અંતરંગ સ્વાર્થ નથી.

**લાયન રોર પાન નં. ૮ નું ચાલુ**

### ટેકનીકલ વાત

ગત સપ્તાહે સેન્સેક્ષની શરુઆત ૧૬૧૮૬ પોઈન્ટથી થઈ, આ પછી સેન્સેક્ષે ૧૬૪૮૦ પોઈન્ટની ઉચ્ચતમ સપાટી દર્શાવી, ૧૬૦૧૧ પોઈન્ટની નિમ્ન સપાટી પણ દર્શાવી અને ૧૬૧૯૧ પોઈન્ટ ઉપર સાપ્તાહિક બંધ આપ્યો. સેન્સેક્ષે સાપ્તાહિક ધોરણે માત્ર ૩૯ પોઈન્ટની વૃધ્ધિ સાથે સાપ્તાહિક બંધ આપ્યો.

આ જ રીતે નિફ્ટીએ પણ શરૂઆત ૪૮૨૭ પોઈન્ટથી કરી, ૪૯૨૯ પોઈન્ટની ઉચ્ચતમ સપાટી દર્શાવી, ૪૭૮૩ની ની નિમ્ન સપાટી દર્શાવી અને ૪૮૪૪ ઉપર બંધ આપ્યો. નિફ્ટીએ સાપ્તાહિક ધોરણે ૧૮ પોઈન્ટની વૃધ્ધિ સાથે બંધ આપ્યો.

બંને ઈન્ડેક્ષોએ સાપ્તાહિક ચાર્ટ પર ન્યુટ્રલ ફોર્મેશનની રચના કરેલ છે. સેન્સેક્ષે ડોઝીની રચના કરેલ છે જયારે નિફ્ટીએ સ્પીંગ ટોપ અને સ્ટાર વચ્ચે ક્રોસની રચના કરેલ છે પરંતુ તે લાંબા અપર શેડો સાથે અને નાના લોવર શેડો સાથે છે.બંને ન્યુટ્રલ ફોર્મેશન છે અને તેથી હવે આવનાર સપ્તાહમાં બજારની દીશા માટે કેન્ડલ શું રચના કરે છે તેની રાહ જોવી રહી.

ગત સપ્તાહે અમોએ જણાવેલ કે બંને ઈન્ડેક્ષો પુલ બેક મોડમાં છે કારણ કે એક સપ્તાહ પહેલાં બુલીશ હરામી પેટર્નની રચના થયેલ છે અને ઈન્ડેક્ષોએ ફરી નિમ્ન ગતિ દર્શાવતાં પહેલાં બરાબર પ્રથમ રીટ્રેસમેન્ટ સપાટી જે સેન્સેક્ષમાં ૧૬૪૬૪ અને નિફ્ટીમાં ૪૯૧૮ છે તેને સ્પર્શ કરેલ છે. આખરે સેન્સેક્ષ માટેની પુલ બેક સપાટી ૧૬૪૬૮-૧૬૭૨૧-૧૬૯૭૩ છે જયારે નિફ્ટી માટેની પુલ બેક સપાટી ૪૯૧૮-૪૯૯૩-૫૦૬૭

બંન્ને ઈન્ડેક્ષોએ પાછા વળતા પહેલાં ૨૦૦ ડી એમ એ નો ટેકો લીધેલ છે અને હાલમાં સેન્સેક્ષ માટે ૨૦૦ ડી એમ એ ૧૫૮૦૧ છે અને નિફ્ટી માટે ૪૭૧૩ છે. સેન્સેક્ષ ૧૫૬૫૧ પર અને નિફ્ટીએ ૪૬૭૫ પર ટેકો લીધાપછી રિબાઉન્સ થયેલ છે. તેથી હવે સેન્સેક્ષનો તત્કાલીન ટેકો ૧૫૮૦૧ અને નિફ્ટી માટેનો તત્કાલીન ટેકો ૪૭૧૩ રહેશે.

સેન્સેક્ષ અને નિફ્ટી બંને ઉચ્ચતમ બોટમને જોડતી ટ્રેન્ડલાઈન પર રહેલ હતા જે સેન્સેક્ષમાં ૧૩૨૧૯-૧૫૩૩૦ અને નિફ્ટીમાં ૩૯૧૮-૪૫૩૮ ની સપાટી હતી.આ ટ્રેન્ડલાઈન તૂટી ગઈ હતી અને પરિણામ સ્વરૂપ સેન્સેક્ષ ૧૩૨૧૯-૧૭૭૯૦ સુધરીને વધેલ હતો અને કરેકશનની સપાટી ૧૬૦૪૪-૧૫૫૦૫-૧૪૯૬૫ હતી. નિફ્ટીએ પણ ૩૯૧૮-૫૩૧૦ની સપાટી સુધી સુધારા સાથે વૃધ્ધિ દર્શાવેલ હતી અને કરેકશનની સપાટી ૪૭૭૮-૪૬૧૪-૪૪૫૦ હતી. જો આપણે સેન્સેક્ષની ૭૬૯૭ થી ૧૭૭૯૦ સુધીની સળંગ વૃધ્ધિ તરફ તેમ જ નિફ્ટીની ૨૨૫૨ થી ૫૩૧૦ સુધીની સતત વૃધ્ધિ તરફ નજર કરીએ તો કરેકશનની સપાટી સેન્સેક્ષ માટે ૧૩૯૩૫-૧૨૭૪૩-૧૧૫૫૩ અને નિફ્ટી માટે ૪૧૪૨-૩૭૮૧-૩૪૨૦ ગણી શકાય.

**આગામી સપ્તાહે ધ્યાનમાં રાખો**




નિફ્ટી અને સેન્સેક્ષ બંનેએ બેરીશ રાઈઝીંગ વેડજ બ્રેકઆઉટ આપેલ છે અને તેથી હવે સેન્સેક્ષનો લક્ષાંક ૧૫૭૧૪ થી ૧૫૭૭૩ અને નિફ્ટી માટે ૪૬૮૪ થી ૪૫૮૭ છે. પ્રથમ લક્ષાંક તો આવી જ ગયેલ છે. સેન્સેક્ષ અને નિફ્ટી બંનેએ બેરીશ ફલેગ પેટર્નની રચના કરેલ છે અને આ પેટર્ન માટેનો લક્ષાંક સેન્સેક્ષમાં ૧૪૮૨૨ અને નિફ્ટીમાં ૪૪૨૫ છે જે જોગાનુજોગ હાલની વૃધ્ધિની ૬૧.૮ ટકા રિટ્રેસમેન્ટ સપાટી બરાબર છે.

રસપ્રદ બાબત એ છે કે બેરીશ વેડઝનો નીચેનો લક્ષાંક (સેન્સેક્ષમાં ૧૫૩૭૩ અને નિફ્ટીમાં ૪૫૮૭) મોટેભાગે જોગાનું જોગ હાયર બોટમ (સેન્સેક્ષમાં ૧૫૩૩૦ અને નિફ્ટીમાં ૪૫૩૮) ની લગોલગ છે જે હાલ તુરતની વૃધ્ધિની રિટ્રેસમેન્ટ સપાટી (સેન્સેક્ષમાં ૧૫૫૦૫ અને નિફ્ટીમાં ૪૬૧૪) ના ૫૦ ટકા જેટલું છે અને હાલની તળિયાની સપાટી સેન્સેક્ષમાં ૧૫૬૫૧ અને નિફ્ટીમાં ૪૬૭૫ નજીક છે. આ રીતે અહીં તો એટલે કે સેન્સેક્ષમાં ૧૫૬૫૧ થી ૧૫૩૩૦ અને નિફ્ટીમાં ૪૬૭૫ થી ૪૫૩૮ ટેકાઓનો સંગમ દેખાય છે અને તેથી જો ૨૦૦ ડીએમએ નીચે કોઈ પણ નિમ્નગતિ ઉદ્‌ભવે તો આ સપાટીએ મજબૂત ટેકાની અપેક્ષા રાખી શકાય.

નિફ્ટી ઓ આઈ પી સી આર ૦.૯૭ છે. જે હવે ઓવરસોલ્ડ ટેરીટરીમાં પ્રવેશી રહેલ છે અને બજારનો મંદીનો મૂડ દર્શાવી રહેલ છે. ૪૯૦૦ ની સપાટીએ કોલ રાઈટીંગ જોવા મળેલ છે જે આગળ ઉપર પ્રતિકારક સપાટી તરીકે કાર્ય કરી શકે. પુટ રાઈટર્સ તેમનો વિશ્વાસ ગુમાવી રહેલ છે અને તેથી ૪૮૦૦ અને ૪૭૦૦ના સ્ટ્રાઈક ભાવે ઓપન ઈન્ટેરેસ્ટ નીચે આવી રહેલ છે.

આગામી સપ્તાહ માટે સેન્સેક્ષનો સપોર્ટ ૧૫૯૮૨-૧૫૬૫૧-૧૫૩૩૦ છે જયારે પ્રતિકારક સપાટી ૧૬૪૮૦-૧૬૬૩૫-૧૬૮૬૮ છે.

આગામી સપ્તાહ માટે નિફ્ટીનો સપોર્ટ ૪૭૬૬-૪૬૭૫-૪૫૩૮ છે જયારે પ્રતિકારક સપાટી ૪૯૨૯-૪૯૯૬-૫૦૬૭ છે.

# ભારતને વૈશ્વિક આર્થિક મહાસત્તા બનાવવા માટે બજેટ ૨૦૧૧ અર્થતંત્રનો ટર્નીંગ પોઈન્ટ બની રહેશે

આ વર્ષનું કેન્દ્ર સરકારનું બજેટ આવનાર વર્ષ માટેનો ખૂબ જ અગત્યનો નાણાકીય દસ્તાવેજ છે. કેન્દ્રસરકારનું બજેટ વિવિધ વેરાઓ, વિવિધ હેડ પર થયેલ નાણાકીય ફાળવણી અને વિવિધ ક્ષેત્રના વિસ્તૃતિકરણ માટેના આયોજન માટે એક માર્ગદર્શન અને ઘોષણા કરે છે. આ ઉપરાંત બજેટ, સરકાર નાણાંનો ઉપયોગ કેવી રીતે કરે છે, કયા માર્ગે મેળવે છે અને વાપરે છે તેની માહિતી માટેનો ખૂબ જ સારો સ્રોત છે. દર વર્ષે જયારે પણ બજેટની જાહેરાત જવાની હોય છે ત્યારે દેશની જનતા, ઉદ્યોગો અને અન્ય જનસમૂહ મોટી આશાઓ રાખતો હોય છે. જો કે સરકાર સમક્ષ ખાદ્ય પદાર્થો અને તેલ દ્વારા મોંઘવારીનું દબાણ જેવા સળગતા પ્રશ્નો પણ છે. કોંગ્રેસ દ્વારા રચાયેલ સરકાર તા. ૨૬મી ફેબ્રુઆરીના રોજ ૨૦૧૧ ના વર્ષ માટેના બજેટની રજૂઆત વખતે અર્થતંતંત્રનું વિહંગાવલોકન અને તેઓએ સાધ્ય કરેલ લક્ષાંક અંગેના મહત્વના મુદ્દાઓની ચર્ચા કરશે તેવી અપેક્ષા છે. જો કે બજેટ રજૂ થવાની તારીખ તો ૨૮મી ફેબ્રુઆરી જ હોય છે પરંતુ આ વખતે ૨૮મી ફેબ્રુઆરીએ રવિવાર છે અને ૨૭મી ફેબ્રુઆરીએ મહંમદ પયંગબર સાહેબનો જન્મ દિન છે તેથી બજેટ ૨૬મી તારીખે




રજૂ થશે તેવી અપેક્ષા છે.

નાણાં મંત્રી શ્રી પ્રણવ મુખરજી તેમનું બીજુ બજેટ રજુ કરી રહેલ છે. વૈશ્વિક આર્થિક કટોકટી સામે ટકી રહેવું ભારત માટે ખૂબ જ મુશ્કેલ હશે. બીજી રીતે કહીએ તો બજેટમાં જીડીપી ગ્રોથને ટકાવી રાખવાના મુદ્દાને લક્ષાંક બનાવાવમાં આવશે. ૨૦૧૦-૧૧ના આર્થિક જયોતિષ મુજબ તે ૨ અને ૧ના આંકડાનું પ્રતિનિધિત્વ કરે છે અને ચંદ્ર અને સૂર્ય આંક ૨ અને એક માટેના મહત્વના ગ્રહ છે. બજેટ સમયે ચાર ગ્રહો ખૂબ જ સારી પરિસ્થિતિમાં હશે. અને તે છે બુધ, ગુરુ, સૂર્ય અને શુક્ર કુંભ રાશીમાં છે જે ભારતની કુંડલીમાં ૧૦મા ઘરમાં છે. ભારતના દશમગૃહ પર મંગળ અને કેતુની દ્રષ્ટિ છે. જયારે ચાર ગ્રહોનું સંયોજન (સૂર્ય, ગુરુ, શુક્ર અને બુધ) ખૂબ જ અનોખી ઘટના છે અને આ સંયોજન ભારતીય અર્થતત્ર માટે ખૂબ જ લાભદાયી છે. આ બધા ગ્રહોનું સંયોજન સંદેશાવ્યવહાર, વિદ્યુત ઉર્જા, ઉચ્ચ શિક્ષણ, સ્ત્રી શિક્ષણ, રિઅલ એસ્ટેટ, મિડીયા, બેંકીંગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર વગેરે ક્ષેત્રો માટે ખૂબ લાભદાયક છે. ઓઈલ સેકટર માટે ખાસ વિચારણા થાય તેવી પણ અપેક્ષા છે. આ પ્રથમ વખત એવું બની રહેલ છે કે જયાં ગુરુ, શુક્ર, બુધ કુંભ રાશીમાં નજીકના સંયોજનમાં રહેલ છે. આ અનોખું સંયોજન બેંકીંગ, વીમાક્ષેત્ર, મિડિયા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, હાયર ટેકનીકલ એજયુકેશન વગેરેને હકારાત્મકતાના રસ્તે દોરી જાય અને તે કારણે આ ક્ષેત્રમાં ઘણું બધું વિદેશી રોકાણ પણ આકર્ષાય.

જે રીતે બજેટ ૨૬ મી ફેબ્રુઆરી ૨૦૧૦ ના રોજ રજૂ થનાર છે અને અંક ૮ શનિનું પ્રતિનિધિત્વ કરે છે તે ધાતુ, ખાણ ઉદ્યોગ, ખેત ઉદ્યોગ, તેલ અને ગેસ, સિમેન્ટ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કેમિકલ, હાયર ટેકનીકલ એજયુકેશન, ટુરીઝર આર્ટ અને કલ્ચર વગેરેનું પણ પ્રતિનિધિત્વ કરે છે. જે દર્શાવે છે કે સરકાર સલામતી દળો, બેંકીંગ અને વીમા સેકટરના આધુનિકરણ માટે વધુ ધ્યાન આપે. ભારતીય અર્થતંત્ર આવનાર ૩ થી ૫ વર્ષમાં જોરદાર વિકાસ દર્શાવે તે કારણે મજબૂત નાણાકીય માળખું એ પણ એક ખૂબ જ તાતી જરુરિયાત છે અને તેથી બેંકીંગ ઉદ્યોગ પણ ઝડપથી વિકસતા અર્થ તંત્ર સાથે વિકસવો જોઈએ. મોટા ભાગના વિદેશી ચલણોની સામે રુપિયો પણ ટર્નીંગ પોઈન્ટ ઉપર છે તેથી બેંકીંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત અને વૈશ્વિકસ્તરનું હોવું જોઈએ. આ રીતે વૈશ્વિકસ્તરે યુવાનો માટે રોજગારી ઉભી કરવા માટે બેંકીંગ, વીમા ક્ષેત્ર, સંદેશાવ્યવહાર, ઉર્જા, ઓટો, મિડીયા સેકટર વગેરેમાં


**જયોતિષની દ્રષ્ટિએ આગામી બજેટ**



**કર્નલ અજય**
**મો. ૯૪૧૪૦૫૬૭૦૫**
www.astromoneyguru.com


ડાયરેકટ વિદેશી રોકાણ માટે તકો ઉભી કરવામાં આવશે. વિદશોમાંથી ખાસ હાઈટેક એજયુકેશન પુરી પાડતી સંસ્થાઓને ભારતમાં તેમની શાખાઓ શરુ કરવા માટે આમંત્રણ આપવામાં આવશે.

આર્થિક જયોતિષ મુજબ બજેટ ૨૦૧૧માં રાખવામાં આવતી અપેક્ષાઓ નીચે મુજબ છે.

૧.યુવાનો તેમ જ મધ્યમ આવક ધરાવનારાઓ તરફ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવે અને તેઓને આવકવેરામાં રાહતો આપવામાં આવે તેવી અપેક્ષા છે. આવકવેરામાં એક લાખ એંસી હજારથી બે લાખની આવક સુધી છૂટા આપવામાં આવે તેમ જ સ્ત્રી કરદાતાઓને બે લાખ થી બેલાખ પચીસ હાજાર અથવા તો તેથી વધુની આવક કરમૂકત જાહેર કરવામાં આવે તેમ જ સીનીયર સીટીઝન માટે પણ બેલાખ પચાર હજાર સુધીની વાર્ષિક આવકમાં કરમુક્તી આપવામાં આવે તેવી અપેક્ષા છે.

૨. સીધા કરવેરામાં રાહત

૩. શિક્ષણ અને ઉચ્ચ તકનીકી શિક્ષણના પ્રોત્સાહન માટે દેશમાં વિવિધ સ્થળે નવી સંસ્થાઓ માટે ઘોષણા કરવામાં આવે.

૪. દેશના વિવિધ વિસ્તારોમાં આવેલ હોસ્પિટલોનું આધુનિકરણ કરવામાં આવે તેમ જ નવી સુપર સ્પેશિયાલીસ્ટ હોસ્પિટલોની સ્થાપના કરવામાં આવે. સરકાર દૂરના વિસ્તારોમાં ઘણી મોટી સંખ્યામાં પ્રાથમિક સ્વાસ્થ્ય કેન્દ્રો ઉભાં કરવા માટેની પણ જાહેરાત કરી શકે.

૫. ગ્રામ્ય વિસ્તારોમાં સ્ત્રી અને પ્રૌઢ શિક્ષણને વધુ પ્રોત્સાહન આપતી જાહેરાત થઈ શકે.

૬.ખેડૂતો માટે ખેતી અને ખેત વિષયક ઈકવીપમેન્ટ માટે ખાસ જાહેરાત થઈ શકે.

૭. હાઉસીંગ સેકટર માટે ખાસ રાહતોની જાહેરાત કે જેમાં રહેણાંકીય આવાસો માટેની લોનમાં તેમ જ આવાં રહેણાંક ભાડે આપનાર મકાન માલિકોનો સમાવેશ થાય છે. હાઉસીંગ સ્કીમ માટે ઓછી આવક ધરાવનાર જુથ માટે ખાસ જાહેરાત.

૮. ઈલેકટ્રોનિક અને પ્રિન્ટ મીડીયા સેકટર માટે ખાસ જાહેરાતો કે જેમાં વિદશી રોકાણની મર્યાદા અને બીજી છૂટછાટોની જાહેરાત થાય.

૯.ગ્રામ્ય વિસ્તારોની વિજ ઉર્જાની ૧૦૦ જરુરિયાત પરિપૂર્ણ કરવાના આશયથી વિજ ઉર્જા ક્ષેત્રમાં પણ નવા વિજ પ્લાન્ટની સ્થાપના તેમ જ બીજા વિજ ઉર્જા સંબંધિત ઉદ્યોગોમદદરૂપ થવા, પાવર સેકટરને પણ ફાયદો કરાવવામાં આવે. ગ્રામ્ય વિસ્તારો તેમ જ ઉદ્યોગને મળતી વિદ્યુત ખાદ્યને પરિપૂર્ણ કરવા માટે શકય તે તમામ પગલાં લેવામાં આવે.

૧૦. વૈકલ્પિક ઉર્જા જેવી કે પવન ચક્કી, પાણી દ્વારા વિજઉત્પાદન વગેરેને પણ ફાયદો થાય.

૧૧.તેલ અને વાયુ ક્ષેત્રને પણ રાહતો મળી શકે.

૧૨. હેલ્થ ઈન્સ્યોરન્સ (સ્વાસ્થ્ય વીમા) માટે પણ પ્રોત્સાહક પગલાં લેવામાં આવે.

૧૩. શિક્ષણ માટેના બજેટમાં વૃધ્ધિ કરવામાં આવે.

૧૪. સુરક્ષા કર્મચારીઓ માટે ખાસ જાહેરાત થઈ શકે.

૧૫. લઘુમતિ, અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિઓના વિદ્યાર્થીઓ માટે વિવિધ યોજનાઓની જાહેરાત

૧૬. લઘુત્તમ મજૂરી લક્ષાંકની સીમા વધી શકે.

૧૭. જમીનનો નાનો ટુકડો ધરાવનાર નાના ખેડૂતોને કુલ લોન માફી તેમ જ ખેત વિષયક ઈકવીપમેન્ટ અને ટુલ્સ ખરીદવા માટે ખાસ વળતરની જાહેરાત.

૧૮. ખેત વિષયક ઈક્વીપમેન્ટ ખરીદવા માટે નાના ખેડૂતોને ખાસ લોન અને લોન માટેની સુવિધાઓ.

૧૯. નાના ખેડૂતો કે જેઓ એક અથવા બે હેકટર જમીન ધરાવતા હોય, તેઓને શેડયુલ કોમર્શિયલ બેક, પ્રાદેશિક ગ્રામ્ય બેંક દ્વારા ઓછા વ્યાજ દરે ખેત વિષયક લોન

૨૦. બેંકીંગ અને વીમા ક્ષેત્ર માટે ખાસ જાહેરાતો.

## બજેટ પછીની અપેક્ષાઓ

૧.આર્થિક જયોતિષ મુજબ બજેટ પછી ફૂગાવાના દરમાં વૃધ્ધિ જોવા મળે.

૨. ૨૦૧૧-૧૨ના વર્ષ દરમિયાન જીડીપી ગ્રોથ ૭.૫ ટકાથી ૮.૫ ટકા જોવા મળે.

૩. ૨ થી ૩ વર્ષના સમયગાળામાં ભારતમાં વિજ ઉર્જાની ખાદ્ય જોવા ન પણ મળે.

૪.આવનાર બે થી ૩ વર્ષના સમગ ગાળામાં ભારત ક્રુડઓઈલમાં ઘણું ચલણી નાણું બચાવી શકે.

૫. ભારતીય ઔદ્યોગિક વિકાસમાં પણ વૃધ્ધિ થાય.

૬. બજેટ પર મોટા રાજકીય વાદવિવાદ થાય

૭. ખાદ્ય ચીજો તેમ જ શાકભાજીના ભાવો અસરકૃત ન થાય.

૮. ૬ઠ્ઠા પગારપંચે આપેલ રિવાઈઝડ પે સ્કેલ મુજબ આવકવેરામાં આપેલ રાહતો પૂરતી ન જણાય.

૯. બેંકીંગ પોલીસી દ્વારા મોટા ઉદ્યોગોને સંતોષી ન શકાય.

૧૦.ઉચ્ચ આવક ધરાવનાર જૂથની વ્યક્તિઓને ફાયદો થાય નહીં.

૧૧.હાઉસીંગ લોનના વ્યાજ દર નીચા આવી શકે.

૧૨.સ્ટોક અને કોમોડીટી ફયુચર ટ્રેડર્સ બજેટને આવકારશે.

ઉપર જણાવેલ ખાસ ફાયદાઓ તરફ દ્રષ્ટિ કરતાં અપેક્ષા છે કે ખેડૂતો, યુવાનો, મધ્યમ વર્ગના કરદાતાઓને વધુ ફાયદો થશે.જે સેકટરોને ખાસ ફાયદો થઈ શકે તેમાં વિજ ઉર્જા, રિઅલ એસ્ટેટ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, તેલ અને વાયુ, ઉચ્ચ શિક્ષણ, એવીએશન્સ, ટુરીઝમ, હેલ્થ, ફર્ટિલાઈઝર્સ, ટેક્ષટાઈલ્સ, ખાણ ઉદ્યોગ, બેંકીંગ અને વીમા ક્ષેત્ર, ટેકનીકલ એજયુકેશન વગેરેનો સમાવેશ થાય છે. આ ડ્રીમ બજેટમાં સીધા કરવેરામાં ખાસ કોઈ વૃધ્ધિની અપેક્ષા નથી. હું જોઈ શકું છું કે ઓછી આવક ધરાવતા જુથની વ્યક્તિઓને તેમ જ સીનીયર સીટીઝન્સને અને મધ્યમ આવક ધરાવનાર વર્ગને લક્ષાંક બનાવી તેમનું નાણાકીય દબાણ ઓછું કરવા માટે મદદરૂપ થવા માટે પબ્લિક ટ્રાન્સપોર્ટની કોસ્ટ, ટેક્ષ અને યુટીલીટી બીલમાં ઘટાડો થાય તેવી જોગવાઈ કરવામાં આવે.

## ગોલ્ડ માઈન પાન નં. ૧ નું ચાલુ

શકે. જે ઘણું સુંદર કહેવાય.

(૩) કંપનીની બુક વેલ્યુ ૧ રૂા. ના શેરની ૧૬ રૂા. છે. અને ૪૦ ટકા ડીવિડન્ડ કંપની ચૂકવે છે.

(૪) આવનાર સમયમાં કંપનીનું ભવિષ્ય મજબૂત છે. આ ભાવે નાની માત્રામાં અચુક લેવાય.

**૩. ભારતી ટેલી**

ટેલીકોમ ક્ષેત્રાનો ઈન્ફોસીસ ગણાતો ૨૭૫માં મળતો આ શેર જો હજું વધુ ઘટી ૨૫૦ આસપાસ આવે તો વહેણની વિરુદ્ધ જઈ ત્રણ વર્ષના એંગલથી લેનારને ખૂબ સુંદર વળતર મળશે. ટાટા સ્ટીલ, ટાટા મોટર, જેવી હીસ્ટ્રી આમાં રીપીટ થશે. સોલીડ ઈન્વેસ્ટરોએ અચુક લેવો.

**૪. રામ રતન વાયર**

**બીએસઈ કોડ. ૫૨૨૨૮૧** થી બીએસઈ ખાતે લીસ્ટેડ રૂા.૩૯ માં મળતો આ શેર ૬ મહિનાના એંગલથી અચુક લેવાય.

(૧) કંપનીની કેપીટલ ૧૧ કરોડની છે. જેમાં પ્રમોટરનો સ્ટેક ૭૩ ટકા છે.

(૨) ૩૦-૧૨-૦૯ના કવાર્ટરમાં કંપનીએ નફામાં ૧૫૮ ટકાનો ઉછાળો બતાવી ત્રણ મહિનામાં ૨ કરોડ ૬૦ લાખનો નફો બતાવ્યોછે. જે કંપનીનું સુંદર ફન્ડામેન્ટલ બતાવે છે. આ ભાવે નાની માત્રામાં અચુક લેવાય.

## અઠવાડિક સપોર્ટ અને રેજીસ્ટન્ટ લેવલ




અનુરાગ ગુપ્તા
મો : ૦૯૨૫૫૧૯૧૬૪૩
Email : anuraghsr@yahoo.com


૨૨ ફેબ્રુઆરી થી ૨૭ ફેબ્રુઆરી ૨૦૧૦ સુધી

| SYMBOL | CLOSE | TREND | RES2 | RES1 | TREND LEVEL | SUPP1 | SUPP2 |
|---|---|---|---|---|---|---|---|
| NF FEB | 4848.95 | BULLISH | 5002.15 | 4925.55 | 4851.30 | 4774.70 | 4700.45 |
| ABB FUTURE | 804.85 | BULLISH | 844.92 | 824.88 | 793.72 | 773.68 | 742.52 |
| ACC FUTURE | 899.65 | BULLISH | 959.92 | 929.78 | 900.67 | 870.53 | 841.42 |
| BANKBARODA FUTURE | 569.95 | BULLISH | 623.92 | 596.93 | 573.47 | 546.48 | 523.02 |
| BEL FUTURE | 2057.15 | BULLISH | 2167.72 | 2112.43 | 2048.72 | 1993.43 | 1929.72 |
| BHEL FUTURE | 2355.65 | BULLISH | 2452.55 | 2404.10 | 2369.05 | 2320.60 | 2285.55 |
| BPCL FUTURE | 584.85 | BULLISH | 643.18 | 614.02 | 583.63 | 554.47 | 524.08 |
| CANBK FUTURE | 379.75 | BEARISH | 407.92 | 393.83 | 381.92 | 367.83 | 355.92 |
| CENTURYTEX FUTURE | 475.85 | BEARISH | 518.02 | 496.93 | 483.72 | 462.63 | 449.42 |
| CIPLA FUTURE | 316.45 | BULLISH | 331.08 | 323.77 | 318.38 | 311.07 | 305.68 |
| DABUR FUTURE | 171.30 | BEARISH | 175.30 | 173.30 | 170.65 | 168.65 | 166.00 |
| DLF FUTURE | 291.85 | BEARISH | 328.98 | 310.42 | 299.43 | 280.87 | 269.88 |
| DIVISLAB FUTURE | 596.40 | BULLISH | 639.10 | 617.75 | 596.05 | 574.70 | 553.00 |
| DRREDDY FUTURE | 1123.50 | BULLISH | 1151.30 | 1137.40 | 1116.05 | 1102.15 | 1080.80 |
| EDUCOMP FUTURE | 709.75 | BULLISH | 768.45 | 739.10 | 690.45 | 661.10 | 612.45 |
| GAIL FUTURE | 404.55 | BEARISH | 424.38 | 414.47 | 407.03 | 397.12 | 389.68 |
| GRASIM FUTURE | 2688.80 | BEARISH | 2818.53 | 2753.67 | 2710.13 | 2645.27 | 2601.73 |
| HCLTECH FUTURE | 362.65 | BULLISH | 377.55 | 370.10 | 361.05 | 353.60 | 344.55 |
| HDFC FUTURE | 2481.90 | BULLISH | 2586.63 | 2534.27 | 2442.63 | 2390.27 | 2298.63 |
| HDFCBANK FUTURE | 1691.35 | BULLISH | 1779.12 | 1735.23 | 1658.12 | 1614.23 | 1537.12 |
| HDIL FUTURE | 302.65 | BEARISH | 333.48 | 318.07 | 307.78 | 292.37 | 282.08 |
| HEROHONDA FUTURE | 1681.15 | BULLISH | 1735.25 | 1708.20 | 1683.65 | 1656.60 | 1632.05 |
| HINDUNILVR FUTURE | 239.30 | BULLISH | 252.13 | 245.72 | 237.58 | 231.17 | 223.03 |
| IDFC FUTURE | 151.30 | BULLISH | 162.87 | 157.08 | 151.62 | 145.83 | 140.37 |
| IDBI FUTURE | 117.70 | BEARISH | 123.37 | 120.53 | 117.77 | 114.93 | 112.17 |
| IFCI FUTURE | 49.45 | BEARISH | 52.88 | 51.17 | 49.98 | 48.27 | 47.08 |
| HINDPETRO FUTURE | 355.30 | BULLISH | 372.77 | 364.03 | 351.07 | 342.33 | 329.37 |
| ICICIBANK FUTURE | 830.70 | BULLISH | 877.60 | 854.15 | 827.85 | 804.40 | 778.10 |
| INDIACEM FUTURE | 120.30 | BEARISH | 129.77 | 125.03 | 122.07 | 117.33 | 114.37 |
| INFOSYSTCH FUTURE | 2532.75 | BULLISH | 2612.02 | 2572.38 | 2523.72 | 2484.08 | 2435.42 |
| IOC FUTURE | 321.90 | BULLISH | 339.63 | 330.77 | 318.48 | 309.62 | 297.33 |
| ITC FUTURE | 248.55 | BULLISH | 256.32 | 252.43 | 248.62 | 244.73 | 240.92 |
| IVRCLINFRA FUTURE | 314.00 | BEARISH | 330.47 | 322.23 | 313.67 | 305.43 | 296.87 |
| JSWSTEEL FUTURE | 1019.95 | BULLISH | 1120.25 | 1070.10 | 1026.35 | 976.20 | 932.45 |
| LT FUTURE | 1476.60 | BULLISH | 1536.87 | 1506.73 | 1464.87 | 1434.73 | 1392.87 |
| M&M FUTURE | 1002.85 | BULLISH | 1061.98 | 1032.42 | 1010.23 | 980.67 | 958.48 |
| MARUTI FUTURE | 1370.40 | BULLISH | 1416.73 | 1393.57 | 1361.83 | 1338.67 | 1306.93 |
| MTNL FUTURE | 75.80 | BULLISH | 80.47 | 78.13 | 74.82 | 72.48 | 69.17 |
| ONGC FUTURE | 1108.35 | BULLISH | 1141.85 | 1125.10 | 1102.55 | 1085.80 | 1063.25 |
| ORIENTBANK FUTURE | 264.70 | BEARISH | 281.77 | 273.23 | 266.37 | 257.83 | 250.97 |
| PRAJIND FUTURE | 82.35 | BEARISH | 89.98 | 86.17 | 83.83 | 80.02 | 77.68 |
| PUNJLLOYD FUTURE | 173.80 | BEARISH | 190.77 | 182.28 | 177.17 | 168.68 | 163.57 |
| PFC FUTURE | 234.80 | BEARISH | 257.47 | 246.13 | 238.32 | 226.98 | 219.17 |
| PATNI FUTURE | 475.40 | BULLISH | 489.67 | 482.53 | 470.77 | 463.63 | 451.87 |
| RANBAXY FUTURE | 443.90 | BULLISH | 486.87 | 465.38 | 437.22 | 415.73 | 387.57 |
| RELINFRA FUTURE | 1006.10 | BEARISH | 1097.23 | 1051.67 | 1026.48 | 980.92 | 955.73 |
| RELCAPITAL FUTURE | 744.00 | BEARISH | 792.93 | 768.47 | 752.03 | 727.57 | 711.13 |
| RELMEDIA FUTURE | 220.00 | BEARISH | 243.80 | 231.90 | 225.45 | 213.55 | 207.10 |
| RELIANCE FUTURE | 985.65 | BEARISH | 1059.72 | 1022.68 | 999.72 | 962.68 | 939.72 |
| ROLTA FUTURE | 180.50 | BEARISH | 192.17 | 186.33 | 182.67 | 176.83 | 173.17 |
| RPOWER FUTURE | 139.70 | BEARISH | 147.70 | 143.70 | 141.10 | 137.10 | 134.50 |
| RNRL FUTURE | 62.65 | BEARISH | 67.22 | 64.93 | 63.52 | 61.23 | 59.82 |
| SBIN FUTURE | 1910.05 | BEARISH | 1991.95 | 1951.00 | 1921.05 | 1880.10 | 1850.15 |
| TATAMOTORS FUTURE | 698.30 | BULLISH | 740.17 | 719.23 | 698.72 | 677.78 | 657.27 |
| TATAPOWER FUTURE | 1238.35 | BEARISH | 1300.12 | 1269.23 | 1246.92 | 1216.03 | 1193.72 |
| TATATEA FUTURE | 929.05 | BEARISH | 980.08 | 954.57 | 940.78 | 915.27 | 901.48 |
| TCS FUTURE | 752.20 | BULLISH | 781.97 | 767.08 | 752.82 | 737.93 | 723.67 |
| TATASTEEL FUTURE | 860.35 | BULLISH | 515.92 | 688.13 | 756.77 | 928.98 | 997.62 |
| TITAN FUTURE | 1808.25 | BULLISH | 1923.35 | 1865.80 | 1788.40 | 1730.85 | 1653.45 |
| TATACOM FUTURE | 297.95 | BEARISH | 313.72 | 305.83 | 299.42 | 291.53 | 285.12 |
| UNITECH FUTURE | 70.30 | BEARISH | 79.83 | 75.07 | 71.63 | 66.87 | 63.43 |
| WIPRO FUTURE | 665.65 | BULLISH | 690.22 | 677.93 | 666.72 | 654.43 | 643.22 |
| ZEEL FUTURE | 251.05 | BEARISH | 269.32 | 260.18 | 255.12 | 245.98 | 240.92 |


**INTRADAY CALLS IN EQUITY OR COMMODITY BY SMS IN MKT TIME**
**GET ONE DAY FREE TRIAL**
**SEND SMS ON MOBILE 9992012310 YOUR NAME, MOBILE NO. ,EQUITY OR COMMODITY**


## હવે પછી બજારની ગતિ ચીનની શરુઆત અને બજેટ જ નક્કી કરશે

બજાર સમય પછી ફેડરલ રિઝર્વ દ્વારા અનઅપેક્ષિત રીતે ડીસ્કાઉન્ટ રેટ ૨૫ બીપીએસથી વધારીને ૭૫ બીપીએસ કરવામાં આવ્યો. આ ફેડના પગલા પછી ડોલર ઈન્ડેક્ષમાં પણ ૧ ટકો એટલે કે ૮૧ પોઈન્ટ વૃધ્ધિ થઈ.

ત્રણ વર્ષથી વધુ સમયમાં પ્રથમ વાર જ આ ડીસ્કાઉન્ટ રેટમાં વૃધ્ધિ કરવામાં આવેલ છે.

ડીસ્કાઉન્ટ રેટ એ છે કે જે સેન્ટ્રલ બેંક દ્વારા બેંકોને પાસે લેવામાં આવે છે અને ફેડ રેટ એ છે કે જે બેંકો દ્વારા સેન્ટ્રલ બેંક પાસે લેવામાં આવે છે.

પુરા વિશ્વમાં તુરતમાં જ વ્યાજ દર વધારવા માટે પુરતી તૈયારીઓ થઈ ગયેલ છે.

ભારતની બીજા નંબરની ખાનગી ક્ષેત્રની સૌથી મોટી ધીરાણ સંસથા એચ ડી એફ સી બેકં તેના ફીકસ ડીપોઝીટના વ્યાજમાં મેચ્યુરીટી સુધી ૧૫૦ બેઝીક પોઈન્ટની વૃધ્ધિ કરેલ છે. ગત માસે


**ધારણા બજેટની**



**રાજેશ કોઠારી**
**મો. ૦૯૮૯૨૧૪૫૩૩૫**


રિઝર્વ બેંક દ્વારા કેશ રિઝર્વ રેશિયોમાં ૦.૭૫ ટકા સુધી વૃધ્ધિ કરવામાં આવી હતી નેને અનુસરીને આ પગલું લેવામાં આવેલ છે.

આવનાર સપ્તાહમાં બજાર, દ્વિતિય સી. આર. આર. વૃધ્ધિ પછી ઉઘડતા બજારનું નિરીક્ષણ કરી આગળ વધશે. બજેટ પણ બજારની આગળની ગતિ માટે અગત્યનું પાસું બની રહેનાર છે જે આવનાર સપ્તાહે બજારની ગતિ નક્કી કરશે.

**મારા મંતવ્ય મુજબ નીચે જણાવેલ ક્ષેત્રોને બજેટમાં ફાયદો થઈ શકે**

**ઓઈલ અને ગેસ**
રિલાયન્સ, ઓએનજીસી,ગેઈલ

**મિડીયા અને મનોરંજન**
ક્રીસ્ટ એનીમેશન, ટીવી ૧૮, પ્રાઈમ ફોકસ

**ટેક્ષટાઈલ્સ**
અરવીંદ મિલ્સ, સેન્ચ્યુરી ટેક્ષટાઈલ્સ

**સામાન્ય નાગરિક માટે વધુ કર રાહતો**

**શિક્ષણ**
એડયુકોમ્પ, એનઆઈઆઈટી

**ફાર્માસ્યુટિકલ્સ**
સિપલા, રેનબક્ષી, ગ્લેનમાર્ક વગેરે


**યશ મેનેજમેન્ટ, બીએસઈ કોડ ૫૧૧૬૦૧, હાલનો ભાવ રૂ.૦૭.૮૨**

**નેનો ટેક્નોલોજી ક્ષેત્રે દિવસે અને દિવસે હરણફાળ પ્રગતિ કરતી આ કંપની આવનાર દિવસો અને વર્ષોમાં અણધારેલી સફળતા દર્શાવિશે અને આ કંપનીમાં હાલના ભાવે કરેલ લાંબા ગાળાનું રોકાણ ઉમદા વળતર આપી શકે છે.**

જાહેરાત

**યશ મેનેજમેન્ટ એટલે નેનો ટેકનોલોજી ક્ષેત્રે છૂપાયેલો હીરો**

# આવતા સપ્તાહથી બજારમાં પ્રિબજેટ રેલીની શરુઆત

**બેસ્ટ સ્ક્રીપ ઓફ ધી વીક**
**એમ ટી એન એલ**
**બીએસઈ કોડ ૫૦૦૧૦૮**
**હાલનો ભાવ રૂ. ૭૬**

ઉપર જણાવ્યું તેમ છેલ્લા ૩૫ દિવસથી ચાલતી વૈશ્વિક શેરબજારની

## આવતા સપ્તાહમાં ટેલીફોનના શેરોમાં આગ ભભૂકતી તેજી

મંદી લગભગ હાલ પુરતી પુરી થઈ ગયેલ હોય તેવું જણાઈ રહેલ છે, કારણ કે વિશ્વનાં તમામ બજારો જેવાં કે યુરોપ, અમેરીકા, ભારત, ચીન, જાપાન વિગેરે ઘટ્યા મથાળેથી રોજબરોજ માર્કેટના છેલ્લા ટ્રેડીંગ કલાકમા દિવસ દરમ્યાનના ઘટાડેથી લગભગ ૮૦ ટકા જેટલા રિકવર થઈ જાય છે. જેમ કે ભારતીય શેર બજાર ગત સપ્તાહમાં ઘણા લાંબા સમય પછી સાપ્તાહિક ૪૪ પોઈન્ટના વધારા સાથે ૧૬૧૯૫ પોઈન્ટે બંધ આવ્યું, જે આવતા સપ્તાહમાં સુધારા સંકેત આપી રહેલ છે.

આગામી સપ્તાહમાં ઓછા જોખમે સારું વળતર આપે તેવા પાંચ શેરો લેવાની અત્રે ભલામણ કરું છું.

**એમ ટી એન એલ**
**બીએસઈ કોડ ૫૦૦૧૦૮**
**હાલનો ભાવ રૂ. ૭૬**

સરકારી જાહેર ક્ષેત્રની ટેલીફોનના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપની તાજેતરમાં જ સરકાર તરફથી ભારતમાં રમાઈ રહેલ કોમન વેલ્થ ગેઈમ ૨૦૧૦ના ટેલીકોમ સર્વિસ પ્રોવાઈડર તરીકેનો ઓર્ડર મેળવી શકેલ છે. કંપની તેની બુક વેલ્યુ ૧૯૨ કરતાં અડધી કિંમતે ઉપલબ્ધ છે, તો આ શેરમાં હાલના ભાવે રોકાણ કરવામાં ઘટવામાં રૂ. ૨ અને વધવામાં રૂ. ૨૦નો ફાયદો થવાની શકયતાઓ છે. ડીલીવરીબેઈઝ રોકાણ કરવું હીતાવહ રહેશે.

**સર્કિટ ૨ સર્કિટ (અપર)**



**અશ્વિન શાહ**
**મો. ૯૯૨૫૦૦૨૬૧૯**
(કે.પી. કમાલ) મુંબઈ
www.theeagleinvestor.co.in

**આર કોમ**
**બીએસઈ કોડ ૫૩૨૭૧૨**
**હાલનો ભાવ રૂ. ૧૬૫.૦૦**

અનિલ અંબાણી ગ્રુપની ટેલીકોમના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપનીનો શેર છેલ્લા ઘણા દિવસોથી ચાલતી ટેલીકોમ ક્ષેત્રની મંદીના કારણે તેની પર સપ્તાહની નીચી સપાટીએ આવી ગયેલ છે, તો મજબૂત ફંડામેન્ટલ ધરાવતી આ કંપનીના શેરમાં હાલના ભાવેક રેલ રોકાણ લાંબા ગાળે સારું વળતર આપી શકે તેમ છે.

**ભારતીય એરટેલ**
**બીએસઈ કોડ ૫૩૨૪૫૬**
**હાલનો ભાવ ૨૭૮.૦૦**

ટેલીકોમ ક્ષેત્રના વ્યવસાય સાથે સંકળાયેલ અને વિશ્વમાં મોખરાનું સ્થાન ધરાવતી આ કંપનીનો શેર પણ તેની પર સપ્તાહની નીચી સપાટીએ ઉપલબ્ધ છે. તો આ શેરમાં હાલના ભાવે ડીલીવરીબેઈઝ કરેલ રોકાણ આવનાર દિવસોમાં લોટરી જેવું સાબિત થઈ શકે તેમ છે.

**સ્પાઈસ જેટ**
**બીએસઈ કોડ ૫૦૦૨૮૫**
**હાલનો ભાવ રૂ. ૫૮.૪૦**

એરલાઈન્સના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપનીનો શેર પણ છેલ્લા ઘણા દિવસથી કરોડોના વોલ્યુમ સાથે ટ્રેડીંગ કરીને ધૂમ મચાવી રહેલ છે. બજેટમાં એરલાઈન્સ કંપનીઓને અનુલક્ષીને કોઈ સારી જાહેરાત થાય તેવી શકયતાઓ જણાય છે. તો આ કંપનીના શેરોમાં આવતા સપ્તાહમાં તેજીની લહેર દેખાય.

**કીંગફીશર એરલાઈન્સ**
**(કેએફએ)**
**બીએસઈ કોડ ૫૩૨૭૪૭**
**હાલનો ભાવ રૂ. ૫૧.૦૦**

જાણીતા ઉદ્યોગપતિ વિજય માલિયા દ્વારા પ્રમોટ કરાયેલ એરલાઈન્સના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપનીનો શેર પણ છેલ્લા ઘણા દિવસથી વોલ્યુમ સાથે ટ્રેડ થઈ રહેલ છે અને આ કંપનીના શેરમાં પણ આવતા સપ્તાહમાં ઓછામાં ઓછો રૂ. ૫ થી ૧૦નો ઉછાળો જોવા મળે તેવી શકયતાઓ છે તો હાલના ભાવે ડીલીવરીબેઈઝ રોકાણ કરવું હીતાવહ રહેશે.

**ગીતાંજલી જેમ્સ**
**બીએસઈ કોડ ૫૩૨૭૧૫**
**હાલનો ભાવ રૂ. ૧૨૦.૦૦**

જેમ્સ અને જ્વેલરીના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપનીનો શેર છેલ્લા ઘણા સમયથી સારો દેખાવ કરી રહેલ છે, બજેટમાં આ સેકટરને સારી રાહતો મળે તેવી શકયતાઓ છે તો હાલના ભાવે ટૂંકા તેમ જ લાંબા સમયગાળા માટે આ શેરમાં રોકાણ કરવું હીતાવહ રહેશે.

**એમટીએનએલના શેર પોર્ટફોલિયોમાં વસાવો અને તમારા કુટુંબને મહાનગરમાં વસવાટ કરાવો**

# માર્કેટમાં અતિ જોખમી વધઘટ જોવા મળે

વાંચક મિત્રો, ગત સપ્તાહમાં માર્કેટમાં નીચા મથાળે લેવાલી જોવા મળીહતી. તેમજ માર્કેટ સ્ક્રીપવઈઝ ચાલતું જોવા મળ્યું હતું. આવનાર સપ્તાહમાં માર્કેટ બજેટ લક્ષી ચાલતું જોવા મળશે. મમતા બેનર્જી રેલ બજેટ અને પ્રણવ મુખર્જી બજેટ આપશે જેના ખાસ નહીં તો ઓઈલ એન્ડ ગેસ, ઈન્ફ્રા, ટેક્ષટાઈલ, એગ્રિકલ્ચર, તેમજ એફએમસીજી સેકટરની શાન તેમજ કાયદા એ તેને અનુરુપ બજેટ આપશે તેવી ધારણાઓ ધારવામાં આવે છે. જ્યારે મેટલ, આઈટી, ઓટો સેક્ટર માટે આ બજેટ નુકસાન કારક બની રહી શકે છે. છતાં તેલ જુઓ તેલની ધાર જુઓ. એફ એન્ડ ઓનું છેલ્લું સપ્તાહ તેમજ બજેટ માર્ચ હોવાથી માર્કેટમાં મોટી અફડા તફડી જોવા મળશે. માત્ર કેટા માર્કેટમાં ડિલેવરીબેઈઝ કામ કરવું. એફ એન્ડ ઓના વેપારથી દૂર રહેવું.અથવા ઓવરનાઈટ એફ એન્ડ ઓ કરવો નહીં. નહીં તો પસ્તાવાનો વારો આવશે. મિત્રો સ્ટોપલોસ વગર આરટીઓ કરવા નહીં.

**(૧) એચડીએફસી (૨૪૮૭.૭૦)** :- આ સ્ક્રીપમાં નજીકના ૨૪૭૮ અને દૂરના ૨૪૬૬ સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં ૨૪૯૬ આ ઉપર ૨૫૦૮ આ ઉપર ૨૫૨૨ થી ૨૫૩૭ નો ભાવ જોવા મળે.

**(૨) ગ્રાસીમ (૨૬૮૧.૧૫)** :- આ સ્ક્રીપમાં નજીકના ૨૬૭૨ અને દૂરના ૨૬૬૨ સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં ૨૬૯૨ આ ઉપર ૨૭૦૫ આ ઉપર ૨૭૧૮ થી ૨૭૩૩ નો ભાવ જોવા મળે.

**(૩) કોલગેટ (૬૯૮.૧૫)** :- આ સ્ક્રીપમાં નજીકના ૬૯૨ અને દૂરના ૬૮૭ સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો.

**બેસ્ટ ટીપ્સ**



**રૂપેશ શાહ**
**મો. ૯૪૨૮૭૩૨૫૭૨**
rup947@yahoo.co.in

ઉપરમાં ૭૦૪ આ ઉપર ૭૧૧ આ ઉપર ૭૧૭ થી ૭૨૬ નો ભાવ જોવા મળે.

**(૪) અબાન (૧૧૯૨.૩૦)** :- આ સ્ક્રીપમાં નજીકના ૧૧૮૪ અને દૂરના ૧૩૭૩ સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં ૧૨૦૩ આ ઉપર ૧૨૧૬ આ ઉપર ૧૨૨૮ થી ૧૨૪૨ નો ભાવ જોવા મળે.

**(૫) મુંદ્રા (૬૫૫.૫૫)** :- આ સ્ક્રીપમાં નજીકના ૬૪૮ અને દૂરના ૬૪૧ સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં ૬૬૪ આ ઉપર ૬૭૩ આ ઉપર ૬૮૭ થી ૬૯૬ નો ભાવ જોવા મળે.

**(૬) ટાઈટન (૧૮૦૫.૧૫)** :- આ સ્ક્રીપમાં નજીકના ૧૭૯૪ અને દૂરના ૧૭૮૭ સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં ૧૮૧૪ આ ઉપર ૧૮૨૬ આ ઉપર ૧૮૩૮ થી ૧૮૫૬ નો ભાવ જોવા મળે.

**(૭) ઓઈલ (૧૧૪૬.૪૦)** :- આ સ્ક્રીપમાં નજીકના ૧૧૩૮ અને દૂરના ૧૧૩૨ સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં ૧૧૫૩ આ ઉપર ૧૧૬૪ આ ઉપર ૧૧૭૮ થી ૧૧૯૫ નો ભાવ જોવા મળે.

**(૮) હીરો હોન્ડા (૧૬૭૯.૭૫)** :- આ સ્ક્રીપમાં નજીકના ૧૬૭૧ અને દૂરના ૧૬૬૪ સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં ૧૬૮૮ આ ઉપર ૧૬૯૭ આ ઉપર ૧૭૦૮ થી ૧૭૨૩ નો ભાવ જોવા મળે.

# સોફ્ટવેર - ઓટો થી સાવધાન

**જતીન્દ્ર પાન નં. ૩ નું ચાલુ**

મુવમેન્ટ જોવા મળી શકે.

સ્ટોક સ્પેસિફિક ભલામણો

**ઈન્ડસીન્ડ બેંક :**

હાલના ભાવે તેમ જ ઘટાડે ખરીદો. રૂ. ૧૪૮નો સ્ટોપલોસ રાખો. આવનાર દિવસોમાં આ શેર રૂ. ૧૬૬ થી ૧૭૫ની સપાટી દર્શાવી શકે.

**ઈન્ડસીન્ડ બેંક :**

આ શેર છેલ્લા ૪ થી ૬ માસથી સતત ખૂબ સારો દેખાવ કરી રહેલ છે. સાપ્તાહિક ચાર્ટ પણ મજબૂત ઉર્ધ્વગતિ દર્શાવી રહેલ છે. હાલના ભાવે અથવા તો ઘટાડે ખરીદો. આવનાર દિવસોમાં ૬૯૮ થી ૭૨૬ની સપાટી દર્શાવી શકે. રૂ. ૬૪૮નો સ્ટોપલોસ રાખવો.

**ડાબર બેંક :**

લાગે છે કે ટૂંકાગાળાનું કરેકશન પુર્ણ થયું. હાલના ભાવે રૂ. ૧૬૬ નો સ્ટોપલોસ રાખીને ખરીદોઈ આ શેર માટે આવનાર દિવસોમાં રૂ. ૧૮૦ થી ૧૮૬નો લક્ષાંક રાખી શકાય.

**એડયુકોમ્પ :**

આ શેરમાં તેજીમય રચના જણાઈ રહેલ છે. ૭૨૨ ઉપર આ શેર ખરીદો. જો એક વખત આ સપાટી આવે અને ખરીદી શરૂ થાય તો રૂ. ૬૯૫નો સ્ટોપલોસ રાખો. હાલની ચાર્ટ પરની રચના ઓછામાં ઓછો રૂ. ૭૭૦ થી ૭૭૫નો લક્ષાંક દર્શાવી રહેલ છે.

**ATTENTION**

The material contained in the Economic Revolution is based on Fundamental and Technical analysis & other scientific methods and also the knowledge and belief of author. Error can not to be rulled out. The information given is of advisory nature only. The Editor, the Publisher and the Author does not take any consequences arising out of it. All rights reserved. Reproducing to whole or in part of any matter including featurs without permision is not permitted. Letgal jurisdiction is Ahmedabad only. The material given in the Economic Revolution is the views of author only, it not means that Editor is agree with it, so Editor, the Publisher and the printer is not resposible for the contains in writers article.

Narendra JoshiEditor,
The Economic Revolution.

# બજારો બજેટની સામે વોલેટાલીટી વધશે

**વિતેલા સપ્તાહે** બીએસઈ સેન્સેક્ષ (૧૬૧૯૧.૬૩) અને નિફ્ટી (૪૮૪૪.૯૦) બંન્ને ૦.૦૨ ટકા અને ૦.૦૩ ટકા વધીને બંધ આવ્યા હતા. નિફ્ટી ફ્યુચર ફેબ્રુઆરી ૩.૧૦ પોઈન્ટના પ્રિમિયમમાં હતો. નિફ્ટી ફેબ્રુઆરી ૪૯૦૦ ના કોલ ઓપ્શનમાં ભારે રસ જોવાયો હતો.

**સેન્સેક્ષમાં સપોર્ટ** ૧૫૯૭૫ નો અને રેજીસ્ટન્સ ૧૬૪૪૫ છે.

૨૪મી ફેબ્રુઆરીએ રેલ બજેટ રજૂ કરવામાં આવશે. યુનિયન બજેટ ૨૦૧૦-૧૧ ૨૬મી ફેબ્રુઆરી ૨૦૧૦ના રોજ રજૂ કરવામાં આવનાર છે.

ભારતી એરટેલ અને ટાટા સ્ટીલ ના ઓપન ઈન્ટરેસ્ટમાં ફેબ્રુઆરી સિરીઝમાં રસ જોવાયો હતો. આરઆઈએલ ના ફેબ્રુઆરી ના કોલ ઓપ્શનમાં સ્ટ્રાઈક પ્રાઈઝ ૧૦૦૦ માં સારી પોઝીશન લેવાતી જોવા મળી છે. ટાટા સ્ટીલ માં કોલ ઓપ્શનમાં સ્ટ્રાઈક પ્રાઈઝ ૫૮૦ પણ જોવા મળેલ છે.

**ફ્યુચર ઓપ્શનના ખેલાડીઓ માટે**

**૧. ટાટા સ્ટીલ (૫૬૦.૭૫)** લોટસાઈઝ ૭૬૪ શેર

● માર્ચ માસના સ્ટ્રાઈક ભાવ ૫૬૦ થી ૩૦.૪૦ રૂા. ના ભાવે એક કોલ ઓપ્શન ખરીદો.

● માર્ચ માસના ૫૮૦ ના સ્ટ્રાઈક પ્રાઈસથી રૂ. ૧૯.૩૦ ના ભાવે એક કોલ ઓપ્શન વેચો.

**બુલેટ**



**નરેન્દ્ર નયનાની**
**મો. ૯૮૯૮૧૬૨૭૭૦**
nainaninarendra@Hotmail.com
Yahoo Messanger Id-narendranainani
www.narendranainani.blogspot.com

**ચુકવેલ પ્રિમિયમ** = ૩૦.૪૦★૭૬૪= ૨૩૨૨૫.૬૦ રૂ.

**મેળવેલ પ્રિમિયમ** = ૧૯.૩૦ ★૭૬૪= ૧૪૭૪૫.૨૦ રૂા.

**ચોખ્ખું ચુકવેલ પ્રિમિયમ** = ૨૩૨૨૫.૬૦ -૧૪૭૪૫.૨૦ = ૮૪૮૦.૪૦ રૂ.

**વધારેમાં વધારે નફો** : = ૫૮૦ - ૫૬૦ = ૨૦★૭૬૪ = ૧૫૨૮૦ - ૮૪૮૦.૪૦ = ૬૭૯૯.૬૦ રૂ.

**વધારેમાં વધારે નુકશાન** : = ૮૪૮૦.૪૦ રૂ.

**બ્રેક ઈવન પોઈન્ટ** : = ૫૭૧.૧૦

**૨. રેનબાક્ષી (૪૪૬.૯૦)** : ફેબ્રુઆરી માસ ફ્યુચર લોટ સાઈઝ ૮૦૦ શેર

● રૂ. ૪૪૬.૯૦ ના ભાવથી માર્ચ માસ ફ્યુચરનો એક લોટ ખરીદો.

● **વેચો એક કોલ ઓપ્શન** : માર્ચ માસ સ્ટ્રાઈક ભાવ ૪૫૦ થી રૂ. ૧૮.૬૦ ના ભાવે

**મેળવેલ પ્રિમિયમ** : = ૧૬.૬૦ ★૮૦૦ = ૧૪૮૮૦.૦૦ રૂ.

**વધારેમાં વધારે નફો** : = ૪૫૦ -૪૪૬.૯૦= = ૩.૧★૮૦૦ = ૨૪૮૦ + ૧૪૮૮૦.૦૦ = ૧૭૩૬૦.૦૦

**વધારેમાં વધારે નુકશાન** : અસિમિત

**૧. એપોલો ટાયર** (૫૮.૩૦) ઘટાડે આ સ્ટોક ખરીદીને વેપાર કરો.

**૨. બીઆરએફએલ** (૨૦૭.૩૫) ઘટાડે આ સ્ટોક ખરીદીને વેપાર કરો.

# આ સપ્તાહે બજેટને અનુલક્ષીને સ્ટોક અને સેક્ટર સ્પેશીફિક વેલ્યુબાઈંગ સાથે ઉછાળો જોવાશે

ઈન્વેસ્ટરો અને વાંચક મિત્રો, દુનિયાનો સૌથી મોટી લોકશાહી ધરાવતું ભારત તેનું કેન્દ્રીય બજેટ આગામી દિવસોમાં રજૂ કરવા જઈ રહ્યું છે. નાણા મંત્રી શ્રી પ્રણવ મુખરજી આ વખતે ભારતનું કેન્દ્રિય બજેટ સૌની આશા-અપેક્ષાઓ વચ્ચે રજૂ કરવા જઈ રહ્યા છે. ભારતમાં દરેક વર્ગનાં માણસો, મિડીયા,ભારતભરમાં તથા વિદેશનાં ટોચના ઔદ્યોગિક ગૃહો, એફઆઈઆઈ, મ્યુચ્યુઅલ ફંડો, એચએનઆઈ ફંડો વગેરેની બાજ નજર આપણાં બજેટ ઉપર રહેશે. ભારતનાં તથા આખાં વિશ્વનાં મોટાં ઉદ્યોગપતિઓ, નાણાંકીય સદ્ધર એફઆઈઆઈ, મ્યુ. ફંડો, એચએનઆઈ,એફઆઈઆઈ સૌની નજર વધારે આપણાં બજેટ ઉપર જ હશે. કારણ કે, જ્યારે યુ.એસ. અને યુકે., તથા યુરોપિયન ઈકોનોમીની હાલત ડામાડોળ છેઅને કથળતી જાય છે તથા સંઘર્ષમાંથી પસાર થઈ રહી છે ત્યારે આપણું અર્થતંત્ર ૭ થી ૮ નાં દરે વિકાસ પામી રહ્યું છે જે વખાણવા લાયક છે.

નાણાં પ્રધાનશ્રી પ્રણવ મુખર્જી પાસે ઘણાં જ પડકારો છે. કેન્દ્રીય બજેટને સંતુલિત સ્વરૂપે રજૂ કરવા માટે,જેમ કે, મુખ્યત્વે રાજકોષીય ખાધ ઘટાડવી, સ્ટીમ્યુલસ પેકેજ પાછા ખેંચવા કે નહીં, ફુગાવો, અન્ન ફુગાવો, પીએસયુ ડીસઈન્વેસ્ટમેન્ટ, એમ્પ્લોયમેન્ટ, આર્થિક સુધારાઓ, ડોલર અને કોમોડિટીના વધતા ભાવો, વ્યાજદરો, કૃષિ ક્ષેત્રે ઘણાં જ સુધારાઓ તથા મોટા, એક્ષપોર્ટમાં વધારો થાય તેવા પગલાંઓ, ઘણાં જ સેક્ટરો હજુ પણ પૂર્ણ વિકાસ

**બજેટ બાજ નજરે**



**પારસ ઘેલાણી**
**મો. ૯૦૯૯૦૧૦૮૨૭**
ghelani.paras@gmail.com
parasghelani@rediffmail.com

અને ગ્રોથ માટે સારાં પગલાં, રાહતોની રાહ, પ્રજાનો મોંઘવારી પ્રત્યે આક્રોશ ગ્રામીણ વિકાસ, કૃષિ, ઈન્ફ્રા,ના અસંખ્ય ઉદ્યોગોને રાહત વગેરે જેવાં ઘણાં જ પરિબળો અને અત્યારની પરિસ્થિતિને ધ્યાનમાં લઈને બજેટ રજૂ કરવું પડશે. તે ધ્યાનમાં લેવું હિતાવહ રહેશે.

ટૂંકમાં આગામી કેન્દ્રીય બજેટ માટે નાણાં પ્રધાને ખૂબ જ કવાયત કરી, ઘણાં જ પરિબળોને ધ્યાને લઈને, ડો. મનમોહનસિંઘ, સોનિયા ગાંધી તથા સર્વેની આશા, અપેક્ષાઓ પૂર્ણ કરવા માટેનું રજૂ કરવું પડશે.

અત્રે એવા સેક્ટરો અને તેના સંલગ્ન શેરોની યાદી આપું છું કે આવનારા બજેટમાં જે તે સેક્ટરોની સારી જાહેરાતો આવવાની સંભાવના છે. અથવા તો જે તે સેકટરોને લાભ થાયતેવી જાહેરાતો થાય તો તે સેક્ટરો અને સાથે દર્શાવેલાં શેરોને લાભ થવાની પૂરેપુરીશક્યતાઓ રહેલી છે. અત્રે દર્શાવેલ કોષ્ટકમાં સેક્ટર અને જે તે સેક્ટર સ્પેશીફિક સ્ક્રીપ્ટોની યાદી આપેલ છે જે ધ્યાનમાં લેવી.

તદ્ ઉપરાંત ધ્યાનમાં રાખવા જેવી અન્ય સ્ક્રીપ્ટોમાં સ્ટેડી ઈન્ડ., કે. સેરાસેરા, એફડીસી, પ્રીમિયર એક્સ્પ્લો., પેનાસોનિક, કાર્બન, સેઈન્ટ ગોબેઈન, એસકેએફ, એવન ઓર્ગેનિક, આલ્ફાજીઓ, માર્કસન્સ, સીએચડી ડેવલોપ, થીંક સોફ્ટ,ઈસ્પાત, સેન્ચુરી એન્કા, મેંગ્લોર કેમિકલ, ઓસ્ટ્રલ કોક, કસ્તુરી ગ્લોબલ, એરા ઈન્ફ્રા, અશાહી ઈન્ફ્રા., એટીએન ઈન્ટર, બીરલા એરિક્શન, ફેરો એલોઈઝ, હિંદ કોપર, આઈટીઆઈ, કિર્તી ઈન્ડ., રાસ પ્રોપ્કે, કાલ્કોમ વીઝન, નોબલ એક્સ્પ્લો., ઓનવર્ડ ટેકનો જે તે સેક્ટર લક્ષી ધ્યાને લઈ શકાય.

મિત્રો અત્રે દર્શાવેલ સર્વે સેક્ટરો, સ્ક્રીપ્ટોમાં આગામી સપ્તાહે, બજેટ રજૂ થતાં પહેલાં જોરદાર વેલ્યુબાઈંગ સાથે, તેજીનું તોફાન જોવાઈ શકે તેવું અમારુ અનુમાન છે. રોકાણ અંગે અંગત કેપેસીટી, જોખમને ધ્યાને લઈ સ્વનિર્ણય જ કરવો હિતાવહ રહેશે.

## સારા બજેટની જાહેરાતથી લાભ થાય તેવી કંપનીઓની યાદી

| સેક્ટર | કંપનીના નામો |
|---|---|
| ઓઈલ એન્ડ ગેસ | એસ્સાર ઓઈલ, આરઆઈએલ,એમઆરપીએલ, પેટ્રોનેટ એલએનજી |
| ઈન્ફ્રાસ્ટ્રક્ચર | સોભા ડેવલપર્સ, જીટીએલઈન્ફ્રા., જય કોર્પો., બીએલ કશ્યપ |
| ડીસઈન્વેસ્ટમેન્ટ | હિન્દ કોપર, આરસીએફ, એનએફએલ, એનએમડીસી |
| પાવર | જેપી પાવર,આર. પાવર, સુઝલોન, વેબસોલ, ટોરન્ટ પાવર,એનએચપીસી |
| ટેલીકોમ | ભારતી ટેલી, જીટીએલ ઈન્ફ્રા, ઓનમોબાઈલ, એમટીએનએલ |
| એવીએશન | કેએફએ |
| બેંકિંગ | જે એન્ડ કે બેંક, આઈસીઆઈસીઆઈ |
| ફાર્મા | અનુ.લેબ, ન્યુટ્રાપ્લસ, સાન્ડુ ફાર્મા, વેનબરી |
| બાયોટેક | જ્યુપીટર બાયો, મીડિયામેન બાયો. |
| આઈટી | આફટેક ઈન્ફો, ટીસીએસ, સત્યમ, ગ્લોડીન, હેક્ઝાવેર |
| એફએમસીજી | ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝ, ગોદરેજ કન્ઝ્યુમર |
| ઓઈલ એક્ષપ્લોરેશન | હિન્દ ઓઈલ, આસામ કું., ડોલ્ફીન ઓફશોર |
| ફર્ટીલાઈઝર | આરસીએફ, એનએફએલ |
| જેમ્સ એન્ડ જ્વેલરી | રાજેશ એક્ષપોર્ટ, ગીતાંજલી |
| ફાઈનાન્સ | આઈએલ એન્ડ એફએસ, ટાટા ઈન્વેસ્ટ, ટીએફએલ, ઈન્ડિયા લીઝ ડેવલપમેન્ટ |
| માઈનિંગ એન્ડ મિનરલ | હિંદ કોપર, આરએનઆરએલ, કચ્છ મિનરલ, એનએમડીસી |
| મેટલ | ટીસ્કો, હિન્દાલ્કો,જય કોર્પો. |
| રીટેઈલ એન્ડ ટેક્ષટાઈલ | એસ. કુમાર, એલ એસ. ઈન્ડ., ટાઈમેક્ષ, સુપર સ્પીનિંગ, પ્રોવોગ, સેન્ચુરી ટેક્ષ., સુલઝર |
| કેમિકલ | એએસસીએલ, વિક્રમ થર્મો, ન્યુટ્રાપ્લસ, હિકલ |
| હોટેલ એન્ડ ટૂરિઝમ | હોટલ લીલા |
| ઈન્સ્યુરન્સ એન્ડ હાઉસિંગ ફાઈના. | એલઆઈસી હાઉસિંગ, ઈન્ડિયા. લિઝ ડેવલ. આઈસીઆઈસીઆઈ |
| સુગર | રિંગા સુગર, બજાજ હિન્દ |
| એન્જિનિરિંગ | બાટલી બોઈ, એલિકોન એન્જિ. |
| ઈરીગેશન | રુંગટા ઈરિગેશન |
| ઈ-ગવર્નન્સ અને આઈટી એજ્યુ. | એવરોન, એનઆઈઆઈટી, એપ્ટેક,એનઆઈઆઈટી ટેક. |
| ઓટો | ભારત ફોર્જ, જીએસ ઓટો, મારુતિ, ટેલ્કો, એમ એન્ડ એમ, મઝદા |
| ટી | આસામ કું. |
| પેસ્ટીસાઈડ્સ | બાયર કોર્પ., મોન્સાન્ટો |
| પ્લાસ્ટિકસ | રૂંગટા ઈરીગેશન, નિલકમલ |
| સ્ટેશનરી | નવનીત પબ્લિકેશન |

# આ શેરમાં કોઈ પણ વ્યૂહથી અચૂક અરજી કરી શકાય

## નવા ઈસ્યુ

નરેન્દ્ર જોષી

**યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયા લી.**

**પ્રસ્તાવના**

પબ્લિક સેકટરની બેંકીંગના વ્યવસાય સાથે જોડાએલ કંપની યુનાઈટેડ બેન્ક ઓફ ઈન્ડિયા લી તેનો રૂા. ૧૦નો એક એવા ૫,૦૦,૦૦,૦૦૦ ઈક્વિટી રૂા.૫૦ થી ૫૬ ના પ્રિમિયમથી રૂા. રૂ. ૬૦ થી ૬૬ ના ભાવે પ્રસ્તુત કરીને તા. ૨૩મી ફેબ્રુઆરીના રોજ મૂડી બજારમાં પ્રવેશી રહેલ છે. જેની વિગત આ સાથે સામેલ છે.

**કંપનીનો પરિચય**

યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયા એ ભારત સરકારની માલિકીની બેંકીંગના વ્યવસાય સાથે સંકળાયેલ કંપની છે જે ૨૮ રાજયોમાં તેમ જ ૪ ભારતની યુનિયન ટેરીટરીમાં પોતાની શાખાઓ દ્વારા કાર્યરત છે. આ બેંક હાલમાં સંપૂર્ણપણે ભારત સરકારની માલિકી ધરાવે છે. ડીસેમ્બર ૧૮,૨૦૦૯ અનુસાર આ બેંક ભારતભરમાં ૧૪૮૪ શાખાઓ ધરાવતી હતી તેમ જ ૨૬૫ એટીએમ ધરાવતી હતી. ૨૮ રીજીઓનલ કચેરીઓ તેમ જ ૧૧ એક્ષટેન્શન કાઉન્ટર ધરાવતી હતી. આ બેંક લગભગ ૧૫૮૧૩ કર્મચારીઓ ધારવે છે તેમાં અંશતઃ સમયના કર્મચારીઓનો પણ સમાવેશ થાય છે.

ભારતમાં તા. ૧૯ જુલાઈ, ૧૯૬૯ના રોજ ૧૪ બેંકોને રાષ્ટ્રીયકૃત કરવામાં આવી હતી, યુનાઈટેડ બેંક તેમાંની એક બેંક છે. આ બેંકની સ્થાપના ૧૯૫૦માં ચાર બેંકોના એકત્રીકરણ દ્વારા કરવામાં આવેલ હતી જેમાં કોમીલ્લા બેંકીંગ કોર્પોરેશન લી. (૧૯૧૪), બેંગાલ સેન્ટ્રલ બેંક લી. (૧૯૧૮), કોમીલ્લા યુનિયન બેંક લી. (૧૯૨૨) અને હૂગલી બેંક લી. (૧૯૩૨) નો સમાવેશ થાય છે.

આ બેંક ટી બેંક તરીકે પણ ઓળખાય છે કારણ કે પહેલાં તે ચાના બગીચાઓને લોન દ્વારા નાણાં ઉપલબ્ધ કરાવતી હતી અને ચા ઉદ્યોગમાં તે લોન આપનારી સૌથી મોટી બેંક તરીકે જાણીતી હતી.

આ બેંક વ્યક્તિગત બેંકીંગ, કોર્પોરેટ તેમ જ હોલસેલ બેંકીંગ, પ્રાયોરીટી સેકટર બેંકીંગ, ટ્રેઝરી આનુસંગિક કાર્ય અને બીજી બેંકીગ સેવાઓ પણ પુરી પાડે છે જેમા વીમા અને મ્યુચ્યુઅલ કંપનીઓ માટે એજન્સી અંગેનું કાર્ય, પેન્શન અને ટેક્ષ કલેકશન અંગેની સેવાઓ વગેરેનો સમાવેશ થાય છે. તેમનો છૂટક બેંકીંગ વ્યવસાય છૂટક વ્યક્તિગત ગ્રાહકોને નાણાકીય ઉત્પાદન અને સેવાઓ આપવાનો છે જેમાં આવાસ માટે, વ્યાપાર માટે, વાહન માટે, બીજી વપરાશની ચીજ વસ્તુઓ, શિક્ષણ, તેમ જ અંગત ઉપયોગ માટે લોન અને એડવાન્સીજ અને બીજી સેવાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત કોર્પોરેટ ગ્રાહકો, નાના અને મધ્યમ કદના ઉદ્યોગો તેમ જ સરકારી સંસ્થાઓને વાણિજ્યિક બેંકીંગ સેવાઓ પણ ઉપલબ્ધ કરાવે છે. આ ઉપરાંત ખેડૂતોને પણ ખેત ઉત્પાદન અને રોકાણ માટે પ્રત્યક્ષરીતે નાણાં ઉપલબ્ધ કરાવે છે તેમ જ ખેતી વિષયક ઉપયોગ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ માટે પરોક્ષ રીતે પણ નાણાં પુરાં પાડે છે.

**નાણાંકીય વિગતો અને ભલામણ :**

આ કંપનીની નાણાંકીય પરિસ્થિતિ ઉપર નજર કરીએ તો જણાય છે કે નાણાકીય વર્ષ ૨૦૦૭ દરમ્યાન આ કંપનીએ ૩૫૮.૫૫ કરોડનો ચોખ્ખો નફો કરેલ હતો અને તેમની કુલ સ્થાવક મિલકતો ૬૧,૫૦૦.૭૮ કરોડ હતી તેમ જ બીજી જંગમ મિલકતો પણ ૨૫૩૭.૮૩ કરોડ જેટલી હતી. સપ્ટેમ્બર ૩૦,૨૦૦૯અતિત છ માસિક ગાળા દરમ્યાન આ કંપનીએ રૂ. ૨૩૧.૧૦ કરોડનો નફો કરેલ છે અને સ્થાવર મિલકતો રૂ. ૭૧,૯૫૨.૨૫ અને જંગમ મિલકતો રૂ. ૨,૭૬૯.૮૭ હતી. આ કંપનીની ડીપોઝીટોમાં સતત વૃધ્ધિ થતી રહેલ છે અને છેલ્લા પાંચ વર્ષમાં તેમની ડીપોઝીટોમાં ૨૧.૧ ટકાના દરે વૃધ્ધિ થતી રહેલ છે. જયારે ચોખ્ખા એડવાન્સીજમાં પણ ૩૨.૮ ટકાના દરે સાતત્યભરી વૃધ્ધિ જોવા મળેલ છે.

ક્રેડીટ રંટીંગ કંપની ઈકરા દ્વારા પણ આ ઈસ્યુને સરાસરી ફંડામેન્ટલ વાળો ઠરાવેલ છે. એટલે કે ખરાબ પણ નહીં અને સારો પણ નહીં તેમ ઠરાવેલ છે. આ કંપનીના અડધા વર્ષની શેરદીઠ આવક લગભગ રૂ. ૨.૪૫ જેટલી જાય છે તેથી આ હિસાબે એક વર્ષની શેર દીઠ આવક રુ. ૫ થી ૬ થેટલી થાય. એટલે કે પી.ઈ. રેશિયો લગભગ ૧૦ થી ૧૧ આવે. હાલમાં આ બેંકના શેરનો વધુમાં વધુ ભાવ રૂ. ૬૬ મુકવામાં આવેલ છે. આજ સુધી જે પણ ઈસ્યુ આવ્યા તેમાં બેંકના ઈસ્યુમાં કોઈ ચીટીંગ થયેલ જોવા મળેલ નથી તેમ જ લગભગ મોટાભાગની બેંકોના શેર તેના ઈસ્યુ ભાવ કરતાં વધારે રહેલ છે ત્યારે આ શેરમાં અચૂક પણે અરજી કરી શકાય. લીસ્ટીંગ વખતે તેમ જ લાંબા ગાળે પણ અચૂક સારો લાભ થઈ શકે. ચોક્કસ પણે આ બેંકના આઈપીઓમાં અરજી કરો.

## યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયા લી.

**ઈસ્યૂ ખુલવાની તા. ૨૩મી ફેબ્રુઆરી ૨૦૧૦ થી ૨૫ ફેબ્રુઆરી ૨૦૧૦**

**ઈસ્યુનો પ્રકાર** : ૧૦૦ ટકા બુક બિલ્ડીંગ ઈસ્યુ
**કુલ ઈસ્યુની સાઈઝ** : ૫,૦૦,૦૦,૦૦૦ઈક્વિટી શેર
**ઈસ્યુ દ્વારા મળનાર રકમ** : ૩૦૦.૦૦ - ૩૩૦.૦૦ કરોડ
**ભરપાઈ થયેલ મૂડીનો હિસ્સો:** ૧૫.૮૦ ટકા
**શેરની મૂળ કિંમત** : રૂ. ૧૦
**પ્રાસ્તવિક કિંમત** : રૂ. ૬૦ થી ૬૬
**ઓછામાં ઓછી અરજી** : ૧૦૦ શેર (રૂા. ૬૬૦૦) (અપર સાઈડ)
**વધારેમાં વધારે અરજી** : ૧૫૦૦ શેર (રૂા. ૯૯૦૦૦) (અપર સાઈડ)
**પ્રમોટર્સ** : ભારતના રાષ્ટ્રપતિ

**કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ :**
યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયા લી.
૧૧, હેમન્ત બસુ સરાની,
કોલકાટા - ૭૦૦ ૦૦૧, પશ્ચિમ બંગાળ
ફોન નં. +૯૧ ૩૩ ૨૨૪૮ ૭૪૭૨
ફેક્સ નં. ૯૧ ૩૩ ૨૨૪૮ ૯૩૯૧
**Email: investors@unitedbank.co.in**

**Website:www.unitedbankofindia.com**

**ઈસ્યુના રજીસ્ટ્રાર** : લીંક ઈનટાઈમ ઈન્ડિયા પ્રા.લી.
સી-૧૩, પન્નાલાલ સિલ્ક મીલ્સ કંપાઉન્ડ,
એલબીએસ માર્ગ, ભન્ડુપ વેસ્ટ
મુંબઈ ૪૦૦૦૭૮
ફોન નં. +૯૧-૨૨-૨૫૯૬૩૮૩૮
ફેક્સ નં. +૯૧-૨૨-૨૫૯૪૬૯૬૯
**Email: ubi.ipo@linkintime.co.in**
**Website:http:// www.intimespectrum.com**

**બુકરનીંગ લીડ મેનેજર** : **એડલવીસ કેપિટલ લી. એસબીઆઈ કેપિટલ માર્કેટસ લી. એનમ સિક્યુરીટીઝ પ્રા.લી.**
**લીસ્ટીંગ** : બીએસઈ, એનએસઈ.

**આ આઈપીઓ દ્વારા સરકારશ્રીનો હિસ્સો ૧૫.૮ ટકા જેટલો**

### આઈપીઓ ગ્રેડીંગ

ક્રેડીટ રેટીંગ કંપની ઈકરા દ્વારા આ આઈપીઓને ગ્રેડ -૩ આપવામાં આવેલ છે. તેનો મતલબ એ આ કંપનીના મંતવ્ય મુજબ આ આઈપીઓ સરાસરી ફંડામેન્ટલ ધરાવે છે. ઈકરા ૫ થી ૧ સુધી ગ્રેડ આપે છે જેમાં ૫ સૌથી વધુ મજબૂત અને ૧ સૌથી નબળા ફન્ડામેન્ટલનું સૂચક છે.

**આજ સુધી જે પણ ઈસ્યુ આવ્યા તેમાં બેંકના ઈસ્યુમાં કોઈ ચીટીંગ થયેલ જોવા મળેલ નથી તેમ જ લગભગ મોટાભાગની બેંકોના શેર તેના ઈસ્યુ ભાવ કરતાં વધારે રહેલ છે ત્યારે આ શેરમાં અચૂક પણે અરજી કરી શકાય**

### શેરની ફાળવણી

| કયુબીઆઈ | નોન ઇન્સ્ટી | છૂટક | કર્મચારીઓ |
|---|---|---|---|
| ૩,૦૦,૦૦,૦૦૦ | ૨૫,૦૦,૦૦૦ | ૧,૫૦,૦૦,૦૦૦ | ૨૫,૦૦,૦૦૦ |

### આઈપીઓનો હેતુ

ભારતીય અર્થતંત્રના વિકાસ સાથે તેમની એસેટમાં પણ થયેલ વૃધ્ધિને કારણે ભવિષ્યમાં આવી પડનાર ખર્ચને પહોંચી વળવા માટે મૂડી એકત્રિત કરવા તેમ જઆ ઈસ્યુના ખર્ચને પહોંચી વળવા માટે

**છૂટક રોકાણકારો માટે ૫ ટકા ડીસ્કાઉન્ટ**

**આજ સુધી આવેલ બેંકના આઈપીઓની પરિસ્થિતિ**
**તા. ૧૯.૨.૨૦૧૦ના રોજના ભાવ મુજબ**

| માસ.વર્ષ | બેંકનું નામ | આઈપીઓ ભાવ | હાલનો ભાવ |
|---|---|---|---|
| ૨.૨૦૦૫ | દેના બેંક | રૂ.૨૭ | રૂ. ૭૬.૫૫ |
| ૫.૨૦૦૫ | ઓરીએન્ટલ બેંક | રૂ. ૨૫૦ | રૂ. ૨૬૩.૯૦ |
| ૮.૨૦૦૫ | સીન્ડીકેટ બેંક | રૂ. ૫૦ | રૂ. ૮૨.૨૦ |
| ૨.૨૦૦૬ | બેંક ઓફ બરોડા | રૂ. ૨૩૦ | રૂ. ૫૭૦.૧૦ |
| ૨.૨૦૦૬ | આંધ્ર બેંક | રૂ. ૯૦ | રૂ. ૧૦૦.૧૦ |
| ૩.૨૦૦૭ | ઈન્ડિયન બેંક | રૂ. ૯૧ | રૂ. ૧૬૮.૭૦ |
| ૮.૨૦૦૭ | સેન્ટ્રલ બેંક | રૂ. ૧૦૨ | રૂ. ૧૫૮.૨૦ |

# પ્રાઈમરી માર્કેટની ખાટી મીઠી

## થેંગમયીલ જવેલરીનો લીસ્ટીંગના દિવસે જ ધબડકો

નબળો પ્રતિસાદ પામેલ અને માત્ર ૧.૧૨ ગણો માંડ માંડ ભરાયેલ થેંગમયીલ જવેલરીનો આઈપીઓ જાન્યુઆરી માસમાં તા. ૨૯ થી ૨૭ દરમિયાન ખુલ્લો મુકવામાં આવેલ હતો આ ઈસ્યુનો રૂ. ૧૦ની મૂળ કિંમતના શેરનો ભાવ હાયર એન્ડમાં એટલે કે ર. ૭૫ નક્કી કરવામાં આવેલ હતો. જેનું લીસ્ટીંગ તા. ૧૯ ફેબ્રુઆરીને શુક્રવારના રોજ કરવામાં આવેલ હતું.બીએસઈ પર આ સ્ક્રીપનો કોડ નં. ૫૩૩૧૫૮ છે તેમ જ એન એસ ઈ THANGAMAYL સીમ્બોલ છે. આ કંપનીનું લીસ્ટીંગ ‘બી’ ગ્રુપમાં કરવામાં આવેલ છે. આ ઈસ્યુ ૭૫.૭૦ પૈસાના ભાવે ખુલેલ હતો એટલે કે રૂ.૦.૭૦ પૈસા ઉપર ખુલેલ હતો પરંતુ થોડીક જ મીનીટમાં રૂ. ૮૨ ની ઉચ્ચતમ ભાવ સપાટી દર્શાવીને નીચે સરકવા માંડેલ હતો અને નીચે તરફ રૂ. ૭૦ની ભાવ સપાટી દર્શાવી આખરે ઈસ્યુ પ્રાઈઝ કરતાં નીચે એટલે કે રૂ. ૭૧.૦૫ના ભાવે બંધ રહેલ હતો. આમ ધારણા મુજબ જ આ ઈસ્યુએ લીસ્ટીંગના દિવસે જ રોકાણકારોને નિરાશ કરેલ હતા.

## રૂરલ ઈલેકટ્રીફીકેશન કોર્પોરેશનનો એફપીઓ તેના પ્રથમ દિને ૦.૨૯ ગણો ભરાયો

રૂરલ ઈલેકટ્રીફીકેશનનો એફપીઓ તા. ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૧૦ ના રોજ જાહેર ભરણાં માટે ખુલ્લો મુકવામાં આવેલ હતો. આઈપીઓ તેના પ્રથમ દિને ૦.૨૯ ગણો ભરાયેલ હતો એટલે કે તેના પ્રથમદિને તેના કુલ ૧૭,૧૭,૩૨,૦૦૦ ઓફર કરેલ ઈકવીટી સામે કુલ ૪,૯૭,૧૪,૮૦૦ ઈકવીટી માટે અરજીઓ મળેલ છે જેમાં કયુબીઆઈ તરફથી ૦.૫૧૮૭ ગણો, બીન સંસ્થાકીય રોકોણકારો તરફથી ૦.૧૯૨૦ ગણો અને છૂટક રોકાણકારો તરફથી ૦.૦૦૫૫ ગણો તેમ જ તેમના લાયકાત ધરાવતા કર્મચારીઓ તરફથી ૦.૦૧૧૯ ગણો ભરાયેલ હતો. આ એફ પી ઓનો ભાવ ઈકવીટી દીઠ રૂ. ૨૦૩ ફીકસ કરવામાં આવેલ છે. આજે શુક્રવારે સેકંડરી માર્કેટમાં આ કંપનીના શેરનો બંધ ભાવ રૂ. ૨૧૪.૫૫ હતો.

## ડી.બી. રિઅલ્ટી લી.નો આઈપીઓ તા. ૨૪.૨.૨૦૧૦ ના રોજ લીસ્ટ થશે

ડી બી રિઅલ્ટી લી. નો આઈપીઓ તા. ૨૪મી ફેબ્રુઆરીને બુધવારે લીસ્ટ થવાનું નિર્ધારાયેલ છે. આ આઈપીઓમાં શેર દીઠ કિંમત રૂ. ૪૬૮ નક્કી કરવામાં આવેલ છે. આ આઈપીઓને પણ સારો પ્રતિસાદ સાંપડેલ હતો તે તે ૨.૯૫ ગણો ભરાયેલ હતો જેમાં છૂટક રોકાણકારો દ્વારા ખૂબ જ નબળો પ્રતિસાદ ભરાયેલ અને તો ૦.૩૬૫૮ ગણો જ ભરાયેલ હતો.

આ શેરને બીએસઈ સ્ક્રીપ કોડ ૫૩૩૧૬૦ ફાળવવામાં આવેલ છે. જયારે એન એસ ઈ સીમ્બોલ DBREALTY ફાળવવામાં આવેલ છે. આ કંપનીનું લીસ્ટીંગ ‘બી’ ગ્રુપમાં કરવામાં આવનાર છે.

## એકવા લોજીસ્ટિકસ લી.નો આઈપીઓ તા. ૨૩.૨.૨૦૧૦ ના રોજ લીસ્ટ થશે

એકવા લોજીસ્ટિકસ લી. નો આઈપીઓ તા. ૨૩ મી ફેબ્રુઆરીને મંગળવારે લીસ્ટ થશે. આ આઈપીઓમાં શેર દીઠ કિંમત રૂ. ૨૨૦ નક્કી કરવામાં આવેલ છે. આ આઈપીઓને સામાન્ય પ્રતિસાદ સાંપડેલ હતો તે ૧.૯૪ ગણો જ ભરાયેલ હતો જેમાં છૂટક રોકાણકારોએ સારો ઠીક ઠીક રસ દાખવેલ હતો અને તેઓ દ્વારા તો ૩.૦૦૦૨ ગણો ભરાયેલ હતો.

આ શેરને બીએસઈ સ્ક્રીપ કોડ ૫૩૩૧૫૯ ફાળવવામાં આવેલ છે. જયારે એન એસ ઈ સીમ્બોલ AQUA ફાળવવામાં આવેલ છે. આ કંપનીનું લીસ્ટીંગ ‘બી’ ગ્રુપમાં કરવામાં આવનાર છે.

## માન ઈન્ફ્રકન્સ્ટ્રકશન લી. ના આઈપીઓને મળેલો ખૂબ સારો પ્રતિભાવ તેના બીજા દિવસે ૬.૮૭ ગણો ભરાયો

માન ઈન્ફ્રાકન્સ્ટ્રક્શનનો આઈપીઓ તા. ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૦ના રોજ ભરણા માટે ખુલ્લો મુકવામાં આવેલ હતો, તા. ૧૯ સુધી એટલે કે બે દિવસમાં આ આઈપીઓમાં તેના ૪૬,૫૩,૧૫૦ શેરની ઓફર સામે ૩,૧૯,૬૬,૪૪૦ ગણો એટલે કે ૬.૮૭ ગણો ભરાયેલ છે. જેમાં કયુઆઈબી દ્વારા ૧૧.૬૧૯૫ ગણો, નોન ઈન્સ્ટીટયુશનલ રોકાણકારો દ્વારા ૯.૦૫૬૯ ગણો, છૂટક વ્યક્તિગત રોકાણકારો દ્વારા૦.૪૪૫૯ ગણો અને કર્મચારીઓ દ્વારા ૦.૦૦૧૮ ગણો ભરપાઈ થયેલ છે.

## ટેક્ષમો પાઈપ્સ એન્ડ પ્રોડકટસ લી. ના આઈપીઓને મળેલો ખૂબ સારો પ્રતિભાવ તેના આખરી દિવસ સુધી ૭.૪૮ ગણો ભરાયો

ટેક્ષમો પાઈપ્સ એન્ડ પ્રોડકટસ લી.નો આઈપીઓ તા. ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૧૦ના રોજ ભરણા માટે ખુલ્લો મુકવામાં આવેલ હતો, તા. ૧૯ જો રોજ ભરણામાટે બંધ થયેલ હતો. તેના ૫૦,૦૦,૦૦૦ શેરની ઓફર સામે ૩,૭૪,૦૨,૪૨૫ ગણો એટલે કે ૭.૪૮ ગણો ભરાયેલ છે. જેમાં કયુઆઈબી દ્વારા ૧.૦૨૦૪ ગણો, નોન ઈન્સ્ટીટયુશનલ રોકાણકારો દ્વારા ૩૦.૪૯૬૨ ગણો, છૂટક વ્યક્તિગત રોકાણકારો દ્વારા ૭.૨૬૩૨ ગણો અને કર્મચારીઓ દ્વારા ૦.૩૧૪૩ ગણો ભરપાઈ થયેલ છે.

## હેથવે કેબલ્સ એન્ડ ટેડાકોમે ઈસ્યુ પ્રાઈઝ ૨૪૦ ફીકસ કરી

હેથવે કેબલ અને ડેટાકોમ લી.નો આઈપીઓ તા. ૯મી ફેબ્રુઆરી થી તા. ૧૧ ફેબ્રુઆરીના સમયગાળા માટે ખુલ્લો મુકવામાં આવેલ હતો. આ આઈપીઓને નબળો જોરદાર પ્રતિસાદ સાંપડેલ છે, છુટક રોકાણકારોએ તો આ આઈપીઓમાં કોઈ જ રસ લીધેલ હોય તેમ જણાતું નથી. આ આઈપીઓ તેના અંતિમ દિવસ સુધીમાં માત્ર ૧.૩૬ ગણો ભરપાઈ થવા પામેલ છે. આ આઈપીઓની પ્રાઈઝબેન્ડ ૨૪૦ થી ૨૬૫ રાખવામાં આવેલ હતી જેમાં નબળા પ્રતિસાદને કારણે હવે ઈસ્યુ પ્રાઈઝ પ્રાઈઝબેન્ડની નીચી સપાટી એટલે કે રૂ. ૨૪૦ ફીકસ કરવામાં આવેલ છે.



Madhav Ranade
(M) 09371002943 or
email:
sumamura@dataone.in

## તા. ૨૨ ફેબ્રુઆરી થી ૨૬ ફેબ્રુઆરી ૨૦૧૦ નાં ટ્રેડીંગ લેવલ્સ

અત્રે હું કેટલાક ઈન્ડેક્ષની સાપ્તાહિક સપાટીઓ આપી રહેલ છું, તમને આ દર સપ્તાહે મળશે, હા, બીએસઈ ઈન્ડેક્ષ સાથે જ...કેટલાક વાચકો એવા પણ છે કે જેઓ સમજી શકયતા નથી કે આ ઈન્ડેક્ષના લેવલનો ઉપયોગ કેવી રીતે કરવો. સામાન્ય રીતે તમારે જોવાનું હોય છે કે આ કોઈ ખાસ ઈન્ડેક્ષ લોંગ ઝોનમાં છે કે પછી શોર્ટ ઝોનમાં. આ છી તમે આ સેકટરમાં ટોપના ૨ થી ૩ શેરોમાં કોરસ્પોન્ડીંગ પોઝીશન લો છે જો તમે હેલ્થ કેર પર નજર કરશો અને જો તે લોંગ દર્શાવેતો તમે સીપલા, રેનબક્ષી, ડો. રેડ્ડી વગેરેમાં લોંગ થઈ શકો છોઉ.

હાલમાં બજારમાં પેનિકનો લાભ લેવા માટે ટીસીએસલ ઈન્ફોસીસલ વિપ્રો, અરેવા, આઈટીસી, આઈટીસી, હિન્દ યુનિલીવર, એચડીએફસી, એચડીએફસી બોંક, આઈસીઆઈસીઆઈ, આઈડીબીઆઈ, આઈડીએફસી, એલ એન્ડ ટી, આઈવીઆરસીએલ ઈન્ફ્રા, મારૂતી, રિલાયન્સ, રિલાયન્સ ઈન્ફ્રાટેક તબકક્વાર ખરીદો.

**તમે મને યાહુ મેસેન્જરમાં** madhavranade1@yahoo.com **માં એડ પણ કરી શકો છો અને ઉપર જણાવેલ સરનામે ફોન અથવા તો ઈ મેઈલ પણ કરી શકો છો.**

| posn trading lvls | | date | 4th / 8th january 2010 | |
|---|---|---|---|---|
| stock / index | go | entry | targets | stoploss |
| stock / index | go | entry | targets | stoploss |
| BSE SENSEX | short | 16100 | 15900/15700/15500/15300 | 16300 |
| | long | 16300 | 16500/16700/16900 | 16100 |
| BSE auto index | short | 6980 | x | 7050 |
| | long | 7120 | x | 7050 |
| BSE bank index | short | 9390 | x | 9480 |
| | long | 9480 | x | 9390 |
| BSE capital goods | short | 13040 | x | 13180 |
| | long | 13180 | x | 13040 |
| BSE FMCG index | short | 2745 | x | 2775 |
| | long | 2775 | x | 2745 |
| BSE health index | short | 4850 | x | 4900 |
| | long | 4900 | x | 4850 |
| BSE metal index | short | 15800 | x | 15930 |
| | long | 16060 | x | 15930 |
| BSE oil & gas INDEX | short | 9670 | x | 9800 |
| | long | 9800 | x | 9670 |
| BSE PSU index | short | 9130 | x | 9210 |
| | long | 9210 | x | 9130 |
| BSE realty index | short | 3220 | x | 3260 |
| | long | 3300 | x | 3260 |

# બજેટમાં તમામ આશાઓ ઠગારી નિવડી શકે છે

મિત્રો, જય સાંઈરામ,

વિશ્વ બજારોની હાલક ડોલક પરિસ્થિતિ અને નજીક આવી રહેલા બજેટ (નિષ્ફળ સરકારનું પોટલું) સામે હોવાથી બંને તરફની વધઘટ બજારમાં સપ્તાહનાં અંત સુધી જોવા મળેલ. બજેટથી દરેક વર્ગને કઈને કઈ આશા હોય છે. પરંતુ આ બધી આશાઓ ઠગારી નીવડે તો નવાઈ પામવા જેવું કંઈ નથી. કારણ કે જે રીતે સરકાર ઓછા સમયમાં ભીંસમાં આવી છે તે જોતાં બજેટમાં કંઈક મેળવવાની આશા તો છોડી જ દેજો. હા જે પહેલાં પ્રેમથી આપેલ છે તે તમાચો મારી પાછું લેવાની વાતો થઈ રહી છે. અમારું માનવું છે કે અત્યાર સુધીના બધાજ બજેટોની સરખામણીમાં આવનાર બજેટ ખુબ જ નિરાશાજનક હશે. જેની બજાર ઉપર ન ધારેલી ખરાબી જોવા મળશે. ગત સપ્તાહનાં અંકમાં અમોએ સ્પષ્ટ શબ્દોમાં જણાવેલ કે, 'કન્સોલીડેશન બાદનાા નાના ઉછાળા મોટી ખરાબી બતાવે.' તે જ પ્રમાણે સેન્સેક્સમાં કોઈ પણ નાના ઉછાળા સપ્તાહના અંત સુધીમાં ટકી શકેલ નથી. અને આગામી સપ્તાહે પણ ટકવા મુશ્કેલ લાગે છે.

ગત સપ્તાહે સેન્સેક્સ ૧૬૧૯૧.૬૩ અને નિફ્ટી ૪૮૪૪.૯૦ ઉપર બંધ આપેલ છે. સપ્તાહના અંતે સેન્સેક્સ અને નિફ્ટીના ચાર્ટ હેડ એન્ડ સોલ્ડર એસ એ રિવર્સલ ઈન એ અપ ટ્રેન્ડની રચના કરેલ છે જે નવા બોટમ તરફનો ઈશારો ગણી શકાય. ગત સપ્તાહે બજાર ઉતાર ચઢાવ વાળું હોવા છતાં અમારી બંને ભલામણોએ ૨ ટકાથી ૫ ટકા સુધી જેટલું વળતર ખુબ જ ટૂંકાગાળામાં આપેલ છે.

તા. ૩૦ જાન્યુઆરીએ પુરા થતા સપ્તાહ દરમ્યાન ખાદ્ય પદાર્થો આધારિત ફુગાવો ૧૭.૯૪ ટકા નોંધાયો હતો. જે ૦.૩૮ ટકા વધ્યો છે. અર્થશાસ્ત્રીઓ અને બજારના નિષ્ણાંતો પ્રમાણે વધતો ફુગાવો અર્થતંત્રના આંતરિક વિકાસ માટે ચિંતાનો વિષય બની શકે છે. આગામી સમયગાળામાં ફુગાવો આસાનીથી કાબૂમાં આવવો ખૂબ જ મુશ્કેલ લાગે છે. જ્યાં ખાદ્ય પદાર્થો આધારિત ફુગાવો સાથે ઈંધણનો ફુગાવો સાથે મળીને ફુગાવા ઉપર મોટુ દબાણ ઊભું કરી શકે છે. વર્ષ ૨૦૦૯ની શરુઆત અને મધ્યમાં દરેક કંપનીઓએ છટણીનો મારો ચલાવ્યો હતો. જેનાથી તદ્દન વિપરીત ૨૦૧૦ની શરુઆતમાં જ ઉદ્યોગ જગતમાં નવી ભરતીનો દોર ચાલુ થાય તેવા અણસારો મળી રહ્યા છે. વૈશ્વિક અર્થતંત્રના હાલક ડોલક વિકાસ વચ્ચે ભારતીય અર્થતંત્ર ધીમી પરંતુ મક્કમ ગતિથી વિકાસ સાધી રહેલ છે. જેના ભાગરુપે ભારતીય આઈટી કંપનીઓ આગામી મહિનાઓમાં લગભગ એક લાખ લોકોને નોકરી આપશે.

| ***કંપની*** | ***નોકરીની સંખ્યા*** |
|---|---|
| ટીસીએસ | ૩૦૦૦૦ |
| ઈન્ફોસીસ | ૧૬૦૦૦ |
| આઈબીએમ | ૫૦૦૦ |
| એમ્ફેસીસ | ૨૦૦૦ |

દેશની સૌથી મોટી ટેલિકોમ કંપની ભારતી એરટેલનો એટીએમ સાથેનો સોદો પડી ભાંગ્યા બાદ કંપનીએ ફરીથી દક્ષિણ આફ્રીકાની કંપની ઝી એન ટેલિકોમને ખરીદવાની દરખાસ્ત મુકી હતી. જેના કારણે ગત સપ્તાહે કંપનીના શેરમાં ભારે ધોવાણ જોવા મળ્યું હતું. નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ) એ ડેરિવેટિવ્ઝ


## રોકિંગ ટીપ્સ મેકર્સ



**આશિષ નાયક**
**મો. ૯૩૭૬૯૮૮૭૬૫, ૯૯૨૪૨૭૯૮૨૫**
rosenayak.1984@yahoo.com


સેગ્મેન્ટમાં ૧૧ સ્ક્રીપ્ટોને સમાવવાનો નિર્ણય લીધો હતો. એફ એન્ડ ઓમાં સમાવિષ્ટ બધી જ સ્ક્રીપોમાં સારો ઉછાળો દૈનિક સરેરાશ વોલ્યુમના વધારા સાથે જોવા મળ્યો હતો. જેમાં આપેલ કોઠા મુજબની ૧૧ સ્ક્રીપોને એફ એન્ડ ઓમાં સમાવી લેવામાં આવી હતી.

| ક્રમ | સ્ટોક્સ | લોટ સાઈઝ |
|---|---|---|
| ૧ | અદાણી એન્ટરપ્રાઈઝ | ૪૦૦ |
| ૨ | મુંદ્રા પોર્ટ | ૩૦૦ |
| ૩ | એપોલો ટાયર્સ | ૩૪૦૦ |
| ૪ | એરેવા | ૭૫૦ |
| ૫ | બીજીઆર એનર્જી | ૪૦૦ |
| ૬ | ફોર્ટીસ હેલ્થકેર | ૧૩૦૦ |
| ૭ | ગોદરેજ ઈન્ડ. | ૧૩૦૦ |
| ૮ | જૈન ઈરિગેશન | ૨૫૦ |
| ૯ | મેકલોઈડ રસેલ | ૯૦૦ |
| ૧૦ | ઓન મોબાઈલ | ૫૫૦ |
| ૧૧ | વિડીયોકોન ઈન્ડ. | ૮૫૦ |

ગત સપ્તાહે થિંક સોફ્ટ ગ્લોબલના શેરમાં જબરદસ્ત સટ્ટાકીય માહોલ જોવા મળ્યો હતો. સતત તેજીના તોફાનમાં ઝુમી રહેલા આ સટ્ટાકીય સ્ટોકનું ૭૨ ટકાનું ગાબડું માત્ર ચાર સેશનમાં જ જોવા મળ્યું હતું. ગત ૧૪ ફેબ્રુઆરીએ રૂા. ૫૪૪ ની સર્વોચ્ચ સપાટી હાંસલ કર્યા બાદ સેબીએ સ્ટોકને ટ્રેન્ડ ટુ ટ્રેન્ડ માં ખસેડાતાં શેરના ભાવમાં સતત લોઅર સર્કીટો મારતા રૂા. ૨૨૭ નો તોતિંગ ઘટાડો જોવા મળ્યો હતો. તારીખ ૧૪ ઓક્ટોબર ઉપર લીસ્ટીંગ થયેલ રૂા. ૧૦૦ના ભાવે ડિસ્કાઉન્ટમાં ખુલ્યા બાદ શેરમાં સટ્ટાકીય તેજી થકી માત્ર પાંચ માસમાં શેરનો ભાવ ૩૦૦ ટકા વધી ગયો હતો. આવા બનાવોથી છેલ્લે રોવાનો વારો રોકાણકારને જ આવે છે. શેરમાં રોકાણ કરતાં પહેલાં પદ્ધતિસરનો અભ્યાસ અત્યારે બહું જ જરુરી છે. યોગ્ય અભ્યાસ વિના રોકાણ કરશો તો મહેનતથી બનાવેલી મૂડી ધુમાડાની જેમ ઉડી જતા વાર નહીં લાગે.

આગામી સપ્તાહ માટે સેન્સેક્સનો ટેકો ૧૫૭૫૩ અને અવરોધ ૧૬૬૧૧ છે જ્યારે નિફ્ટીનો ટેકો ૪૭૪૬ અને અવરોધ ૪૯૪૨ છે. આગામી સપ્તાહે બજારની શરુઆતના બે દિવસો ખૂબ જ ખરાબ રહી શકે છે જો કે સપ્તાહના મધ્યમાં નાનો ઉછાળો આવી શકે છે. આગામી સપ્તાહે રિયાલ્ટી, બેંકિંગ અને ઓટો સેકટરમાં તીવ્ર મંદી જોવા મળી શકેછે. લાંબાગાળાના રોકાણકારોએ અત્યારે બજારમાં મર્યાદીત રોકાણ કરવું.

અમે આગામી સપ્તાહ માટે જે કોલ આપીએ છીએ તે અમારા પર્સનલ સોફ્ટવેર અને ચાર્ટની પેટર્ન નો અભ્યાસ કરીને જ આપીએ છીએ. અમારા માનવંતા ગ્રાહકો અમારા સતત સંપર્કમાં હોવાથી અમે તેમને નફો ક્યારે બુક કરવો તેની સલાહ સતત આપતા રહીએ છીએ. તો મિત્રો આપ પણ દરેક તબક્કે નફો ઘર ભેગો કરતા રહો. રોકાણકાર મિત્રોએ બજારની રુખ જોઈ નીચે મુજબ રોકાણ કરવું જ્યારે દરેક તબક્કે નફો ઘર ભેગો કરવો. પોતાની કેપેસિટી અને સ્ટોપલોસ રાખી વેપાર કરવો. આર્ટિકલ ધ્યાનથી વાંચી રોકાણ કરવું જ્યારે નિફ્ટીના સપોર્ટ જોઈ લેણ અને વેચાણ કરશો તો વધુ ફાયદો થશે.

**સેન્સેક્સ (૧૬૧૯૧.૬૩) :** ૧૬૨૯૯ ઉપર ૧૬૩૮૭, ૧૬૪૯૩, ૧૬૬૧૧ અને ૧૬૭૨૭ જ્યારે ૧૬૧૦૩ નીચે ૧૫૯૯૭, ૧૫૮૭૯, ૧૫૭૫૩ અને ૧૫૪૭૭ જોવા મળી શકે છે.

**નિફ્ટી (૪૮૪૪.૯૦) :** ૪૮૭૦ ઉપર ૪૮૯૬, ૪૯૨૪, ૪૯૪૨ અને ૪૯૬૮ જ્યારે ૪૮૩૬ નીચે ૪૮૦૮, ૪૭૮૦, ૪૭૪૬ અને ૪૬૭૨ જોવા મળી શકે છે.

**ફ્યુચરના ખેલાડીઓ માટે**

**ડીએલએફ (૨૯૧.૦૫) :** ઉછાળે ૨૯૭ આસપાસ ૩૦૭ ના અવરોધ સાથે ૨૭૧ અને ૨૪૯ ના લક્ષાંકો માટે વેચાણ જાળવવું. ૨૭૦ તૂટતાં મોટો ઘટાડો જોવા મળી શકે છે. જ્યાં ૨૪૯ નો ભાવ બતાવી શકે. સપ્તાહના અંતે હેડ એન્ડ સોલ્ડર એસ એ રિવર્સલ ઈન એ અપ ટ્રેન્ડ ની રચના બનાવેલ છે.સાપ્તાહિક ચાર્ટ ઉપર રાઈઝીંગ વિડ્થ ઈન એ ડાઉન ટ્રેન્ડ બનાવેલ છે. જ્યારે માસિક ચાર્ટ ઉપર રિકટેંગલ ઈન એ ડાઉન ટ્રેન્ડ ની રચના બનાવેલલ છે. ત્રિમાસિક ચાર્ટ ઉપર રિકટેંગલ ઈન એ ફ્રેસ ડાઉન ટ્રેન્ડની રચના બનાવેલ છે. રિયાલ્ટી સ્ટોકમાં કોઈ પણ ઉછાળા ટકવા ખુબ જ મુશ્કેલ લાગે છે. રોકાણકારોએ રિયાલ્ટી સ્ટોકમાં રોકાણ કરવું હિતાવહ નથી.

**ટૂંકાથી લાંબાગાળાના રોકાણકારો માટે**

**પેન્નાર ઈન્ડસ્ટ્રીઝ (બીએસઈ કોડ ૫૧૩૨૨૮) (૩૫.૯૫) :** ઘટાડે ૩૪ આસપાસ ખરીદો. લક્ષાંક ૪૪ અને ૫૧. જો ૪૪.૮૮ ઉપર બંધ આપે તો લક્ષાંક ૫૧ સ્ટોપલોસ ૩૦. લાંબાગાળાનું રોકાણ હિતાવહ. લાંબાગાળાના રોકાણકારો માટે ભવિષ્યનો ટાટા સ્ટીલ છે. ટૂંકાગાળાના રોકાણકારોએ દરેક ઉછાળે નફો ઘરભેગો કરવો. મેટલ ક્ષેત્રની અગ્રણી કંપની છે. કંપની રેલવે વેગન ઈન્ડસ્ટ્રીયલ પોલ્યુશન માટેની પ્રોડક્ટ બનાવે છે. ટૂંકાથી લાંબાગાળાનું રોકાણ કરવું. બે માસ અને એક સપ્તાહ અગાઉ જેણે અમારા કહ્યા મુજબ ૨૧ અને ૨૭ આસપાસ રોકાણ કરેલ છે તેમને ચુસ્ત સ્ટોપલોસ સાથે રોકાણ જાળવી રાખવું.

## ગત સપ્તાહની ભલામણોનું તોફાની પ્રદર્શન

| સ્ટોક | રિટર્ન | સમય | નોંધ |
|---|---|---|---|
| આઈસીઆઈસીઆઈ બેંક (૮૩૬થી ૮૧૫) | ૨.૫૧ ટકા ઉપર | માત્ર એક જ દિવસમાં | જેણે ૮૩૬ આસપાસ વેચાણ કરેલ છે તેમણે વેચાણ જૂના ટાર્ગેટ માટે જાળવી રાખવું. બેંકિંગ સેક્ટરમાં તીવ્ર મંદી જણાય છે. |
| પેન્નાર ઈન્ડ. (૩૪.૨૫ થી ૩૬.૧૦) | ૫.૪૦ ટકા ઉપર | માત્ર બે જ દિવસમાં | જૂનું રોકાણ જાળવી રાખવું. આગામી સપ્તાહે સારો ઉછાળો મળી શકે છે. ગત સપ્તાહના છેલ્લા દિવસે બજારમાં ભારે ઉતાર ચઢાવ હોવા છતાં આ સ્ટોક ૪ ટકાના વધારા સાથે બંધ રહેલ છે. |




**દીપનું દર્પણ** **દીપેશ ગોહીલ**
**મો. ૯૭૨૭૯૯૦૯૮૦**
veenmoney@gmail.com


| | |
|---|---|
| **NAME** | **: NIFTY FUT.** |
| **BUY ABOVE** | **: 4850** |
| **RES-1** | **: 4925** |
| **RES-2** | **: 4996** |
| **RES-3** | **: 5075** |
| **SELL BELOW** | **: 4850** |
| **SUP-1** | **: 4710** |
| **SUP-2** | **: 4645** |
| **SUP-3** | **: 4581** |



| | |
|---|---|
| **NAME** | **: BANK NIFTY** |
| **BUY ABOVE** | **: 8480** |
| **RES-1** | **: 8550** |
| **RES-2** | **: 8620** |
| **RES-3** | **: 8800** |
| **SELL BELOW** | **: 8480** |
| **SUP-1** | **: 8390** |
| **SUP-2** | **: 8280** |
| **SUP-3** | **: 8190** |




| | |
|---|---|
| **NAME** | **: CNX IT** |
| **BUY ABOVE** | **: 5710** |
| **RES-1** | **: 5778** |
| **RES-2** | **: 5833** |
| **RES-3** | **: 5939** |
| **SELL BELOW** | **: 5710** |
| **SUP-1** | **: 5625** |
| **SUP-2** | **: 5560** |
| **SUP-3** | **: 5472** |




| | |
|---|---|
| **NAME** | **: RIL** |
| **BUY ABOVE** | **: 980** |
| **RES-1** | **: 1032** |
| **RES-2** | **: 1090** |
| **RES-3** | **: 1139** |
| **SELL BELOW** | **: 980** |
| **SUP-1** | **: 948** |
| **SUP-2** | **: 904** |
| **SUP-3** | **: 872** |




| | |
|---|---|
| **NAME** | **: VOLTAS** |
| **BUY ABOVE** | **: 150** |
| **RES-1** | **: 162** |
| **RES-2** | **: 177** |
| **RES-3** | **: 184** |
| **SELL BELOW** | **: 150** |
| **SUP-1** | **: 141** |
| **SUP-2** | **: 130** |
| **SUP-3** | **: 122** |



| | |
|---|---|
| **NAME** | **: WIPRO** |
| **BUY ABOVE** | **: 660** |
| **RES-1** | **: 672** |
| **RES-2** | **: 685** |
| **RES-3** | **: 699** |
| **SELL BELOW** | **: 660** |
| **SUP-1** | **: 649** |
| **SUP-2** | **: 622** |
| **SUP-3** | **: 604** |



**OUR PERFORMANCE**

| STOCKS | REC. PRICE | HIGH/LOW | TARGET |
|---|---|---|---|
| NIFTY | 4850 | 4929 | 1 TAR. ACHVD. |
| BANK NIFTY | 8400 | 8594 | 2 TAR. ACHVD. |
| CNX IT | 5650 | 5790 | 2 TAR. ACHVD. |
| ACC | 890 | 931 | 2 TAR. ACHVD. |
| ABAN | 1190 | 1283 | 2 TAR. ACHVD |

# શેરોમાં મર્યાદિત ઉછાળા બાદ વેચવાલી જોવાશે નવી તેજી માટે ૪૯૩૦ ક્રોસ થવું જરૂરી

વિતેલા સપ્તાહના બંને દિવસોએ વૈશ્વિક માર્કેટમાં પુલબેક રેલી હોવા છતાં સ્થાનિક માર્કેટમાં બજેટ પૂર્વની સાવચેતીરૂપ વેચવાલી જોવાઇ હતી. નિફ્ટી ૪૬૫૬ અને ૪૯૩૦ની રેન્જ ધરાવે છે. ગત સપ્તાહમાં વોલ્યુમથી વિદેશી ફંડોએ વેચાણ કર્યું છે. પુલબેક રેલીમાં મહત્ત્વનું પ્રતિકારક લેવલ ૪૯૫૦ ક્રોસ થવું નથી. આવનાર દિવસોમાં માર્કેટમાં વોલેટાલીટી વધવાની સંભાવના છે. બજેટ ૨૬ તારીખે છે. જ્યારે ફેબ્રુઆરી ડેરીવેટિવ્ઝનો છેલ્લો દિવસ ૨૫ તારીખે છે. તેથી આગળ સપ્તાહમાં સુચકઆંક તેમજ નિફ્ટી આંક જ્યારે સેટલ થાય ત્યાંજનવી ખરીદી કરવી હિતાવહ છે.

વિશેષમાં બજેટ અતિ પ્રોત્સાહક આવવાની અપેક્ષા નથી. રૂટીન છૂટકારો જાહેર થવાની તથા કરમાળખામાં ફેરફાર થવાની શક્યતા છે. વ્યક્તિગત ઈન્કમટેક્ષમાં ટેક્ષ એક્ષ્મ્પશનમાં ફેરફાર થવાની શક્યતા ઓછી છે તેમજ બજેટ ખાદ્ય ઘટાડવા કોર્પોરેટ ટેક્ષ પણ યથાવત રખાશે. અગર તો ટેક્ષ વધવાની શક્યતા છે. સંરક્ષણ બજેટમાં જો વધારો કરવામાં આવશે તો વધુ ટેક્ષની તૈયારી રાખવી પડશે. આમ હાલ અનિર્ણીત ઝોનમાં બજેટ જોયા બાદજલોંગટર્મ અગર મીડીયમ ટર્મ ખરીદી કરવી જોઇએ તેમજ શોર્ટટર્મ ડીલીવરી અગર ફ્યુચરમાં સ્ટોપલોસનું પાલન કરવું જરૂરી બનશે. નવી ખરીદી વખતે ૪૮૦૦ તથા ૪૭૦૦નું પુટ ઓપ્શન ખરીદવાની ભલામણ છે.

**ઉછાળે વેચવા યોગ્ય શેરો :**

**ટીસ્કો**

આ શેરમાં હવે ૫૭૦થી ૫૭૫ આસપાસ વેચવાલી જોવાશે. ૫૮૫ના સ્ટોપલોસથી વેચી શકાય. હવે ૫૫૦ તૂટતા ૫૨૦ અને બાદમાં


## શ્યોર સર્કિટ



**નિરવ દેસાઈ**
**મો. ૯૯૩૦૪૯૫૭૮૦**
**www. asianstockworld**


૫૦૦ સુધી ઘટી શકે.

**ડીએલએફ (૨૯૪)** આ શેરમાં અગત્યનું સપોર્ટ લેવલ ૩૦૦ તૂટ્યું છે. હવે વધઘટે ૨૮૦ સુધીનું લેવલ ૩૦૦ તૂટ્યું છે. હવે વધઘટે ૨૮૦ સુધીનું લેવલ જોવાશે. હાલ ઉછાળે ૩૦૦ થી ૩૦૫ આસપાસ વેચી શકાય. ૩૧૨નો સ્ટોપલોસ રાખવો.

**યુનિટેક (૬૯)** આ શેરમાં ૭૨ થી ૭૩ આસપાસ વેચવા સલાહ છે. ૭૫ સ્ટોપલોસ છે. ૬૭ તૂટતા ૬૩ સુધીની મંદી જણાય.

**ભેલ (૨૩૫૨)** આ શેરમાં ૨૩૮૦ થી ૨૩૯૦ આસપાસ વેચવાલી જોવાશે. ૨૪૨૦નો સ્ટોપલોસ રાખવો ૨૩૦૦ તૂટતા સુધીનો ઘટાડો આવવાની શક્યતા છે.

**આઇસીઆઇસીઆઇ બેંક (૮૩૩)**

આ શેરમાં ૮૪૫ થી ૮૫૦ પાસે વેચવા સલાહ છે. ૮૫૭નો સ્ટોપલોસ રાખવો જરૂરી છે. ૮૦૦તૂટતા૭૬૦અને બાદમાં ૭૩૫ સુધી ઘટવાની શક્યતા છે. ૮૬૦ ઉપરપ બંધ આવે તો જ ૯૦૦ સુધીનો ઉછાળો આવશે.

વાચક મિત્રોને બજેટ સપ્તાહ દરમ્યાન સમયસર લેવા વેચવાની સલાહ એસએમએસથી આપવામાં આવશે. આ માટે ..બજેટ.. ટાઈપ કરી ૯૯૩૦૪૯૫૭૮૦ ઉપર મેસેજ મોકલી જાણ કરવા જણાવાયું છે. બજેટ પહેલાંના તીવ્ર ઘટાડામાં ફર્ટીલાઇઝર શેરો જેવા કે ચંબલ ફર્ટી, નેશનલ ફર્ટી, આરસીએફ, જીએનએફસી ખરીદવા માટે ધ્યાનમાં રાખવા. ફાર્મા શેરોમાં રેનબક્ષી, સીપ્લા, ગ્લેનમાર્ક, ગ્લેક્ષો પણ ઘટાડામાં ખાસ ડીલીવરી ધોરણે ખરીદવા ભલામણ છે.

# નિફ્ટીની કૂચ ૪૯૩૦ની પ્રતિકારક સપાટી તરફ


## ટેકનીકલ ટ્રેન્ડ



**સંજય લાડ**
**મો. ૯૮૨૦૯૨૦૫૩૦**
**WEBSITE : www.stockacademy.co.in**


**૧૯ ફેબ્રુઆરી, ૨૦૧૦ શુક્રવાર**

**નિફ્ટી તરફનો દ્રષ્ટિકોણ :** નિફ્ટીમાં નબળાઈ જણાઈ રહી છે. નિફ્ટીનો ટેકો ૪૭૦૦ અને ૪૬૫૦ છે જયારે પ્રતિકારક સપાટી ૪૯૩૦ છે. જો નિફ્ટી ૪૯૩૦ ઉપર ટકી રહેવામાં નિષ્ફળ નિવડે તો શોર્ટ સેલ કરવું અને સ્ટોપ લોસ ૪૯૫૦ રાખવો. રોકાણકારોએ ઘટાડે આ સ્ટોક ખરીદવો.

## ઘટાડે ખરીદ કરવા જેવા કેટલાક શેર

| NAME | BUYING PRICE | STOP LOSS | TGT |
|---|---|---|---|
| BHARTI | 270 | 240 | 300 |
| CESC | 350 | 340 | 380 |
| DCHL | 130 | 120 | 150 |
| HCC | 120 | 100 | 140 |
| JPASSOCIATE | 120 | 100 | 150 |
| NALCO | 350 | 325 | 390 |
| NTPC | 190 | 180 | 210 |
| RENUKA | 160 | 140 | 200 |
| SBI | 1800 | 1700 | 1980 |

# આવતા સપ્તાહ માટે નિફ્ટીમાં ૪૭૫૦નો મેજર સપોર્ટ ધ્યાનમાં રાખવો એ તૂટતાં મોટી વેચવાલી આવી શકે

મિત્રો,

જય જલારામ,

આવતા સપ્તાહે ફેબ્રુઆરી માસનું છેલ્લું સપ્તાહ છે. ફ્યુચર એન્ડ ઓપ્શનની એક્સપાયરી પણ છે અને સાથે સાથે બજેટ પણ છે. છેલ્લાં પાંચ વરસમાં બજેટ વિશે જેટલો આ વખતનાં બજેટમાં અવઢવ છે તેટલો ક્યારેય નહોતો. આંતરરાષ્ટ્રીય સ્તરે ઘણાં બધાં નકારાત્મક કારણો છે. અમેરિકામાં ફેડે ડિસ્કાઉન્ટ રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટનો વધારો કર્યો છે જેને લીધે ૦.૭૫ નો રેટ પડશે ઉપરાંત ૧૮મી માર્ચથી પોઝીશનો ઓવર નાઈટ સરભર કરવી પડશે. આની અસર સમગ્ર વિશ્વની કોમોડીટી બજારો ઉપર પડશે અને કોમોડિટી બજારોને પ્રોફીટ બુકિંગનો સામનો કરવો પડશે. તથા કોમોડીટી અનુસંગિક સ્ટોક તથા મેટલનાં સ્ટોકમાં ધસારો જોવાશે તેવા અનુમાનો બંધાઈ રહ્યા છે. છેલ્લા બે દિવસમાં સ્ટીલના શેરોમાં જે વેચવાલીનો મારો જોવાયો તેનું આ જ કારણ છે. ઉપરાંત રિલાયન્સનાં શેરમાં પણ માટે લીન્ડવેલની નવી બીડ થકી સોદો મોંઘો થવાના અનુમાનો થકી ટૂંકાગાળા માટે નકારાત્મક કારણો ઊભા થયા છે અને શેર ઘટી રહ્યો છે. મોંઘવારી કાબુમાં આવવાનું નામ નથી લેતી. સીઆરઆરમાં વધારા બાદ માર્ચને આખરે રિવર્સ રેપો રેટમાં અડધા ટકાનો વધારો શક્ય છે. રિઝર્વ બેંક ધીમે ધીમે ટાઈટનિંગ ડોઝ આપવાનું નક્કી કર્યું હોય તેવું લાગે છે.

આવનારા બજેટની સમીક્ષા કરીએ તો બજારનાં મતે બજેટ નકારાત્મક રહેશે તેવી વ્યાપક માન્યતા છે. આવામાં જો બજેટ કોઈ પણ મોટા સુધારા વધારા વગર સામાન્ય અને "જૈસે થે" સ્ટેટસ જેવું હશે તો પણ બજાર એને સકારાત્મક લેશે. કારણ કે થોડા ઘણાં નકારાત્મક પરિબળો અગાઉથી જ ડીસ્કાઉન્ટ થઈ ગયા છે. સરકાર ફીસ્કલ ડેફીસીટ ખાદ્યને કાબુમાં લેવા સઘન પ્રયાસો હાથ ધરશે તેવું દેખાઈ રહ્યું છે. અમેરિકાનાં ફેડે જે ડીસ્કાઉન્ટ રેટમાં ૨૫ પોઈન્ટનો વધારો કર્યો છે તે દર્શાવે છે કે આર્થિક વિકાસની ગાડી પાટા ઉપર આવી રહી છે તેવું ફેડનું માનવું છે. ઉપરાંત વડા પ્રધાનની આર્થિક સલાહકાર સમિતીએ પોતાનો રિપોર્ટ રિલીઝ કર્યો તેમાં પણ અર્થતંત્રમાં સુધારો થઈ રહ્યો છે તેવા અનુમાનો દર્શાવ્યા છે. અને જીડીપી આવતા વર્ષે એક ટકો વધે તથા ૨૦૦૯-૨૦૧૦માં ૭.૨ ટકા રહે તેવા સંકેતો દર્શાવ્યા છે. બજાર તેને સકારાત્મક પરિબળ કદાચ ગણતું હોય પરંતુ અમે એવું માનીએ છીએ કે રાહત પેકેજ ધીમે ધીમે પાછું લેવાનો આ સંકેત છે.

આવનારા બજેટમાં સૌથી નકારાત્મક પાસું જો કોઈ શેર બજારની દ્રષ્ટિએ હોય તો તે છે રાહત પેકેજ તબક્કાવાર પાછું લેવાના સંકેત. જો એવી જાહેરાત થશે તો તાત્કાલિક ધોરણે બજારમાં મોટા અને ત્વરિત ઘટાડાનાં સંકેતો મળશે. રાહત પેકેજ પાછું લેવાનો બીજો અર્થ સરકારે ઉદ્યોગોને ટેક્સની જે છૂટ આપી છે તે પાછી લેવી. ઉપરાંત નવા કરવેરા લાદવા જેથી સરકારનો વિત્તીય ઘાટો ઓછો થાય. આને ફીસ્કલ ડેફીસીટ ને ઓછો કરવાનો પ્રયાસો ગણીએ તો સરકાર પોતાનાં નિર્દેશો ૨૦૧૨ સુધી ફિસ્કલ ડેફિસીટને ૬.૨ ટકાથી નીચે લઈ આવવાના પ્રયાસો અને પ્લાન જાહેર કરશે જે માટે નવી આવકોનાં સ્ત્રોત શોધવા પડશે.

એક પ્રયાસ ડીસ ઈન્વેસ્ટમેન્ટનો છે. સરકારી કંપનીઓના શેર વેચી પૈસા મેળવવા. બીજો પ્રયાસ કરવેરાનો નવો અને વધારાનો ડોઝ આપવો. ત્રીજો પ્રયાસ ટેક્સ નેટ વધારવી. સર્વિસ ટેક્સની જાળમાં બીજા ઉદ્યોગો અને સેવાઓ આવરી લેવી. ચોથો પ્રયાસ સરકારનાં પોતાનાં ખર્ચા ઘટાડવા. પાંચમો પ્રયાસ ફર્ટીલાઈઝર અને ઓઈલ સેક્ટરની સબસિડી ઘટાડવી. સરકાર સેન્ટ્રલ એક્સાઈઝમાં ફેરફાર કરી રાજ્યના ટેક્સનાં દરો તર્ક સંગત કરવાના પ્રયાસો કરી ભાવનો જે કન્ટ્રોલ છે તે દૂર કરવાનાં પ્રયાસો કરશે. ફર્ટીલાઈઝર સેક્ટરમાં સરકારે આ ઈરાદા સાથેના પગલાં ભરવા શરુ કરી દીધા છે. અમારો કહેવાનો અર્થ ફર્ટીલાઈઝર અને ખનીજ તેલના સેક્ટરને ડી કન્ટ્રોલ કરવાના પ્રયાસો થશે તેવું કહેવાનો છે. ડીઝલ અને પેટ્રોલમાં ૪૦ ટકા આસપાસ કરવેરા એક હાથે રાજ્ય અને સેન્ટ્રલ ગવર્નમેન્ટ નાંખી


## કલમ કોટકની



શરદ કોટક
મો. ૯૮૨૫૦૬૮૨૧૧
Skotak@KI-TRADE.com
WWW. KI-TRADE.COM


રહી છે અને બીજી બાજુ સબસિડીઓ આપી રહી છે. આમાં નકામો વહીવટ ખર્ચ વધી રહ્યો છે. એના કરતાં સરકાર ટેક્સ ઉઘરાવવાની નફ્ફટ લાલચમાંથી બહાર આવે અને બજારના પરિબળોને ભાવ નક્કી કરવા દે તો વધારે ઉચિત છે. કેરોસિન ઉપરની અધધધ સબસિડી તો કેટલા ગરીબોને લાભ થાય છે તે તો ભગવાનને ખબર પરંતુ એ સબસીડી આડકતરી રીતે મધ્યમવર્ગ કે જે પેટ્રોલનો ઉપયોગ તેમના દ્વીચક્રી વાહનો માટે વાપરે છે તેમની કમર તોડી રહ્યો છે.

અમારી એવી માન્યતા છે કે સરકારો, પછી ગમે તે પક્ષની હોય, જે કેન્દ્રમાં બેસે છે તે પોતાની મત બેંકોને સાચવવા અટપટા કરવેરા અને રાહતોમાં સરવાળે ગરીબોને જે રાહતો આપવાનો પ્રયાસ કરે છે તે સરવાળે તમારા અને મારા ખીસ્સામાંથી જ જાય છે. આવા બધાં નાટક બંધ કરી સરકાર નીચલા વર્ગને આર્થિક પછાતની સીમા રેખામાં આવતાં વર્ગને રોકડ સહાય બેંક થકી સીધા તેના ખાતામાં આપી દે તે વધારે ઉચિત છે. જેથી ખોટો વહીવટી ખર્ચ ઘટે, મધ્યમવર્ગને ભોગે મત બેંકોની સેવા અટકે અને ભ્રષ્ટાચારનાં સ્ત્રોતો ઓછા થાય.

## બજેટને અનુલક્ષીને કયા શેર ખરીદવા ?

છેલ્લા ત્રણ ચાર વરસથી બજેટલક્ષી ખરીદી માટે અમને પુછપરચ થતી હોય છે. આ વરસે પણ અમને વ્યાપક પુછપરછ થઈ રહી છે. દીવાળી વખતે અને બજેટ વખતે લોકોની એવી માન્યતા હોય છે કે ટૂંકાગાળામાં મોટો દલ્લો હાથ લાગી જશે. અમે એવું માનીએ છીએ કે,

(૧) સરકાર પાસે પર્યાપ્ત સાધનો નથી કે જેથી સરકાર કોઈ રાહતો આ બજેટમાં આપી શકે કે આપેલી રાહતો લાંબાગાળા માટે જાળવી શકે. હા ટેક્સટાઈલ અને મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં સુધારાનાં પ્રબળ સંકેતો હજી દેખાતા નથી તેથી સરકાર આ ક્ષેત્રને થોડીક રાહતો આપી શકે, પરંતુ આપણાં સ્ટીમ્યુલસ પેકેજની જ વાત કરીએ તો સરકારે જીડીપીના ફક્ત એક ટકા જેટલી રાહતો આપી હતી જ્યારે ચીને ૮ ટકા અને અમેરિકા તથા બીજા થોડાક દેશોએ જીડીપીના ૬ ટકા આસપાસનાં મસ મોટા રાહત પેકેજો જાહેર કરેલાં. અમે અગાઉનાં અમારા લેખમાં ચોક્કસ આંકડાઓ જે તે દેશ મુજબ કન્ટ્રીવાઈઝ આપેલા. કહેવાનો મતલબ એટલો જ કે આપણી સરકારનાં રાહત પેકેજો એવા હોય છે કે જમવા બેઠેલાં માણસને એક રોટલી આપે. તે ન સુખે જીવી શકે ન સુખે મરી શકે. એક જ દાખલો આપીએ તો અગાઉના નાણાં પ્રધાને અમેરિકા અને બ્રીટનની નકલ કરીને વ્યાપક સર્વિસ ટેક્સ નાખ્યા પરંતુ ઈન્કમ ટેક્સનો સ્લેબ એ દેશોનાં માળખાં પ્રમાણે સુધાર્યો નહીં. મધ્યમ વર્ગને સારી રીતે જીવવા માટે વાર્ષિક કેટલા પૈસા જોઈએ ? સારી વૈદકિય સારવાર, બાળકોને સારું ભણતર, મોંઘવારી સામે ટકી રહેવા અને પોતાનું જીવન ધોરણ ટકાવી રાખવા કે સુધારવા માટે કેટલી આવક જોઈએ ? એ બાબત સરકારે ગંભીર રીતે ક્યારેય તપાસતી નથી. કે કોઈ સારા માણસોની સમિતિ બનાવી વિશ્લેષણ કરવાનો ક્યારેય પણ પ્રયાસ કર્યો નથી. તમારું બાળક ભણતું હોય તો તમને ખ્યાલ હશે કે વાર્ષિક ફી અને હોસ્ટેલ ફી, ટ્યુસન ફી, પુસ્તકો વગેરેનો ખર્ચ વાર્ષિક બાળક દીઠ સામાન્ય રીતે એક લાખ થી ઉપર જાય છે. તમને કર રાહત કેટલી મળે છે ? શા માટે પુરે પુરો ખર્ચ બાદ નથી મળતો ? સરકારની દાનત જ ખોરી છે માટે.

અમારી માન્યતા પ્રમાણે મધ્યમ વર્ગને સારી રીતે આ મોંઘવારીમાં જીવવા માટે ચારથી પાંચ લાખની આવક સુધી કોઈ કર ઈન્કમ ટેક્સ ન જોઈએ. સરકારે હવે તો તમારા ખર્ચ ઉપર પણ સર્વિસ ટેક્સ વસુલ કરે છે. તમે ગંજી ખરીદો કે શર્ટ ખરીદો કે ચણિયો ખરીદો, સરકાર નો ટેક્સ તો લાગે જ છે. પછી ઈન્કમટેક્ષનો સ્લેબ વધારવામાં સરકારનાં પેટમાં શું કામ તેલ રેડાય છે ?

મુળ મુદ્દા પર આવીએ તો સરકારની ફિસ્કલ ડેફીસીટ વર્ષ ૨૦૦૯માં જીડીપીના ૧૧ ટકાની ઉપર પહોંચી ગઈ છે. (કન્સોલીડેટેડ) જો સરકાર તેને કાબૂમાં નહીં રાખે તો આખા દેશનું ડી રેટિંગ થઈ જવાની શક્યતા ઊભી જ છે. ફક્ત જીડીપી ગ્રોથનાં ગાણાં ગાવાથી કામ નથી ચાલતું. આવક તમે ક્યાં વાપરો છો તે બાબત પણ જોવી પડે છે. કરવેરા થકી આવકને સરકાર જો બેફામ રીતે પોતાની મત બેંકો સાચવવમાં વાપર્યા કરસે તો દેશનો વિકાસ બાજુએ રહ્યો પરંતુ દેશ દેવાળીયો થઈ જાશે. છેલ્લાં વીસ વરસમાં આપણી કન્સોલીડેટેડ ફિસ્કલ ડેફીસીટ ક્યારેય પણ ૫ ટકાથી નીચે નથી ગઈ. નાણાં પ્રધાનો ભલે મોટી મોટી વાતો કરતા હોય અને બણગા ફૂંકતા હોય અત્યારની ફિસ્કલ ડેફિસીટ છેલ્લા વીસ વરસમાં સૌથી વધારે છે.

(૨) બીજો મહત્ત્વનો મુદ્દો જે મોટી ચિંતાનો વિષય છે તે એ છે કે આપણી એક્ષપોર્ટ - નિકાસ છેલ્લાં પંદર વરસનાં તળિયે પહોંચી ગઈ હતી. ૨૦૦૮-૨૦૦૯માં ૧૫ વરસના તળિયે પહોંચી ગઈ હતી. હમણાં છેલ્લાં એકાદ ત્રિમાસિક ગાળામાં ભલે થોડો સુધારો જોવાતો હોય પરંતુ એ ૨૦૦૭-૨૦૦૮નાં ધોરણોથી ૪૦ ટકા સરેરાશ ઓછી છે. દુઆ કરો આપણા આઈટી ક્ષેત્ર અને આઉટ સોર્સિંગ ક્ષેત્રને તથા એનઆરઈ રેમીટન્સને જેના થકી થોડુંક પણ સારું ચિત્ર ઉપસી રહ્યું છે. હવે ઓબાા જો આઉટ સોર્સિંગ બાબતે વધારે કડક વલણ અપનાવે તો દેશની આવકોમાં મોટો ફરક પડી શકે છે.

(૩) એક મહત્ત્વની અને રાહત જનક બાબત એ છે કે છેલ્લાં દશ વરસથી આપણાં આઈઆઈપી ડેટા (ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્શન ઈન્ડેક્ષ) સન્માન જનક રીતે વધી રહ્યું છે જો કે ૨૦૦૭- થી ૨૦૦૯માં મુખ્ય ગ્રોથની ટ્રેન્ડ લાઈની નીચે રહ્યો છે પરંતુ છેલ્લા ત્રિમાસિક ગાળામાં ફરી વેગ પકડી રહ્યો છે. અને મુખ્ય લાઈનને આવતા ત્રિમાસિક ગાળામાં આંબી જશે તેવું લાગે છે. પરંતુ ક્રેડીટ ગ્રોથ જે ૨૦૦૫-૦૬માં ૩૦ ટકા ઉપર હતો તે છેલ્લાં ત્રણ વરસમાં ધીમે ધીમે તળિયે ગયો છે. રિઝર્વ બેંકના અંદાજીત પ્રોજેક્ટેડ ૧૭ ટકા કરતા હજી પણ નીચે છે. મતલબ ઉદ્યોગો લોન લઈને જે પ્રોડક્શન જનરેટ કરતા હતા અને આડકતરી રીતે જીડીપી અને આઈઆઈપી ડેટાને ઉજળા રાખતા હતા તેમાં ધીમે ધીમે કમી આવી રહી છે. ધંધાનો વિકાસ કરવાની પ્રવૃત્તિ ધીમી ક્યારે પડે ? જ્યારે ડીમાન્ટ ઓછી હોય કે ઓછી રહેવાનો ભય હોય.

(૪) ફુગાવાનો દર આકાશને આંબી રહ્યો છે. આડકતરી રીતે કહીએ તો વિકાસનાં દરને ખાઈ રહ્યો છે. તમારી આવક ભલે વધે પરંતુ મોંઘવારી પણ સામે વધે તો આવક દેખાતી નથી. અને હાથમાં ઠન ઠન ગોપાલ જ રહે છે. દેશનું પણ એવું જ છે. સરકાર ભલે વ્યાજના દરનાં વધારાને અત્યારે ટાળી રહી હોય પરંતુ લાંબાગાળા માટે આ શક્ય નથી. લોનો મોંઘી થયે જ છુટકો છે. અને તે થકી હાલમાં ઉપાડ જે ઓછો છે તે વધારે નીચો જશે જેને પરિણામે વિકાસનાં કામો થોડાં ધીમાં પડશે.

(૫) સમગ્ર વિશ્વમાં મંદી બાદ બહાર આવવાની કવાયતો થઈ અને હજી થતી રહેશે. વિશ્વનાં વિકાસ દરમાં અડધા થી એક ટકાનો દેખીતો અથવા આડકતરો ઘટાડો નોંધાશે જેની અસર આપણને પણ થયા વગર નહીં રહે. માટે આપણે વિશ્વ બજારની હરિફાઈમાં ટકી રહેવા માટે નિકાસો વધારવી પડશે, ભાવ પર કાબૂ રાખવો પડશે, સસ્તો માલ આપવો પડશે, કવોલિટી-ગુણવત્તામાં બીજા દેશોને ખાસ કરીને ચીન ને મહાત કરવો પડશે ત્યારે જ આર્થિક વિકાસ ટકાવી શકીશું. આવનારા એક બે વર્ષ ઘણાં જ અઘરા છે. કમ સે કમ હજી એકાદ બે ત્રિમાસિક પરિણામોની રાહ જોવી પડશે ત્યાર બાદ જ લાંબાગાળાનાં શેર બજારમાં રોકાણો માટે વિચારી શકાશે.

માટે બજેટમાં શું છે અને શું નથી તેના કરતાં વૈશ્વિક બજારોની તંદુરસ્તી વધારે મહત્ત્વની છે. આપણી બજારો વિદેશી ફંડો થકી ટકી રહેલી છે. અમરેકિનાં શેર બજારમાં વળતર ઓછું છે એટલે ત્યાંની મૂડી એશિયન બજારોમાં ઠલવાઈ રહી છે પરંતુ એ રાજકીય મુદ્દો બની શકે છે અને અમેરિકા ધારે તો સીધી અને આડકતરી રીતે ત્યાંની મુડીને બહાર જતી રોકવા અવરોધો ઊભા કરી શકે છે. માટે બજેટને ભૂલી જાવ અને વિશ્વનાં પ્રવાહો ઉપર નજર રાખો. ટૂંકાગાળા માટે એકાદ ચમકારો શેર બજારમાં આવી જાય તો પણ લાંબાગાળા માટે હાલમાં પરિસ્થિતિઓ સારી નથી તે ધ્યાનમાં રાખો. બજેટ પછીનાં પ્રવાહોને જૂઓ તપાસો.

જો એક મોટું કરેક્શન જૂન મહિના પહેલાં આવી જાય તો તેને રોકાણની તક સમજીને સારા ઓટો શેરોમાં રોકાણ કરો. તમારો પોર્ટ ફોલિયો મીક્સ બનાવો જેમાં (૧) ઓટો સેક્ટર (૨) પાવર સેક્ટર (૩) આઈટી સેક્ટર (૪) કેપિટલ ગુડ્ઝ (૫) ફાર્મા સેક્ટર. આ પાંચ સેક્ટરમાં એક્સપોઝર રાખજો અને થોડું રોકાણ એફએમસીજી જેવા સલામત ક્ષેત્રમાં રાખજો અને સરકારની તથા રિઝર્વ બેંકની નીતિઓનું વિશ્લેષણ કર્યા બાદ બેંકિંગ ક્ષેત્રને થોડોક મહત્ત્વ આપજો. મેટલ ક્ષેત્રમાં ટૂંકાગાળા માટે કરેક્શનની સંભાવનાઓ નકારી શકાતી નથી. માટે તંદુરસ્ત ઘટાડા બાદ મેટલ ક્ષેત્રને હાથ અડાડજો. કોમોડીટી ક્ષેત્ર અને ગોલ્ડને "હાલમાં થોભો અને રાહ જૂઓ" ની નીતિ અપનાવજો. સોનુ ૧૫૦૦ યુએસડી/ઔંસ લાંબાગાળે જવાની શક્યતા છે. પરંતુ એક તંદુસ્ત ઘટાડા બાદ જ આ શક્ય છે. અમેરિકા ઈરાન વિશે કોઈ કડક પગલાં લે તો ઓઈલનાં ભાવે બેરલે ૨૦૦ ડોલર થવાની શક્યતા છે. ઈરાન વિશ્વમાં બીજા નંબરનું સૌથી વધારે ક્રૂડ ઉત્પાદન કરતો દેશ છે.

આ બધી બાબતો ધ્યાનમાં રાખવા જેવી છે. સારાંશ રુપે અમે બજેટ થકી ઉપલી સર્કીટ લાગી જાય તેવી શક્યતા હાલ તો જોતાં નથી. પરંતુ સ્ટીમ્યુલસ પેકેજ પુરે પુરુ પાછું ખેંચાય તથા ટેક્સ, કર, જકાતો નો નવો ડોઝ આપવામાં આવે તો શેર બજારમાં કડાકા બોલાવાની શક્યતા નકારતાં નથી.

## NIFTY CLOSE : 4844.90

***અમારા એક સુજ્ઞ વાંચકે અમને અમારા ગયા વખતનાં લેખનાં શબ્દો યાદ અપાવ્યા કે, "લેવાની જરૂર ઈચ્છા થાય તો કંઈક ખરીદ કરજો પરંતુ માથે મારવાની ઈચ્છા થાય તો પણ શોર્ટ ન કરશો".***

***ગયા સપ્તાહનાં નિફ્ટીનાં બંધ ૪૮૨૬.૮૫ થી સોમવારે ૪૮૦૧.૯૫ નો બંધ આવ્યો ત્યારે બજાર બધાને નબળું લાગ્યું અને બધાં શોર્ટમાં ચઢી ગયા પરંતુ છેતરાઈ ગયા. મંગળ અને બુધવારે નિફ્ટીએ ૫૩.૮૦ અને ૫૮.૨૫ પોઈન્ટનાં વધારા સાથે બંધ આવ્યો. જેમણે કંઈક ખરીદ્યું તેને સારો એવો નફો મળ્યો. પરંતુ જે લોકો વધારે નફાની આશાએ લાલચમાં રહ્યા તે ધોવાઈ ગયા. બજારમાં જે લોકો પાસે વ્યાપક પૈસા છે તે ઉઘાડી લૂંટ ચલાવી રહ્યા છે. બે દિવસ બજાર નીચે તો બે દિવસ ઉપર. વેચે તે પણ સરવાળે ફસાય અને લે તે પણ ફસાય. ૦૧ ફેબ્રુઆરીનાં નિફ્ટીનો બંધ ૪૮૯૯.૭૦ હતો અને છેલ્લે શુક્રવારે ૪૮૪૪.૯૦ છે. ખાસ કોઈ વધઘટ મોટી નથી છતાં બંને તરફી મોટો સ્વીંગ જોવાયો છે જેમાં ઊંધા ફસાય તેને મોટી નુકસાની થઈ જાય.***

***આવતા સપ્તાહ માટે નિફ્ટીમાં ૪૭૫૦નો મેજર સપોર્ટ ધ્યાનમાં રાખવો એ તૂટતાં મોટી વેચવાલી આવી શકે. તથા ૫૦૫૭ નો મોટો અને મુખ્ય રેસીસ્ટન્સ ધ્યાનમાં રાખવો. એ પાર થતાં મોટો સુધારો શક્ય બને પરંતુ બજેટ પહેલાં બધાં સાવચેતી રાખશે તેથી માર્કેટમાં મોટા સુધારાની કોઈ આશા દેખાતી નથી. ટેક્સટાઈલના ક્ષેત્રની સારી કંપનીઓમાં ઘટાડે બજેટ લક્ષી ખરીદીની શક્યતાઓ છે.***

# ચંચળતા ભર્યું સપ્તાહ, આગામી સપ્તાહ વધુ ચંચળતા ભર્યું

**તા. ૨૦.૦૨.૨૦૧૦**

**આગામી સપ્તાહ ઘણું અગત્યનું**

ગત સપ્તાહ ઘણું જ ચંચળતાપૂર્ણ રહ્યું, પરંતુ કહેવું જોઈએ કે આગામી સપ્તાહ ઘણા સમાચારોથી છવાયેલું રહેશે અને તેથી આ સપ્તાહ ઘણું વધારે ચંચળતાભર્યું રહેશે. આવનાર સપ્તાહમાં ત્રણ અગત્યના પ્રસંગો આવી રહેલ છે, આગામી સપ્તાહ રેઈલ બજેટ સાથે શરુ થશે, આ પછી ગુરુવારે ફેબ્રુઆરી સીરીજ એક્ષપાયરી આવશે અને છેલ્લે આવશે ખૂબ જ આતુરતાથી જેની રાહ જોવાઈ રહેલ છે તે નાણાકીય પ્રસંગ યુનિયન બજેટ. બધાની નજર હાલ તો શ્રી પ્રણવ મુખરજી પર જ છે કે તેઓ હવે ભારતીય અર્થતંત્રને કયા રૂટ પર લઈ જનાર છે, શું હજુ પણ ફૂગાવામાં વૃધ્ધિ જનાર છે કે પછી નાણામંત્ર પહેલાં ફૂગાવાને નાથવાનું પસંદ કરનાર છે. રેલવે બજેટમાં હંમેશની માફક ટેમ્કો, ટીટાગઢ વેગન, કાલીન્દી રેઈલ,સ્ટોન ઈન્ડિયા, બીઈએમએલ, સિમેન્સ વગેરે પર ધ્યાન કેન્દ્રિત કરી શકાય. જ્યાં સુધી યુનિયન બજેટને સંબંધ છે, સંરક્ષણ બજેટ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. એમ કહેવાય છે કે સંરક્ષણ બજેટ ૧૫ થી ૨૦ ટકા જેટલું વધારવામાં આવશે, તો બેલ, ભેલ, નેલ્કો અને એસ્ટ્રામાઈક્રો પર ખાસ


## લાયન રો'ર

લાયન
roar_lion@yahoo.com


ધ્યાન રાખો.

**ફેડ દ્વારા અચાનક રેટમાં વૃધ્ધિ**

અનઅપેક્ષીત રીતે ફેડ દ્વારા ડીસ્કાઉન્ટ રેટમાં ૨૫ બેઝીક પોઈન્ટથી વૃધ્ધિ કરીને ૦.૭૫ બેઝીક પોઈન્ટ કરવામાં આવી, જેણે વૈશ્વિક બજારોને આશ્ચર્યચકિત કરી દીધાં પરિણામ સ્વરુપ, એશિયાના બજારો નબળાં ટ્રેડ થયાં અને બજારો ખૂબ જ સારી રીતે રગદોળાઈ ગયાં. આ ફેડ દ્વારા લેવામાં આવેલ પગલું અરૂચીકર રીતે લેવામાં આવ્યું અને આ ઈન્ટરેસ્ટ રેટને કારણે મેટલ સ્ટોક તિવ્ર રીતે ગબડયા. આ બાબત, તેમના રાહત પેકેજને પાછું ખેંચવાના પ્રથમ સોપાન તરીકે જોવામાં આવી રહેલ છે. આપણા નાણામંત્રી માટે રાહત પેકેજનો કેટલો ભાગ પાછો ખેંચવાનું સહેલું બની રહેલ છે. આઈઆઈપી ડેટા એ દર્શાવી રહેલ છે કે ભારતીય કંપનીઓ મજબૂત વિકાસના પંથે આગળ વધી રહેલ છે. બીજી બાજુ જોઈએ તો, રાહત પેકેજના કોઈ પણ ભાગને પાછો ખેંચવાની બાબત લાંબા ગાળાનો વિચાર કરીને હકારાત્મક લીધે લેવાની જરૂર છે કારણ કે તે દર્શાવે છે કે હવે અર્થતંત્ર સાચી દીશામાં ગતિ કરી રહેલ છે.

**અનઅપેક્ષિત અપેક્ષા કે ફરી એક વાર પ્રણવ મુખરજીનો સમય આવેલ છે.**

ટેકનીકલ તરફ નજર કરીએ તો સ્પષ્ટ પણે જણાઈ આવે છે કે ખૂબ જ ટૂંકા ગાળા માટે નકારાત્મક બાયસ છે અને મહત્વની સપાટી પસાર કરવી મુશ્કેલ લાગે છે. ઉપર તરફ નિફ્ટી ૪૯૫૦ની પ્રતિકારક સપાટી અને નીચે તરફ ૪૭૦૦ નો ટેકો ધરાવે છે. જો આ બંનેમાંથી કોઈ પણ એક સપાટી તૂટે તો તે તરફ મજબૂત ગતિ જોવા મળી શકે. તો ફરી પ્રતિકારક સપાટી નીચે આવી શકે, તેથી દરેક અપેક્ષા રાખી રહેલ છે કે નાણામંત્રીશ્રી કંઈક અનઅપેક્ષિત કરીને શેર બજારને આંચકો આપશે. ગત સમયે તેઓએ બધું તેઓ માટે જ કરેલ હતું અને બજેટ કોઈ પણ નવીનતા વગરનું હતું. આ સમયે તેઓ રાહત પેકેજનો કયો ભાગ પાછો ખેંચવા માટે તેમ જ પીએસયુ ડીસઈન્વેસ્ટમેન્ટને ફાસ્ટ ટ્રેક પર મુકવામાં દ્વીધા અનુભવી રહેલ છે. બીજી બાજુ, તેઓ બીજા ગૌણ પ્રશ્નો અંગે મજબૂતાઈ દર્શાવવા ચાહે છે અને નાણાકીય ખાદ્ય પુરી કરવા માગે છે. આપણે જોઈએ, હવે શું થાય છે. શક્ય છે કે તેઓએ પહેલાં જે કર્યું તે આ વખતે પણ કરે. આ બાબતે ચૂપ રહે. હવે યુનિયન બજેટ માટે સ્ટેજ તૈયાર થઈ રહેલ છે.

**અનુસંધાન ૩ પાને**

### ગત સપ્તાહની ભલામણો પર એક નજર

| STOCK | Reco. Price | Tgt | Reached |
|---|---|---|---|
| Buy McDowell | 1301 | 1337 | 1359 |
| Buy HeroHonda | 1690 | 1728 | 1725 |
| Buy UltraTech | 1000 | 1055 | 1059 |
| Buy Texmaco | 162 | 174 | 169 |
| Buy Alok Ind | 26.90 | 27.95 | 27 |

### સૂચકાંકો (ઈન્ડેક્ષ)ની સપાટી

| | S3 | S2 | S1 | CLOSE | R1 | R2 | R3 |
|---|---|---|---|---|---|---|---|
| Nifty | 4538 | 4675 | 4766 | 4844 | 4929 | 4996 | 5067 |
| Sensex | 15330 | 15651 | 15982 | 16191 | 16480 | 16635 | 16868 |

### આગામી સપ્તાહ માટે ભલામણ

**આગામી સપ્તાહ બજેટનું સપ્તાહ હોઈ બજારમાં ખૂબ જ ચંચળતાની અપેક્ષા છે પરિણામસ્વરૂપ અમે તમારા વ્યાપારને હેઝ કરવાની સલાહ આપીએ છીએ. આ સપ્તાહ માટે જોડીનો વ્યૂહ અપનાવી શકાય.**

| PAIR NO. | | STOCK | CMP | SL | TGT - 1 | TGT -2 |
|---|---|---|---|---|---|---|
| 1 | BUY | TITAN | 1811 | 1789 | 1850 | 1883 |
| | SELL | REL INFRA | 1003 | 1023 | 975 | 951 |
| 2 | BUY | IRB | 259 | 255 | 267 | 275 |
| | SELL | ROLTA | 180 | 184 | 175 | 168 |
| 3 | BUY | IOC | 321 | 316 | 330 | 340 |
| | SELL | RELIANCE | 983 | 994 | 969 | 950 |